# વિશ્વવિહાર

વર્ષ : 25 * અંક : 7 * એપ્રિલ 2023 * કિં. ₹ 15



ધીરુબહેન પટેલ




નિરૂપાબહેન શાહને સમાજ-ઉત્કર્ષ ઍવૉર્ડ અર્પણ કરતા ડૉ. ભરતભાઈ ભગત
તથા મનસુખભાઈ મેદાણી, કુમારપાળ દેસાઈ અને રમેશ તન્ના




ધીરુબહેન સ્મરણોત્સવમાં વક્તવ્ય આપતાં શ્રી નિર્મળાબહેન સુકેતુભાઈ પટેલ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.

**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# મારો વિશ્વકોશ પરિવાર

**– ડૉ. કુમારપાળ દેસાઈ**

મુંબઈમાં કાંદિવલીમાં યોજાયેલી ગુજરાત સાહિત્ય પરિષદમાં ૨૦૦૫ની ૨૩મી ડિસેમ્બરે 'કલાગુર્જરી' અને પરિષદના સંયુક્ત આયોજનમાં ધીરુબહેન પટેલના હસ્તે સાહિત્યસર્જન માટે મને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય સુવર્ણચંદ્રક એનાયત થયો, ત્યારથી એમની સાથેના પરિચયનો પ્રારંભ થયો. એ પછી મુંબઈમાં માનવસેવાનાં કાર્યો કરનાર 'અનુકંપા ટ્રસ્ટ'નો એક કાર્યક્રમ હતો. એમાં અતિથિવિશેષ તરીકે આવવાનું મારું આમંત્રણ એમણે સ્વીકાર્યું અને હૃદયસ્પર્શી વક્તવ્ય આપ્યું. એક અનન્ય સર્જકની સહજતા અને સંવેદનશીલતાનો સહુને અનુભવ થયો. ટ્રસ્ટીને માનવસેવાના કાર્ય માટે સારી એવી રકમનો ચેક પણ આપતાં ગયાં. એમનાં સાદાઈ, સૌજન્ય અને આત્મીયભાવ સહુને સ્પર્શી ગયાં.

મુંબઈમાં યોજાયેલા એક કાર્યક્રમ વખતે ધીરુબહેન પ્રમુખ હતાં અને વર્ષા અડાલજાનું તથા મારું પ્રવચન હતું. ગુણવંતરાય આચાર્ય અને જયભિખ્ખુ મિત્રો હોવાને કારણે નાનપણથી વર્ષાબહેનનો પરિચય હતો એટલે એમણે કાર્યક્રમમાં જરા રુઆબભેર મને કહ્યું, 'જુઓ, આ સાડી કેવી સરસ છે ! ધીરુબહેને મને ભેટ આપી છે.'

એટલે મેં તરત મજાક કરતાં ધીરુબહેનને કહ્યું, 'તમારાથી આવો અન્યાય ન થાય.' અને બીજે દિવસે અંધેરીમાં જ્યાં ઊતર્યો હતો, ત્યાં ધીરુબહેન આવ્યાં અને સફારીનો પીસ આપી ગયાં. એમની આવી લાગણી જોઈને તો હું સ્તબ્ધ થઈ ગયો. આવાં સમર્થ લેખિકા આટલો બધો ભાવ રાખે એ જોઈને ગળગળો થઈ ગયો.

એ પછી તો મુંબઈ ઍરપૉર્ટ પર ફ્લાઇટમાંથી ઊતરીને ગાડીમાં બેસું એટલે મને લેવા આવેલો ડ્રાઈવર સામદેવ પૂછે, 'સાહબ, પહલે વો રાઇટરજી કે વહાં ચલેંગે ન.'

અને પછી તો મુંબઈ પ્રવેશતાં શ્રીગણેશ ધીરુબહેનના નિવાસસ્થાનેથી થતા રહ્યા. એ સમયે એમના મનમાં દ્વિધા હતી કે કોઈ અલાયદો ફ્લૅટ લઈને મુંબઈમાં રહેવું કે પછી અમદાવાદ રહેવા આવવું. મેં એમને આગ્રહ કર્યો કે,'તમે અમદાવાદ આવો અને તમને આનંદ સિવાય બીજું કંઈ નહીં મળે.'

ધીરુબહેન પટેલ મુંબઈથી અમદાવાદ આવ્યાં અને ત્યારે એમના મનમાં એમ થતું હતું કે મુંબઈના વિશાળ મિત્રવૃંદનો અઢળક પ્રેમ છોડીને આવું છું. અહીં મને એવો પ્રેમ પુનઃસંપાદિત થશે ખરો ? અને એ વિશ્વકોશમાં આવ્યાં. ધીરુભાઈ ઠાકર, ચંદ્રકાન્ત શેઠ અને અમારી સાથે એવાં ભળી ગયાં કે એમનું મન વિશ્વકોશમાં ઠર્યું અને અમદાવાદ ગમ્યું. તેઓ કહેતાં કે અમદાવાદમાં મને મારું ઘર અને મારો પરિવાર મળી ગયાં છે અને તે છે 'વિશ્વકોશ પરિવાર.'

ધીરુબહેનના મનમાં કોઈ વિચાર કે આયોજન સ્ફુરે એટલે તરત જ એમનો ફોન

આવે અને એમના વિચાર તથા આયોજન વિશે વિસ્તૃત વાત કરે. એ પછી થોડી વારે એ આયોજનમાં કોની કોની સાથે વાત થઈ, એની પણ વિગતે વાત કરે. એમના વિચારોમાં ભારોભાર નાવીન્ય. ઘણી વાર તો અંધારિયા કૂવામાં ઝંપલાવતાં હોય, તેમ આપણને લાગે, કોઈ અજાણી દિશાની સાહસયાત્રા લાગે. માતૃભાષા માટે એમને અગાધ પ્રેમ ખરો, પરંતુ ઘણી વાર વર્તમાન પરિસ્થિતિ જોઈને અમે એમના વિચારોની બાબતમાં નિરાશાનો સૂર કાઢીએ, પણ ધીરુબહેન એટલે ધીરુબહેન. માતૃભાષાના સંવર્ધન માટે નવા વિચારનું સર્જન કરે અને એને સફળતાથી પાર પાડે.

ધીરુબહેનને કુદરત સાથે ગાઢ નાતો. એમને મન કુદરત એ જીવંત, ધબકતું, વાતચીત કરતું અને મોજમસ્તી કરાવતું વિશ્વ. માણસ સાથે પ્રકૃતિનો અનુબંધ સર્જનારા સર્જક તો ઘણા હોય, પણ ધીરુબહેને પ્રકૃતિ સાથે પ્રકૃતિનો અનુબંધ રચી આપ્યો. અમદાવાદ આવ્યાં અને એમણે વિશ્વકોશમાં આવવાનું નક્કી કર્યું, તો એમણે પહેલું કામ જુદાં જુદાં ફૂલના છોડ લાવવાનું કર્યું અને પછી ભવનના મુખ્ય દ્વાર પાસે વ્હિલચૅર પર બેસીને માળીને એ છોડનું જ્ઞાન આપે, કઈ રીતે માવજત કરવી તેની સલાહ આપે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| મારો વિશ્વકોશ પરિવાર | ૩ | કુમારપાળ દેસાઈ |
| વહાલના વિસામાનો વડલો | ૮ | વર્ષા અડાલજા |
| વાત્સલ્ય અને સર્જકતાથી ભર્યાં ભર્યાં | ૧૪ | શ્રદ્ધા ત્રિવેદી |
| સદા સ્મરણીય | ૧૭ | રક્ષા મ. વ્યાસ |
| આનંદની છોળો અને છલોછલ જીવન | ૧૮ | પ્રીતિ શાહ |
| ચિરયુવા ધીરુબહેન | ૨૦ | લતા હિરાણી |
| મૃદુનિ કુસુમાદપિ – ધીરુબહેન પટેલ | ૨૨ | ગિરિમા ઘારેખાન |
| સર્જકપ્રતિભાનાં માળી | ૨૬ | અંજના ભગવતી |
| આશ્ચર્ય તો કેટલું ! | ૨૮ | અલ્પા શાહ |
| મારાં ધીરુબહેન | ૨૯ | અમિતાભ મડિયા |
| હૃદયસ્થ ધીરુબહેન | ૩૧ | નલિની દેસાઈ |
| દોડીને આવીશ.... | ૩૩ | જસુભાઈ કવિ |
| માતૃભાષા માટેનો લગાવ | ૩૫ | પિંકી પંડ્યા |
| ગુજરાતી લૅક્સિકનનું પ્રેરણાબળ | ૩૭ | મૈત્રી શાહ |
| બૅન્કિંગ ક્ષેત્રે કટોકટી | ૩૮ | પ્રવીણ ક. લહેરી |
| ભોજા ભગતની અમરવાણી | ૪૧ | વસંત ગઢવી |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૪૩ | ભદ્રાયુ વછરાજાની |
| બિગ ડેટા : વપરાશકર્તાનું ડિજિટલ પગેરું ! | ૪૬ | હર્ષ મેસવાણિયા |
| વિશ્વકોશવૃત્ત | ૪૯ | – |

એમના સાહિત્ય-સર્જનનો વિચાર કરીએ તો 'વડવાનલ', 'વાવંટોળ', 'શીમળાનાં ફૂલ', 'વમળ', 'ગગનનાં લગન', 'કાદંબરીની મા', 'એક ફૂલગુલાબી વાત', 'એક ડાળ મીઠી', 'પેઇંગ ગેસ્ટ', 'સંશયબીજ', 'અતીતરાગ', 'અનુસંધાન', 'કોશેટો અને પતંગિયું' જેવી નવલકથાઓનું સર્જન કર્યું. છેલ્લી નવલકથા એમણે મને અને મારાં પત્ની પ્રતિમાને અર્પણ કરી હતી. તબિયત ઘણી અસ્વસ્થ હતી, પણ એકાએક ગાડીમાં બેસીને ઘેર આવ્યાં. આંગણામાં જ ગાડી ઊભી રાખી. પુસ્તકની આગળ હસ્તાક્ષર કર્યા અને ગાડીમાં બેઠાં બેઠાં જ સાથે આઈસક્રીમ લાવ્યાં હતાં એ ખવડાવ્યો.

એમની પાસેથી 'આંધળી ગલી', 'આગંતુક' (પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ) જેવી કુલ છ લઘુનવલ મળી. પાંચ વાર્તાસંગ્રહો, ચાર નાટક, ત્રણ રેડિયો-નાટક, બે હાસ્યકથા, કિચન પોએમ્સ, નિબંધો, અનુવાદ અને સંપાદન મળ્યાં. ધીરુબહેન પાસેથી ૧૮ જેટલી બાળસાહિત્યની કૃતિઓ મળી અને ગુજરાતી ભાષામાં ઉત્તમ બાળસાહિત્ય પ્રગટ થાય એવી એમની ખેવના સ્વયંસર્જિત બાળસાહિત્ય દ્વારા તો પ્રગટ થઈ, પરંતુ એમણે કેટલીય લેખિકાઓને પ્રોત્સાહન આપ્યું અને જુદી જુદી સ્પર્ધા દ્વારા બાળસાહિત્ય-સર્જનની પ્રવૃત્તિને વેગ આપ્યો અને છતાં એમ કહેતાં કે 'નાની ધીરુ'એ માંગી લીધેલાં વચન પૂરાં કરવાનાં બાકી છે ! એટલે બાળસાહિત્યના સર્જન અને ઉત્તેજન બંને માટે એ અહર્નિશ જાગૃત અને પ્રયત્નશીલ રહ્યાં.

એમણે વિચાર્યું કે, 'ગુજરાતી ભાષામાં લાંબી કિશોરકથાઓ બહુ ઓછી લખાય છે એટલે દોઢસો પૃષ્ઠની મર્યાદામાં કિશોરકથાની સ્પર્ધા યોજવી જોઈએ.' અમને એમ લાગ્યું કે જ્યાં બાળસાહિત્યની સ્પર્ધામાં બહુ ઓછા લેખકો ભાગ લે છે, ત્યાં વળી આ લાંબી કિશોરકથા કોણ લખશે ? પણ એમણે તો આ વિચારની સાથોસાથ એને સાકાર કરવા માટે એવા અવિરત અને પ્રેરક પ્રયત્નો કર્યા કે એને પરિણામે કુલ ૮૮ જેટલી દીર્ઘ કિશોરકથાઓ મળી !

એક સવારે ધીરુબહેનને વિશ્વકોશમાં 'વિશ્વા' દ્વારા બહેનોની સર્જનશિબિર યોજવાનો વિચાર આવ્યો અને એ વિચારને કઈ રીતે કાર્યાન્વિત કરવો એને માટે એમના બે ફોન આવી ગયા. કોઈ પણ કાર્ય હાથમાં લે, ત્યારે એમાં પોતાનો જીવ રેડી દે. એને માટે ઘણી વ્યક્તિઓને ફોન કરે, એમાં સામેલ થવાની તૈયારીની પૃચ્છા કરે. એ પછી લખવાની પ્રેરણા આપે અને અંતે એમનો અત્યંત વિચિત્ર લાગતો વિચાર કાર્યસિદ્ધિમાં ફેરવાઈ જાય.

આ એવાં સર્જક હતાં કે જેમની પાસે નિર્ભાર જીવન, સાહિત્યની મુક્ત હવા અને આધ્યાત્મિકતાનું વિશાળ જગત હતું. રમણ મહર્ષિના પ્રત્યક્ષ દર્શને થયેલા અનુભવની એમને મુખે વાત સાંભળવા મળી, એનો રોમાંચ હજી શમ્યો નથી. એમણે વિશ્વકોશમાં જે બહેનોએ અગાઉ કશું સાહિત્યસર્જન કર્યું ન હોય એમને માટે લેખન-શિબિર રાખી. સાહિત્યમાં 'માળી'નું કાર્ય કર્યું. કોઈનામાં સર્જકતા જુએ એટલે એને બોલાવે. માર્ગદર્શન આપે. 'પ્રબુદ્ધજીવન' સામયિકનાં તંત્રી તરીકે ડૉ. સેજલ શાહની ક્ષમતા જોઈને એને રૂબરૂ બોલાવીને ધન્યવાદ આપ્યા હતા. ધીરુબહેનના અક્ષરો સુઘડ અને ભાષાની નિસબત તો એવી કે જોડણીની એક ભૂલ પણ ન ચલાવે.

કેટલી બધી વ્યક્તિઓની સર્જકતાને સંકોરતાં રહ્યાં છે... વર્ષાબહેન અડાલજા, ગિરિમા ઘારેખાન, પ્રીતિ જરીવાલા અને બીજાં કેટલાંય ! પોતીકી શબ્દસૃષ્ટિનાં વિધાયક ધીરુબહેન પાસે સરળ ભાષા દ્વારા ગહનને સ્પર્શવાની અનોખી સર્જકપ્રતિભા હતી. લૉકડાઉનના સમયે જ્યારે કશું થઈ શકે તેમ નહોતું, ત્યારે એમણે 'વિશ્વા' દ્વારા સાંકળકથાનું આયોજન કર્યું. એક કથા એક લેખિકા કહે અને પછી એને બીજી લેખિકા આગળ વધારે. આવી પહેલી સાંકળકથામાં કુલ ૧૩ બહેનોએ ભાગ લીધો. લૉકડાઉનની પરિસ્થિતિ લાંબી ચાલી, આથી બીજી સાંકળકથા શરૂ કરી, જેમાં ૧૬ બહેનોએ ભાગ લીધો. ગુજરાતમાં બાળનાટકોનો દુકાળ, ત્યારે એમણે બાળનાટકની સ્પર્ધા યોજવાની હામ ભીડી અને ૨૭ જેટલાં બાળનાટકો મળ્યાં. તો આચાર્યશ્રી અનિલભાઈ રાવલના સહયોગથી એક અનોખું આયોજન કર્યું. એમાં ૧૩ જેટલાં બાળકોને જુદા જુદા બાળસાહિત્યકારોનાં પુસ્તકો આપ્યાં અને એમને એ બાળસાહિત્યના પુસ્તકના લેખકની ઉપસ્થિતિમાં બાળકોને વાચક તરીકે એમનો અભિપ્રાય આપવાનું કહ્યું. ગુજરાતી કવિઓએ રચેલા ગરબાનું આયોજન કર્યું. આમ સતત કોઈ ને કોઈ મૌલિક વિચાર કરતાં રહે, એને સાકાર કરવા માટે પ્રયત્ન કરે અને પછી જરૂર પડે તો ફોનથી પણ બધાને યાદ કરાવતાં રહે.

આનંદ અને અધ્યાત્મથી જીવનારાં ધીરુબહેનને કોઈ પૂછતું કે તમે લગ્ન કેમ નથી કર્યાં ? ત્યારે એ બાળપણનું એક સ્મરણ કહેતાં. એ નાનાં હતાં ત્યારે એમના કાકાના દીકરાનો બાબો ખૂબ રડતો હતો. આથી એમનાં પત્નીને પાંચેક વર્ષનાં ધીરુબહેને સવાલ કર્યો, 'આ તે કેવી ઉપાધિ ?'

ત્યારે ઉત્તર મળ્યો કે, 'પરણીએ તો આ બધું તો હોય જ.'

પાંચેક વર્ષનાં ધીરુબહેને કહ્યું, 'તો નહોતું પરણવું જોઈતું.'

ત્યારે એમનાં ભાભીએ કહ્યું, 'અમે ભૂલ કરી, તમે ન પરણતાં.' અને પછી તો નાનપણથી ખાતરી થઈ ગઈ હતી કે હું લેખક છું, પછી પરણું શું કામ ?

ધીરુબહેન પાસે એક આગવો મિજાજ હતો. સહુની વાત સાંભળે, સામાજિક પ્રશ્નોમાં સલાહ પણ આપે, એમના કહ્યા પ્રમાણે લેખનકાર્ય ન કરે તો એને હળવો ઠપકો પણ આપે, કોઈ આયોજન કરે પછી છેલ્લે એમ કહે કે, 'આમાં તમારી સંમતિ હોય તો જ આ આયોજન કરવું છે.' આપણને સામે ચાલીને હસતે મુખે સંમતિ આપવાનું મન થાય. એ કોઈથી બંધાતાં નહીં, પોતે અગાઉ જે પ્રકારે સર્જન કર્યું છે, એ પ્રકારે સર્જન કરવું એવું કદી સ્વીકારતાં નહીં. એ ખાદી પહેરતાં. એમનાં માતા ગંગાબહેનનું જીવન તો મહાત્મા ગાંધીજીના વિચારોથી પ્રગાઢ રીતે રંગાયેલું હતું, પણ ધીરુબહેન ગાંધીવાદી પણ નહીં અને નારીવાદી પણ નહીં. આત્માની મોકળાશ અને માનવસ્વાતંત્ર્યની અભિવ્યક્તિ એ બે જ એમનાં લક્ષ્ય. 'આગંતુક'નો નાયક ઈશાન એમની જીવન-સાધનાનું ફરજંદ લાગે. એમનાં માતા ગંગાબહેને કહ્યું હતું કે, 'લોકોની દરકાર કરે એનાથી લેખિકા ન થવાય.' એ વાત એમણે યથાર્થપણે જાળવી, એમ કહી શકાય.

અને સાચે જ જીવનભર એક સર્જકની મોજમસ્તીથી ધીરુબહેન કામ કરતાં રહ્યાં. ક્યારેક બે બે વર્ષ સુધી લખ્યું ન હોય અને ક્યારેક પાંચ-સાત દિવસમાં આખું પુસ્તક લખાઈ જાય. લખતી વખતે એક પ્રકારનું જોશ અનુભવે. જાણે બહારની કોઈ દુનિયા છે જ નહીં અને પોતે માત્ર એક જ કામ માટે જીવે છે અને તે લેખન માટે. તાવ આવે તોપણ એની ફિકર કર્યા વિના લખ્યા કરે. લખતી વખતે મનને મુક્તવિહારની એવી મોકળાશ આપે કે જે લખાય તે લખે. એક શબ્દ લખે અને એ પછીના બીજા શબ્દનો મનમાં કોઈ વિચાર હોય નહીં. એ બીજો શબ્દ આવે ત્યારે ધીરુબહેન ખુશખુશાલ થઈ જાય.

'ભવની ભવાઈ' ફિલ્મમાં લેખક, સંવાદલેખક અને ગીતકાર – એમ ત્રેવડી ભૂમિકા ભજવી. આ ફિલ્મના સંવાદલેખન માટે ધીરુબહેનને પારિતોષિક મળ્યું. કોઈ નાટ્યદિગ્દર્શક આવીને એમ કહે કે કોઈ એક ગીત આપો અને થોડા સમયમાં જ ધીરુબહેન પાસેથી ગીત મળી જાય. 'ઘેર ઘેર માટીના ચૂલા' ફિલ્મનું સર્જન થતું હતું, ત્યારે એક દિગ્દર્શકે એમાં એક ગઝલ રાખવાનો આગ્રહ રાખીને ધીરુબહેનને ગઝલ લખવાનું કહ્યું. અગાઉ એમણે એકેય ગઝલ લખી નહોતી, પણ પડકાર હોય ત્યારે પાછાં પડે તો ધીરુબહેન શાનાં !

'જસ્ટ ફોર એ ચેન્જ' એમણે હાથમાં કલમ પકડી અને માત્ર ગણતરીના કલાકોમાં ગઝલ લખી નાખી. યેસુદાસના કંઠે ગવાયેલી એ ગઝલ 'બસ, એક વેળા નજરથી નજર ટકરાય જો તારી નજર, તણખા ઝરે કે ફૂલડાં એ ફેંસલો મંજૂર છે.' એમને આ ફિલ્મને માટે શ્રેષ્ઠ ગીતકારનો ઍવૉર્ડ પણ મળ્યો !

વિશાળ સાહિત્ય-સર્જન કર્યું અને એની સાથે બીજાં કેટકેટલાં કાર્યો કર્યાં. અંગ્રેજી ભાષાનાં અધ્યાપક, જન્મભૂમિ ગ્રૂપના મહિલા સામયિક 'સુધા'નાં તંત્રી, લેખિની, વિશ્વા, એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ, સર્જનશિબિર, બાળકો માટે પુસ્તકાલય, માતૃભાષા માટે કાર્યશિબિર, ગુજરાતી લૅક્સિકનનું સ્વપ્ન સાકાર કરવા માટે શ્રી રતિલાલ ચંદરયાને પૂરાં પાડેલાં પ્રેરણા અને પીઠબળ, વિશ્વકોશનું ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર – આમ કેટકેટલાં ફલક પર એમણે કાર્ય કર્યું છે !

સાધક અને સર્જકમાં એક બાબત સમાન હોય છે. મનમાં એક ચિનગારી પ્રગટે અને જીવન પ્રત્યેની દૃષ્ટિ બદલાઈ જાય છે. એક વાર પથ્થરથી ભરેલા ખટારા પર ખુલ્લા શરીરવાળા માણસની પરસેવે રેબઝેબ કાળી ચામડી જોઈને ધીરુબહેનને એટલો બધો તાપ લાગ્યો કે કેમેય રહેવાય નહીં ! એ અનુભૂતિને છેક સુધી એટલી જ તીવ્રતાથી અનુભવતાં હતાં. એ પછી તો તડકામાં શેકાતા ઘણા દરિદ્ર માનવીઓ જોયા, પરંતુ આવી અનુભૂતિ ક્યારેય થઈ નહોતી. પણ આ ઘટનાએ એમની જીવન પરત્વેની દૃષ્ટિ બદલી નાખી. પોતાના જીવન અને સર્જન બંનેથી તૃપ્ત એવાં ધીરુબહેન કહેતાં કે, 'Life has been very kind to me.'

પોતાના દીર્ઘજીવનના અંતકાળ સુધી ધીરુબહેનની ચેતના એટલી બધી જાગૃત હતી કે જે કોઈ મળવા જાય, તેમની સાથે કલાકો સુધી વાતચીત કરે. ભૂતકાળના અનુભવની કે ભવિષ્યની યોજનાની લથડતી જીભે અને તૂટતા શબ્દો સાથે વાત કરતાં હોય ! એ સર્જકચેતનાને વંદન ! ✱

# વહાલના વિસામાનો વડલો

– વર્ષા અડાલજા

ત્રેપન-ચોપન વર્ષના દીર્ઘ સમયપટ પર પથરાયેલો એક સ્નેહસંબંધ. એ કાળસંદૂકમાં કેવાં મધુર સંભારણાંનો ખજાનો અભરે ભર્યો હોય ! મૃત્યુ ભલે અંતિમ સત્ય હો પણ સ્મૃતિઓની ફિંગરપ્રિન્ટ્સ કદી ભૂંસાતી નથી. તમારા હૃદયમાં એ સ્મૃતિઓની અમીટ છાપ, એ જ તો જીવનભરની સંચિત મૂડી.

હા, ધીરુબહેન એવી વિરલ વ્યક્તિ હતાં, જેમની પાછળ હંમેશાં એક અદૃશ્ય આભા રહેતી. સાચા અર્થમાં ગાંધીવાદી. ગાંધીજીના ખોળામાં રમેલાં, માતા ગંગાબહેને અનેક વાર જેલવાસ ભોગવ્યો અને કસ્તૂરબાની નિકટ. બાળવયે માતાનાં લગ્ન, પણ પિતા ગોરધનભાઈએ એમને ભણાવ્યાં અને પૂર્ણ સ્વાતંત્ર્ય આપ્યું. પછીથી તેઓ અંગ્રેજી, હિંદી, તમિળ ભાષા પણ શીખ્યાં. એ લોહીગત વારસો આજના પ્રદૂષિત વાતાવરણમાં પણ ધીરુબહેને સુપેરે દીપાવ્યો. ક્યારેક જુદી લાગે પણ પોતાની કેડી પોતે જ કંડારી. પોતાની રીતે જીવવું, બાંધછોડ વિના એ કેટલાના નસીબમાં હોય છે !

મેં સમય પસાર કરવા ફૅશનકૉલમથી લખવાનું શરૂ કર્યું, પછી થોડી સાધારણ નવલિકાઓ, એક બે નવલકથા લખી હતી. જન્મભૂમિ ગ્રૂપનું 'સુધા' મહિલાસાપ્તાહિક શરૂ થયું ત્યારે વેણીભાઈ પુરોહિત તંત્રી અને નગેન્દ્ર વિજય સહાયક હતા. વેણીભાઈએ મારા સોશિયોલૉજી વિષયને આધારે 'દીદીની ડાયરી'માં સામાજિક પ્રસંગો લખાવ્યા.

પછી ધીરુબહેન તંત્રીપદે આવ્યાં અને બહેનોને લખતી-વાંચતી કરવાનો યજ્ઞ જ આરંભ્યો. જેમાં જીવનભર ઈંધણ હોમતાં રહ્યાં. જાણીઅજાણી સ્ત્રીઓ, હાઉસવાઇવ્ઝ બધાને સામેથી બોલાવે, હાથમાં પેન પકડાવે, લખવાનો આગ્રહ કરે, દોરવણી આપે- આ માથાકૂટનું કામ ખૂબ આનંદ અને નિષ્ઠાથી કરે. કોઈ લખે, કોઈ ફસકી જાય, કોઈ વાર તો રીતસર માથાનો દુખાવો ! એવા કેટલાયે પ્રસંગોની હું સાક્ષી છું. હું મારી નાની દીકરીઓને બપોરે સુવડાવી હોંશભેર 'સુધા'માં દોડી જાઉં અને 'બોલ મેરે આક્કા'ની અદાથી સામે ઊભી રહું. (જન્મભૂમિભવન મારા ઘરથી સાવ જ નજીક એ પણ આશીર્વાદરૂપ.)

પછી રીતસર આદેશ છૂટે, ફલાણાનો ઇન્ટરવ્યૂ લઈ આવ. હવે ઇન્ટરવ્યૂ કઈ બલાનું નામ છે એ કોને ખબર ! પણ હું તો ઊપડું. (જીવ ચપટીમાં દીકરીઓ પાસે ઘરે.) ઇન્ટરવ્યૂમાં સૂઝી આવે તે પૂછું અને બીજે દિવસે રાત્રે ત્રણ વાગ્યે ઊઠીને લખી નાખ્યું અને ઑફિસમાં હાજર.

એક દિવસ અઘરું એસાઇન્મેન્ટ આપ્યું, માહિમની ખાડીમાં જૈમિની સરકસ છે. એની મહિલા-અંગકસરતબાજોને મળીને તેમના અનુભવો લખી લાવ, હું ઊપડી. ઉનાળાનો ધોમધખતો તાપ, ટૅક્સી-ડ્રાઇવર મને અડધે ઉતારી ગયેલો. ખાડીના કીચડમાં મારી સાડી અને ચંપલ પૂરાં ખરડાયેલાં. તંબુમાં જતાં લંચનો ટાઇમ હતો. તે મને

છોકરીઓએ પ્રેમાગ્રહથી જમવા બેસાડી. બ્રેડ અને રસાવાળું શાક. કોળિયો મોંમાં અને એક છોકરી બોલી, 'દીદી, ફિશકરી કૈસી લગી ?' બાપ રે ! પછી જે મને ઊલટી થઈ છે. મૅનેજરો, ટ્રેઈનરો અમારા માથે જ ભમતા હતા એટલે છોકરીઓએ સારી સારી વાતો કરી.

બીજે દિવસે લેખ લઈ હું હાજર. ફિશકરી અને તકલીફોની વાત કરી તો ધીરુબહેન હસી પડ્યાં, 'આવું બધું તો ભૂલી જવાનું. આપણે શું લખવાનું છે, લખ્યું છે તે જ યાદ રાખવાનું.' કશા ઉપદેશ વિના સર્જનના, જીવનઘડતરના પાઠ પણ હું શીખી.

તો કોઈ વાર મિલિટરી જેવો આદેશ, 'કાલે હાસ્યલેખ જોઈએ.' પણ હું દલીલ કરું, 'હાસ્યલેખ કેમ લખાય ?' 'ન કેમ લખાય ? હાસ્યલેખ લઈને જ હવે આવજે.' 'સુધા'માં જાતજાતની સ્પર્ધા રાખે. મેં પણ હોંશભેર નવલિકાને નામે, આલ્પ્સ પર્વત પર વિમાન તૂટી ગયાની સાચી ઘટના વિશે લેખ જેવું જ લખી નાખ્યું, ઈનામ તો શેનું મળે ! પણ એક બપોરે નવલિકા એટલે શું વગેરે વિશે વિસ્તારથી એક શિખાઉ લેખિકાને સમજાવ્યું. ૧૯૬૭-૬૮થી મારો નિકટનો પરિચય. એ સમયે સાહિત્યની વર્કશૉપ, પરિસંવાદો, સાહિત્યના કાર્યક્રમો મુંબઈમાં બહુ ઓછા. હા, કવિસંમેલન, ડાયરાઓ ખૂબ થતા. જાતજાતની લેખનશિબિર, પત્રકારત્વના કોર્સ પણ નહીં. એવે સમયે 'સુધા' મહિલાઓની પાઠશાળા બની રહી.

આ વખતનો આદેશ જુદો હતો, 'સાત-આઠ પ્રકરણની, લાઘવથી લખેલી નવલકથા લખી લાવ.' લઘુનવલ શબ્દ જ ખબર નહીં! આ તો પડકાર સમું અઘરું એસાઈન્મેન્ટ. નવલકથા રસપ્રદ અને ચીલાચાલુ વિષય નહીં એવો ગર્ભિત ઈશારો.

કદાચ એ પડકાર જ મારા સર્જનની દિશાનું પ્રથમ પગલું હશે ! બે રહસ્યકથાઓ મેં લખેલી, પ્રગટ પણ થયેલી, પણ હપતાવાર પ્રગટ કરવા માટે ધીરુબહેન જેવાનો આદેશ. ઘરે પહોંચી અને રોજ અડધી રાત્રે ઊઠીને આઠ દિવસમાં આઠ પ્રકરણની નવલકથા લખી અને ધીરુબહેનના ટેબલ પર મૅટર મૂકી દીધું, પણ શીર્ષક ગાયબ ! મેં કહ્યું, 'શીર્ષક પાડતાં નથી આવડતું.' એમણે મૅટરનાં એક-બે પાનાં ફેરવ્યાં અને એક વાક્ય નજરે પડ્યું, 'મારે પણ એક ઘર હોય'. આ રહ્યું શીર્ષક. એમણે જાતે મથાળે લખ્યું, જાણે નવલકથાની કિસ્મત લખી. એ નવલકથા 'સુધા'માં પ્રગટ થઈ, ખૂબ પોંખાઈ, અનૂદિત થઈ, સિરિયલો, ફિલ્મ બની અને પરિષદનું પારિતોષિક પણ મળ્યું. એ પારિતોષિક સ્વીકારવા હું આજોલ ગઈ અને ગુજરાતી સાહિત્ય પરિષદ સાથે અનુબંધ થયો. ધીરુબહેન અને કુંદનિકાબહેને સામેથી પુસ્તકમાં આલેખ લખ્યો. પરિષદનું ઈનામ, જીવનનું પહેલું જ ઈનામ. ધીરુબહેન નિમિત્ત.

એ નવલકથા મારા લેખનજીવનની સફરનું પ્રથમ જ સોપાન. નિર્જીવ વસ્તુઓની પણ કેવી કુંડળી હોય છે ! મારામાં વિશ્વાસ મૂકી, જુદું લખવું, સરસ લખવું એવા એમના આદેશે મને દિશા ચીંધી.

અમે ધીમે ધીમે ગુરુશિષ્યામાંથી દોસ્તીની ભૂમિકાએ પહોંચ્યાં હતાં. કેટલીય બપોર



અમે ગપ્પાં મારતાં 'સુધા' માટે નવાં નવાં ફીચર શોધવામાં ગાળી છે. એક દિવસ કહે, 'ચાલ : રહસ્યકથા લખ, આપણે અંગ્રેજી મૅગેઝિનની જેમ 'સુધા'ના છેલ્લા પાને ચિત્રકથા કરીએ.' હું તો તરત તૈયાર. મેં કહ્યું, 'મહિલાસાપ્તાહિક છે તો ચાલો, હીરાના હારની ચોરી કરાવું.' કોણે ચોરી કરી, કઈ રીતે કરી એની મને શું ખબર ! વિચારતી જાઉં, પ્રકરણ લખતી જાઉં, એમાંથી સંવાદ કાઢી આપું ને ધીરુબહેન રૂપમ પાસે ચિત્રો કરાવે. અમારો આ પ્રોજેક્ટ પણ એકદમ હીટ !

એમના મનમાં એક વિચાર ઘોળાતો હતો, ઓછું ને કાચુંપાકું લખતી બહેનો ઘડાય એ માટે કોઈ પ્લૅટફૉર્મ આપે ! ઉષાબહેન મહેતા મુંબઈ યુનિવર્સિટીમાં રહેતાં. ધીરુબહેનનાં પરમ મિત્ર પણ આખું કુટુંબ જાણે એક પરિવાર. અમે ચારપાંચ બહેનો ત્યાં નિયમિત મળતાં, ક્યા કિયા જાય ! એમાંથી 'લેખિની'નો જન્મ. બહેનોની સંસ્થા, બહેનો જ ચલાવે. 'બીજમાં વૃક્ષ તું'ની જેમ આજે લેખિની સંસ્થાએ સરસ કાઠું કાઢ્યું છે. બહેનો લખતી થઈ, પુરસ્કારો મળતા ગયા, મૅનેજમેન્ટની પણ આપમેળે તાલીમ મળી, મૅગેઝિન પણ શરૂ થયું. બહેનોમાં બોન્ડિંગ થયું, જાણે વિશાળ સંયુક્ત પરિવાર. ધીરુબહેનનો સ્વભાવ, કામ સોંપે, પ્રોજેક્ટ શરૂ કરાવે પછી ખસી જાય, ક્રૅડિટ તો લેવાની જ નહીં. બહેનોને લેખનશિબિર કરવા લોનાવલા મોકલે, ખર્ચ એમનો. ખેવના, પ્રીતિને કામ સોંપે પણ પોતે અદૃશ્ય.

સાંતાક્રૂઝનો મઢૂલી સરખો એમનો બંગલો. એ કેટલાય લોકોનું વિશ્રામસ્થાન. કોઈ ને કોઈ એની અંગત સમસ્યા, મૂંઝવણ લઈને આવે, સહુની વાત ધ્યાનથી સાંભળે અને એ પ્રૉબ્લેમ સૉલ્વ કરવા બધું જ કરી છૂટે. એમના સંબંધોનેય કામે લગાડે. સાગરપેટા એવાં કે એ વાત પછી મનમાં જ દાટી, સામી વ્યક્તિનું આબરૂનું એ ઢાંકણ બની રહે. મારા જીવનમાં પણ એક ઘડી આવી, કશું સૂઝે નહીં, મહેન્દ્રની તો વિદાય થઈ ગઈ હતી. જાણે હું ખીણની ધારે ઊભી હોઉં એવી વિષમ પરિસ્થિતિ. સંકટ સમયની સાંકળ ધીરુબહેન.

મેં ફોન કર્યો, તરત કહે, 'પહેલાં શાંત થા, આ વાતનો હલ આમ નીકળે. પછી તરત મને ફોન કર. હું બહાર નથી જતી, હું ફોન પાસે જ બેઠી છું.' એ સમસ્યાની આરપાર હું આખરે નીકળી ગઈ ત્યારે છેવટ સુધી ફોન કરી રિપોર્ટ માગે.

એમના વિશાળ સમભાવી હૃદયના ઘણા પ્રસંગોની હું મુખોમુખ સાક્ષી છું.

મિનળ દીક્ષિત રેડિયોસ્ટેશનનાં ડિરેક્ટર. ધીરુબહેન, મિનળબહેનની પાક્કી દોસ્તી. ધીરુબહેનનાં માતા ગંગાબહેને સાંતાક્રૂઝ સ્ત્રીમંડળ શરૂ કરેલું. ધીરુબહેન પણ એમાં કાર્યરત. સ્ત્રીમંડળ અનેક પ્રવૃત્તિ કરતી સંસ્થા અને વિદ્યાધામ બની ગયું.

એ મંડળમાં કામ કરતી એક નોકરબાઈનો પક્ષ લઈ મિનળબહેને સંસ્થા અને ધીરુબહેન પર લીગલ નોટિસ આપી કેસ જ ફટકારી દીધો. નહીં પૂછપરછ, સીધી નોટિસ. સહુ જાણે, એમાં મહિલા જ વાંકમાં હતી અને મિનળબહેનનું પગલું સાવ ખોટું હતું, પણ ધીરુબહેન આવે સમયે  એકદમ સૌમ્યમૂર્તિ. ન ઝઘડો, ન મનદુઃખ. ઊલટાનું મને ફોન કર્યો, ‘મિનળબહેને સરસ નવલકથા લખી છે, હપતાવાર પ્રગટ થવાની છે. વર્ષા, લેટ્સ અસ સેલિબ્રેટ.’ હૉલ બુક કર્યો. અમે વાત ફેલાવી, ‘બહેનો, આવો અભિનંદન આપવા.’ મને આદેશ, ‘નાસ્તાની પ્લેટ, ગ્લાસ બધું ખરીદીને લેતી આવ, સાથે ત્રીસ ચાળીસ બૉલપેન પણ.’ મેં ખરીદી કરી અને થેલાઓ લઈ લોકલ ટ્રેનમાં હૉલ પર પહોંચી. આનંદમૂર્તિ જેવાં ધીરુબહેન વચ્ચે બેઠેલાં અને બધી બહેનો કલબલતી એમની આસપાસ. મિનળબહેન પણ બનીઠનીને બેઠેલાં. ધીરુબહેને રગડાપેટીસનો ઑર્ડર આપેલો. પ્લેટ ભરી ભરી અમને નાસ્તો કરાવ્યો, મને કહે, ‘દરેક બહેનને બૉલપેન ભેટ આપી દે, બધાયે લખતાં રહેવાનું છે.’

મેં વિયેટનામ વૉર પર નવલકથા લખી હતી ‘આતશ’. મને હોંશ ‘જન્મભૂમિ’ પત્રમાં પ્રગટ થાય. હું એક બપોરે મૅટર લઈ ‘જન્મભૂમિ’નો દાદર ચડતી હતી, લિફ્ટ બંધ હતી અને ધીરુબહેન દાદર ઊતરતાં હતાં. તરત પૂછ્યું, ‘કેમ આવી છે વર્ષા ? તારા હાથમાં શું છે ?’

‘મારી વિયેટનામ વૉરની નવલકથાનું મૅટર છે. તંત્રીને આપવા આવી હતી.’

‘અરે વાહ ! અહીં જ ઊભી રહેજે.’

એ તરત ઉપર ગયાં. થોડી વારમાં પાછાં આવ્યાં. ‘સો સૉરી વર્ષા, મને નવલકથાનું આમંત્રણ હતું, હું મૅટર આપવા જ આવી હતી. મેં તંત્રીને કહ્યું, ‘મારું મૅટર પાછું આપો, તારી નવલકથા લઈ લે,’ પણ એમણે ના પાડી. તારી નવલકથા સારી જ હોય પણ શિવકુમાર જોષીની ‘ઇન્ડોપાક વૉર’ની લાંબી નવલકથા હમણાં જ પૂરી થઈ એટલે બીજી યુદ્ધકથા હમણાં નહીં.

પછી એ વાતનો એમણે બેચાર વાર અફસોસ કરેલો.

એક અત્યંત અંગત પ્રસંગ. આજ સુધી મેં કહ્યો નથી, લખ્યો નથી. શ્રી કનુભાઈ સૂચક એના એકમાત્ર સાક્ષી છે.

‘સુધા’ મહિલા સાપ્તાહિકનાં ધીરુબહેન તંત્રી. ઘણી બહેનોને તક આપી. મારા હાથમાં કલમ આપી. થોડાં વર્ષો પછી એક મોડી રાત્રે મને ફોન, ‘ ‘‘સુધા’’ સાપ્તાહિકનાં તંત્રી તરીકે તમારી નિમણૂક કરવાનું ટ્રસ્ટીબોર્ડમાં નક્કી થયું છે. આશા છે આ પદ સ્વીકારશો અને પરમદિવસે મળી જાઓ.’

હું અને મહેન્દ્ર સ્તબ્ધ, ધીરુબહેનની જગ્યાએ હું ? આમ અચાનક ફોન પર નિમણૂક! લેખિકા તરીકે હું જાણીતી થઈ હતી. થોડી નવલકથાઓ અને એ સમયે પ્રતિષ્ઠિત સોવિયેત લૅન્ડ ઍવૉર્ડ, આટલી મારી પૂંજી. પ્રેસ, તંત્રીપદ કે મૅનેજમેન્ટ વગેરેના કક્કાનોય અનુભવ નહીં, પ્રેસ તો જોયેલું પણ નહીં. પણ એ વાત જવા દો, ધીરુબહેનની જગ્યાએ હું ? ના ના...હા હા... મનમાં અવઢવ. મુંબઈના એક પીઢ સર્જકને ખાનગીમાં પૂછ્યું, તારે જવું જ જોઈએ. લાંબી પીડાદાયક એક ઘટના બની. હું ફફડતા જીવે નિમણૂક સ્વીકારવા ગઈ તો સામે જ ધીરુબહેન ! એમને આ વાતની ખબર જ નહીં! ખુરશીમાં બેસતાં મને ખૂબ પસ્તાવો થયો. પણ હવે શું થાય ?

પણ મહામના ધીરુબહેન અપમાન ગળી જઈ મને બીજે દિવસે અભિનંદન આપવા ઑફિસે આવ્યાં. આ વખતે હું ટેબલની પાછળ એ સામે. એમણે સ્વસ્થતાથી કહ્યું,

'ફોન કરતી રહેજે. તને અહીં જોઈ મને એટલો આનંદ થાય છે.'

કનુભાઈ દંપતી પણ ધીરુબહેનનાં નજીકનાં મિત્ર. મેં એમને કહ્યું, આ પ્રસંગ ભૂલી શકતી નથી. એ વર્ષો દરમિયાન મારી વર્ષા એવો જ પ્રેમભર્યો જ ધીરુબહેનનો વર્તાવ. કનુભાઈને એમણે કહેલું, વર્ષાનો કોઈ જ વાંક નથી, નાની ઉંમરમાં આવું મહત્ત્વનું પદ સામેથી મળે તો એ સ્વીકારે જ ને !

૧૯૮૫માં શિવકુમાર જોષીએ મને કૉલકાતામાં લેખિકાઓનું ત્રણ દિવસનું ભાષાપરિષદનું આયોજન સોંપેલું. મેં ધીરુબહેનને સુકાન સોંપ્યું અને અમે ગીતાંજલિમાં આનંદમંગળ કરતાં કૉલકાતા ગયાં. કાર્યક્રમો સરસ થયા. અમે દક્ષિણેશ્વર પરમહંસની કુટિર અને મા કાલિનાં દર્શને ગયાં. ત્યાં એકાંતમાં મેં એમની માફી માગતાં હું રડી પડી. એમણે તો 'ગાંડી મારી વર્ષા' કહીને ગળે વળગાડી દીધી.

હા, એ જિદ્દી ખરાં તો મનમોજી પણ ખરાં. અચાનક એક સવારે ફોન, 'તું અમદાવાદની બે ટિકિટો લઈ આવ, બસ ફરીશું.' દુરન્તોમાં અમારી ગપ્પાંગોષ્ઠીની સવારી. અમે પાંચ દિવસ જલસા કર્યા, આઈસક્રીમ ખાધો.

મને એમના તરફથી ભેટો મળી છે, સાડીઓ, પંજાબી ડ્રેસ પોતે વાપરતાં એ પારકર પેન. અન્યોને પણ આપે. કેટલીયે વાર મોડી સવારની ટ્રેનમાં એમને ઘરે પહોંચી જાઉં, ટિફિન મંગાવે, જમીને સૂતાં સૂતાં વાતો અને મારાં ઝોકાં. ચાર વાગ્યે ટ્રેનમાં ગિરદી થાય એ પહેલાં હું નીકળી જાઉં.

લખે, એક જ બેઠકે. એક જ વાર. એ જ ફાઇનલ. કેતન મહેતા તો પરિવારનો જ. એક કલમે 'ભવની ભવાઈ' નૅશનલ ઍવૉર્ડ વિનિંગ ફિલ્મ એમણે લખી. ભવાઈ, ગીતો, સંવાદો બધું એમનું જ અને કેતને ધીરુબહેનનું નામ જ ભૂંસી નાંખ્યું. ફિલ્મ ફેસ્ટિવલો, આર્કાઇવ્ઝમાં બધે કેતન મહેતા ! ત્યારે ધીરુબહેને ઇન્ડિયન મર્ચન્ટ્સ હૉલમાં સહુને બોલાવ્યા. આખો હૉલ ભરચક. અમે બે બહેનો પણ એમાં સામેલ. મક્કમતાથી એમણે લેખકોના અધિકાર વિશે જે વક્તવ્ય આપ્યું હતું ! એ દૃશ્ય વર્ષો પછી તાજું થાય છે. ત્યારે ડિજિટલ મીડિયા હોત તો એ વક્તવ્ય, એ દૃશ્યો વાઇરલ થઈ ગયાં હોત.

હું લખતી ગઈ. પુસ્તકો પ્રગટ થતાં ગયાં. હું એમની પાછળ, એમને રણજિતરામ મળ્યો, દર્શક ઍવૉર્ડ મળ્યો. મને મળ્યો. એ પરિષદપ્રમુખ પછી હું.

પણ મને સાહિત્ય અકાદમી ઍવૉર્ડ એમની પહેલાં મળ્યો. એમણે ઊલટભેર એટલા ફોન કર્યા. મને કહે, 'મુંબઈમાં તને ઍવૉર્ડ મળ્યો તોય આટલો સન્નાટો ! હું તારો અભિનંદન કાર્યક્રમ કરીશ.' મેં ના પાડી તોય સરસ મોટેપાયે મારો અભિવાદન કાર્યક્રમ કર્યો. એમણે કહેણ ફરતું કર્યું એટલે મહિલાઓથી હૉલ ભરચક. મને શાલ પોતે ઓઢાડી અને સરસ સાડીની ભેટ, ઉપરથી બહેનોને શીખ, 'મને નહીં વર્ષાને રોલ મૉડલ ગણજો. શિસ્તપ્રિય છે, ખૂબ નિષ્ઠાથી લખે છે. મારું કંઈ નક્કી નહીં, લખું ત્યારે લખું.' એ કાર્યક્રમ યોજે એટલે સ્વખર્ચે નાસ્તો-પાણી તો હોય જ. એમને એકેડેમી ઍવૉર્ડ 'આગંતુક' માટે મળ્યો ત્યારે સુરેશ દલાલે ઝાકઝમાળ ફંકશન કરેલું ત્યારે એવાં જ સ્વસ્થ, શાંત, સફેદ ખાદીની સાડીમાં સ્ટેજ પર.

નવસારીમાં સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર. મને કહે, 'તું મને લઈ જા, પણ આ વખતે ટ્રેનમાં નહીં મોટી ગાડી કર. એમાં લહેર કરતાં ખાતાંપીતાં જઈશું.' હું, ધીરુબહેન, કનુભાઈ-સુશીલાબહેન સૂચક, બીજાં બેએક બહેનો. મેં આરામદાયક ગાડી ભાડે કરી લીધી. સુશીલાબહેને ઘણું ખાવાનું સાથે લીધું પણ ધીરુબહેન આગલે જ દિવસે મુંબઈમાંથી અદૃશ્ય ! અમને કહ્યું પણ નહીં. પછી ખબર પડી - એ અમદાવાદ ગયાં છે. અમે તો ગાડીની મુસાફરી કરી. પાછાં ફર્યાં. એ પણ મુંબઈ આવી ગયાં, પણ હાય હલ્લો સૉરી કશું જ નહીં ! વાંક પૂરો એમનો. હું રિસાઈ. મેં પણ ફોન ન કર્યો. બેત્રણ દિવસ પછી એમના રોજના સવારના ટાઈમે મને ફોન આવ્યો, 'હલ્લો વર્ષા.' એ જ ઉમળકાભર્યો સ્વર. હું હસી પડી. ચલો, યે ભી સહી. મુંબઈ કાંદિવલીમાં પરિષદનું અધિવેશન, એ પરિષદપ્રમુખ. હું, ઉદયન, ધીરુબહેન - અમે કાંદિવલી વ્યવસ્થા જોવા જઈએ. રાત્રે પાછાં ફરતાં અમને સરસ હોટલમાં પ્રેમથી આગ્રહ કરી જમાડે, પછી જ ઘરે જવા દે. કાંદિવલી મારા ઘરથી ખૂબ દૂર. રાત્રે મોડેથી ઘરે પહોંચું કે એમનો ફોન આવે, 'તું સેફલી ઘરે પહોંચી ગઈ ?' હંમેશાં અન્યોની ચિંતા, કાળજી અને ખૂબ વહાલ. ધીરુબહેનનો ફોન હોય તો એ અચૂક પૂછે, 'શું લખે છે હમણાં ?'

સાહિત્યનાં અનેક સ્વરૂપોમાં લખ્યું, ધૂંઆધાર લખ્યું, મનમાં લેખનનો પૂરો આલેખ થાય પછી જ પેન હાથમાં લે, એકધારું અટક્યા વિના લખે. એડિટિંગ, બેત્રણ ડ્રાફ્ટ કશું જ નહીં. જે લખ્યું તે અંતિમ. ધીરુબહેન અષ્ટભુજા મલ્ટિટાસ્કિંગ લેડી, તે પણ ટૅક્નૉલૉજીની સહાય વિના. મોબાઈલ બંધ. એમને ફોન કરવો હોય તો જ કરે. પાસપૉર્ટ ન જ કઢાવ્યો. પરદેશનાં આમંત્રણો સ્વીકારવાની ઝંઝટ નહીં, કુટુંબનાં સંતાનો પરદેશ હોવા છતાં.

એક તેજસ્વી સિતારો ખરે છે ત્યારે પણ તેજનો લાંબો શિરોટો ખેંચતા જતા આકાશને ઝળહળ કરી દે છે. આપણે ત્યાં છૂટા પડતા લોકોને 'બાય બાય' નહીં 'આવજો' કહીએ છીએ એટલે ધીરુબહેન તમને અલવિદા નહીં આવજો કહું છું. વર્તુળાકારે જીવનમાં ક્યાંક, ક્યારેક તો ફરી મળીશું, મળીશું ને !

# વાત્સલ્ય અને સર્જકતાથી ભર્યાં ભર્યાં

– શ્રદ્ધા ત્રિવેદી

વાત્સલ્યમૂર્તિ, સર્જનમૂર્તિ, પ્રેરણામૂર્તિ એવાં ધીરુબહેન પટેલ અમદાવાદમાં આપણી પાસે હતાં તે અમદાવાદના ગુજરાતીપ્રિય સાહિત્યરસિકોનું સદ્ભાગ્ય-ધનભાગ્ય ગણાય.

એવું કહી શકાય કે આદરણીય વિદ્વાન શ્રી ધીરુભાઈ ઠાકરના ગયા બાદ, તેમનું સ્થાન ખાલી ન રહે તે માટે ઈશ્વરે ગુજરાતી સાહિત્યનાં પ્રતિષ્ઠિત, સમર્થ સર્જક, ગુજરાતી ભાષાનાં સમર્થક, માતૃભાષાપ્રેમી, બાળસાહિત્યકાર મુ. ધીરુબહેન પટેલ નામક એક રોપાને મુંબઈથી લાવી અમદાવાદમાં અને તેમાંય ગુજરાત વિશ્વકોશમાં રોપી દીધો, જેણે વિશ્વકોશમાં પછી વડલારૂપ ધારણ કર્યું. આમ આ એક મંગળ ઘટના બની. શ્રી ધીરુભાઈ ઠાકર અને ધીરુબહેન પટેલની ભાવસૃષ્ટિ, વિચારસૃષ્ટિથી વિશ્વકોશની ઈંટેઈંટ પરિપ્લાવિત છે અને કોશકાર્યાલયના સહુ કર્મચારીઓને ચેતનવંતા રાખે છે, હૂંફ આપે છે અને પ્રેરણા આપે છે.

તા ૨૯ મે, ૧૯૨૬માં જન્મ. પિતાનું નામ ગોરધનભાઈ અને માતાનું નામ ગંગાબહેન. પિતા અંગ્રેજી-ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે સક્રિય. માતા ખમીરવંતી નારી. ગંગાબહેન નાનપણમાં પરણી, સાસરે આવી, પતિની ઇચ્છાથી ભણ્યાં. સારાં વક્તા પણ થયાં ને લેખિકા પણ બન્યાં. આમ ધીરુબહેનને શિક્ષણ, દેશપ્રેમ, સંસ્કાર અને લેખનનો સમૃદ્ધ વારસો ગળથૂથીમાંથી મળેલો. માતાપિતાના સંસ્કારવારસાને અને શિક્ષણપ્રેમને તેમણે માત્ર દીપાવ્યો જ નહીં, સવાયો કર્યો. જરૂરી બધી ઔપચારિક કેળવણી લીધી, અંગ્રેજીના અધ્યાપક તરીકે ઉજ્જ્વળ કારકિર્દી પ્રાપ્ત કરી, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદને શોભાવ્યું ને અંતે ગુજરાત વિશ્વકોશને કર્મભૂમિ બનાવી. વિશ્વકોશ અને પોતાનાં સ્વપ્નાં સિદ્ધ કર્યાં. વિશ્વકોશ નિમિત્તે ગુજરાતી ભાષાના સંવર્ધન-સમર્થનમાં પોતે બહુ મજબૂત, નક્કર અને મહત્ત્વનો આધારસ્તંભ બની રહ્યાં.

ધીરુબહેનના જીવનનો અને તે સંદર્ભે તેમનાં લેખનનો વિચાર કરીએ તો એમ કહી શકાય કે જીવનના પ્રલંબ પટ પર તેમણે લેખનકાર્ય કર્યું છે. બાળપણથી જ વૃક્ષો વચ્ચે રહી તેમણે શબ્દ સાથે નાતો બાંધેલો. સર્જકતા તો તેમને ટેરવે વસેલી, તમે કહો તે વિષય ઉપર અને સ્વરૂપમાં તે તત્કાળ લખી દેતાં. (અરે ! છેલ્લે માંદગીને બિછાનેથી પણ તેમણે બાળકાવ્ય લખાવેલું.) ૪૦ વર્ષથી મોટી શિક્ષિત બહેનોને ખાલીપો દૂર કરવા વિશ્વકોશમાં તેમણે 'વિશ્વા' નામની સંસ્થા શરૂ કરાવી. આ બહેનો માટે તેમણે નાટકો લખ્યાં ને બહેનો પાસે તેમની રંગમંચ પર પ્રસ્તુતિ પણ કરાવી. આ સંસ્થા નિમિત્તે તેમણે બહેનોને ઉપયોગી તેમજ વિકસતા સમાજ સાથે તાલ મેળવી શકે તેવા વિષયો પર તજ્જ્ઞ બહેનોનાં વ્યાખ્યાનો ગોઠવ્યાં. સમાજની અનેકવિધ ક્ષેત્રની બહેનો સાથે



**વિશ્વકોશમાં વક્તવ્ય આપતાં ધીરુબહેન**

તેમને ઘરોબો. તેથી વિવિધ ક્ષેત્રની અગ્રણી મહિલાઓના વાર્તાલાપોનો 'વિશ્વા'ની બહેનોને લાભ મળ્યો. વળી આ સંસ્થા નિમિત્તે તેમણે બહેનોને લખતી કરી. બહેનો પાસે વાર્તા, કાવ્ય, નાટક, નિબંધ લખાવ્યાં. બહેનોમાં રહેલી સુષુપ્ત સર્જનાત્મક શક્તિને બહાર લાવવા પૂરતાં ખાતર-પાણી ને તડકો આપ્યાં. બહેનોને પ્રવાસ પણ કરાવ્યો અને સામાજિક સંસ્થાની મુલાકાતે પણ લઈ ગયાં. બહેનોને પોતાના માટે થોડી ક્ષણો જીવતાં શીખવ્યું. તે પોતે તો હંમેશાં 'લીલાંછમ્મ' (એવરગ્રીન) રહેતાં. તેમનો પ્રસન્ન ચહેરો બહેનોને સદાય પ્રેરતો. 'વિશ્વા'ની બહેનો તેમના માતૃભાવને-વાત્સલ્યને ક્યારેય ભૂલશે નહીં.

બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતાં ધીરુબહેનમાં એક બાજુએ જો સ્ત્રીઓના વિકાસની, સ્ત્રીઓની સર્જનાત્મકતાને બહાર લાવવાની ધખના હતી, તો સાથે જ બાળકિશોરો માટેની સાહિત્યની અનિવાર્યતાની પણ ચિંતા હતી. પોતે તો શબ્દનાં સાધક હતાં જ ને તેથી જ માતૃભાષાનું મહત્ત્વ પણ પૂરેપૂરું જાણતાં. તેથી જ બાળકો માટે તે સતત વિચારતાં અને માતૃભાષાના ભવિષ્યને ઉજ્જ્વળ કરવા સતત કાર્યરત રહેતાં. ગુજરાત વિશ્વકોશમાં બાળકિશોર કેન્દ્ર સ્થાપી, તેના નેજા હેઠળ બાળકોને ગમે તેવી પથ્ય પ્રવૃત્તિઓ કરાવતાં. બાળકો પાસે નાટકો કરાવ્યાં, ગીતો ગવડાવ્યાં ને પુસ્તકો વિશે મંતવ્યો રજૂ કરાવ્યાં. તેમની દૃષ્ટિ ખૂબ વિશાળ હતી. તેથી જ પ્રજ્ઞાચક્ષુઓને અલગ ન ગણતાં, મુખ્યપ્રવાહમાં સાથે જ રાખવાનાં તે હિમાયતી હતાં. તેમણે બાળકો માટે નાટ્યસ્પર્ધા કરાવી, તે વાત સિદ્ધ પણ કરી બતાવી. તેમના આ કેન્દ્રની નિશ્રામાં મહિપત કવિ અને સાથીઓ દ્વારા પપેટ શો ભજવાયો, ગાંધીગીતોની પ્રસ્તુતિ થઈ, માતૃભાષા ગૌરવદિન ઊજવાયો, એકાંકીસ્પર્ધા અને શીઘ્રવક્તૃત્વ સ્પર્ધા થઈ, પ્રશ્નોત્તરીનો-ક્વિઝનો કાર્યક્રમ ઊજવાયો અને પરિસંવાદ પણ યોજાયો. આ ઉપરાંત પાંચ-છ પુસ્તકોનું પ્રકાશન થયું. એટલું જ નહીં, વિજ્ઞાનકથાની કાર્યશિબિર

અને કિશોરકથાની લેખન-સ્પર્ધા પણ થઈ. ટૂંકમાં, બહેનો અને બાળકિશોરો માટે તેમણે તન, મન અને ધનથી હૂંફાળો સથવારો સતત આપ્યો ને પ્રસન્નતાનો પમરાટ ફેલાવતાં રહ્યાં. તેમણે પોતે પણ ઉત્તમ પ્રકારનું બાળકિશોર સાહિત્યનું સર્જન કરેલું. ૨૦૧૫નો દિલ્હી સાહિત્ય અકાદેમીનો 'બાલસાહિત્ય પુરસ્કાર' તેમને તેમના સમગ્ર બાળસાહિત્યના પ્રદાન સંદર્ભે અપાયો હતો.

તેમની પાસેથી નવલકથાઓ, લઘુનવલો, નાટકો, વાર્તાઓ વગેરે સત્ત્વશીલ અને ગુજરાતી ગદ્યની તાકાતનો પરિચય કરાવતી ૬૦ ઉપરાંત કૃતિઓ મળી છે. તેમની પાસેથી ઉચ્ચકક્ષાનું, સાચું, મૌલિક બાળસાહિત્ય મળ્યું છે. તેમણે ફિલ્મો માટે પટકથાલેખન કર્યું છે. ગીતો લખ્યાં છે અને કિશોરભોગ્ય, વિશ્વવિખ્યાત કથાઓના અનુવાદો કર્યા છે.

તેઓ માનતાં કે રસ્તો ભલે કાંટાઓથી ભરેલો હોય, પણ જો થોડું કષ્ટ વેઠી લઈશું તો સુગંધિત, રંગબેરંગી ફૂલોનો બગીચો જરૂર મળશે. સતત પુરુષાર્થ સફળતા અપાવે જ છે. તેઓ પોતે સતત સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરતાં અને બીજાને કરાવતાં. તેમના પરિચયમાં આવનાર સહુને તેઓ 'પોતાનાં' લાગતાં. તે પોતે લેખન-સર્જન માટે ઊર્જાસ્રોતરૂપ હતાં. તેમને કારણે કેટલી બધી બહેનો લખતી થઈ !

એક અપૂર્વ ઘટના તેમના સર્જનના સંદર્ભમાં જોઈએ તો ૧૯૯૬માં તેમણે 'આગંતુક' નવલકથા લખેલી. આ કૃતિને દિલ્હી સાહિત્ય અકાદેમીનું ઇનામ પણ મળેલું. તે પછી ૨૦૨૦માં તે નવલકથાનો ઉત્તરાર્ધ લખ્યો. તો પચીસ વર્ષ પછી એક નવલકથાનો ઉત્તરાર્ધ લખાય અને તે લોકપ્રિય-વિદ્વત્પ્રિય થાય તે અદ્ભુત ઘટના છે. ઈશાનનું પાત્ર તેમનાં જીવનમૂલ્યોનો અર્ક રજૂ કરતું, તેમની આધ્યાત્મિક ઊંચાઈને વ્યક્ત કરતું એક વિશિષ્ટ ચિરંજીવ પાત્ર છે.

તેમને ગુજરાતની અને ભારતની અનેક સાહિત્યિક સંસ્થાઓ તરફથી પુરસ્કારવામાં આવ્યાં છે. ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ૨૦૦૨ના વર્ષનો 'ગૌરવ પુરસ્કાર' અર્પણ થયો હતો.

તા. ૧૦-૩-૨૦૨૩ના રોજ તેમનો ક્ષરદેહ પંચમહાભૂતમાં વિલીન થયો. પણ અક્ષરદેહે તેઓ ચિરંજીવ છે - રહેશે. એક વહાલસોઈ વ્યક્તિને, એક ઉત્તમ કોટિનાં પ્રસન્નચિત્ત કથાસર્જકની પવિત્ર ચેતનાને શત શત વંદન. ❧

---

**(૧૭મા પાનાનું ચાલુ)**

'હાશ' કરે. આ દરમિયાન સરસ વાતચીતો અને crystal clear અભિપ્રાયોની મૂડી બંધાતી ગઈ. પણ આ મુલાકાતોને કોરોનાકાળે અટકાવી.

તે પછીની મુલાકાતો વિશેષે ઔપચારિક રહેતી. છતાં લેખનકાર્ય સતત ચાલતું રહેતું તેનો ઉલ્લેખ તો આવે, આવે ને આવે જ.

વિશ્વકોશના આ બે વિદ્યાગુરુઓ સમા વડીલો. મુરબ્બી ધીરુભાઈ ઠાકર જીવનપર્યંત સતત કામ કરવા પ્રેરતા રહ્યા હતા તેમ મુરબ્બી ધીરુબહેન જીવનપર્યંત સતત લેખન કરવા પ્રેરતાં રહ્યાં. બંનેને આ અલવિદા નિમિત્તે સાદર વંદન. ❧

# સદા સ્મરણીય

**– રક્ષા મ. વ્યાસ**

વિશ્વકોશમાં મુરબ્બી ધીરુબહેનના આગમન પૂર્વે તેમનો સાધારણ સરખોય પરિચય નહીં. એથી જ્યારે તેઓ અહીં-વિશ્વકોશમાં સ્થાયી થયાં ત્યારે એક ઢળતી સાંજે મારા ઘરે જવાના સમયે તેમને રૂમમાં એકલાં બેસીને વાંચતાં જોયાં અને તે દિવસે સહજ રીતે તેમના રૂમમાં પ્રવેશ કર્યો - પ્રાથમિક ઔપચારિક પરિચય માટે. ત્યારે વાતનો દોર ઠીક ઠીક લાંબો ચાલ્યો, વિષય હતો ચલચિત્ર 'હારુન-અરુન'. તેમની વાર્તા પરથી બનેલ આ ચલચિત્ર મને ગમતાં કેટલાંક સરસ ચલચિત્રોમાંનું એક. બે કિશોરોની દોસ્તી, તેમનો વતનપ્રેમ, તેમનો પ્રાણીપ્રેમ આ બધું તો ખરું જ. પરંતુ તેના એક વિશેષ પાસાની વાત મેં તેમની સાથે કરી અને તે પાકિસ્તાની સૈન્યના સહજ વર્તનની વાત. સૈન્ય વિશેની  આ વાત-વિચાર તેમને ખૂબ સ્પર્શી ગયાં. તેમને આ સાવ અનોખો દૃષ્ટિકોણ લાગ્યો. વધુમાં આ આખી કથાના નાના નાના સરસ તાણાવાણા અને તેની ખૂબીભરી રજૂઆત. આમ આ પ્રથમ સહજ મુલાકાત ઠીક ઠીક લાંબી ચાલી હતી અને ફરી ફરી પરસ્પરને મળતા રહેવાના ઈજનની આપલે સાથે અમે છૂટાં પડ્યાં હતાં. ઘરે પહોંચવાના લાંબા સમય સુધી 'માણસુડાં ધીરુબહેન'નું આ વ્યક્તિત્વ મન પર છવાયેલું રહ્યું.

તે પછી અવારનવાર સમી સાંજે ઘરે જતાં આવી અલપઝલપ મુલાકાતો પણ થતી. વાતોવાતોમાં એક વાર તેઓ જાણી ગયેલાં કે પંચશીલ સોસાયટી મારું પૂર્વ-નિવાસસ્થાન. આ પંચશીલ સોસાયટીને તેઓ સારી રીતે જાણે. તેમના કેટલાક પરિચિતો સાથે અન્ય કેટલાકને તેઓ જાણે. તેમના મતે એ સાહિત્યકારોની સોસાયટી. પિનુભાઈ (કવિશ્રી પિનાકિન ઠાકોર), પેટલીકરકાકા, ઈલાબહેન ભટ્ટ જેવાં સૌને તેમણે યાદ કર્યાં. એક દિવસ મુરબ્બી ઈલાબહેન ભટ્ટની 'સુધા' સામયિક માટે તેમણે કરેલી મુલાકાતની મીઠી મીઠી વાતો યાદ કરી. બંને ખાદીધારી, બંને ગાંધીવાદી છતાં બંને અલગ ચીલો ચાતરી પોતાના નોખા રસ્તે ચાલનારાં તેમજ કામની શ્રેષ્ઠતાની આગ્રહી મહિલાઓ. તેમણે ઈલાબહેનને મળવાની ઈચ્છા વ્યક્ત કરી - આપણે સાથે જઈએ તેવા ઈજન સાથે. એ મુલાકાત નક્કી તો થયેલી પણ છેલ્લી ઘડીએ રદ કરવી પડેલી. એક દિવસ ભાઈ દર્શિત ઠાકોરે (પિનાકિનભાઈ ઠાકોરના મોટા પુત્ર) અણધારી તેમની મુલાકાત લીધી અને બહેન તો રાજીના રેડ. સાંજે જતી વેળાએ એ અંગેની સરસ વાતો અને પિનુભાઈ સાથેનાં સંસ્મરણો તેમણે વાગોળ્યાં. મને લાગ્યું કે અતીતરાગ(nostalgia)ની આ વાતો તેમની સાથે share કરનારા હવે  થોડાક જ સંબંધીઓ રૂબરૂ થતા હશે.

આવી મારી તેમની સાથેની સાંજની મુલાકાતો અલપઝલપ પણ મનભર રહેતી. સાથે 'વિશ્વા'નો પ્રારંભ અને પ્રવૃત્તિસભર પ્રથમ વર્ષ. વિવિધ કાર્યક્રમો માટે વારંવાર મળવાનું બને ત્યારે ચોકસાઈ ભરેલાં સૂચનો કરે, કામ સરસ રીતે પાર પડાવે ત્યારે

**(અનુસંધાન ૧૯મા પાને)**

# આનંદની છોળો અને છલોછલ જીવન

**– પ્રીતિ શાહ**

કોઈ પણ સર્જકનો પ્રથમ પરિચય મોટેભાગે એના સર્જન દ્વારા થતો હોય છે, એ રીતે ધીરુબહેન પટેલનો પ્રથમ પરિચય મને એમના 'જન્મભૂમિ-પ્રવાસી'માં આવતાં લખાણોથી થયો. એમના ટૂંકા પણ સરસ લેખો કાયમ વાંચતી. ક્યારેક ન પ્રગટ થાય ત્યારે મનમાં થતું કે એમના લેખો નિયમિત કેમ નથી આવતા, પરંતુ એ તો ધીરુબહેનને મળીએ ત્યારે જ ખબર પડે ને ! કોઈ શિસ્તમાં બંધાય તો ધીરુબહેન શાનાં ? 'સમૂહ-માધ્યમોનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ' એ મારા સંશોધન નિબંધ નિમિત્તે એમને પ્રથમ વખત મળવા જવાનું હતું તેનો એક અનેરો ઉત્સાહ હતો અને એમાંય તે સમયે 'ભવની ભવાઈ'ને લીધે ધીરુબહેન ખાસાં લાઈમલાઇટમાં હતાં. પહેલી મુલાકાતમાં જ એમણે મારી સાથે મુક્ત મને, કોઈ ભાર વિના આત્મીયજન સાથે વાત કરતાં હોય તેમ વાતો કરી. પછી તો જ્યારે જ્યારે મુંબઈ જવાનું થાય ત્યારે એમને મળવા અચૂક જતી, કારણ કે મારાં માસી સાંતાક્રૂઝમાં એમના ઘર પાસે જ રહેતાં હતાં. વળી ધીરુબહેન જે પ્રેમ અને સહજતાથી વાતો કરે તો એમ જ લાગે કે એમને ત્યાં તો ગમે ત્યારે જઈ શકાય.

તેમના એ હંસરાજ વાડીના નિવાસસ્થાનમાં ખરેખર નાની વાડી જેટલાં વૃક્ષો હતાં. કદાચ એ વૃક્ષો પર જ ચડીને નાનાં ધીરુબહેન પુસ્તકો વાંચતાં હશે ! પ્રકૃતિ એમના હૃદયમાં વસેલી હતી. હંસરાજમાંથી રાજહંસ અમદાવાદ આવ્યા ત્યારેય સાંજે તો બગીચામાં જ બેઠા હોય. ઘણી વાર મારા ઘરે આવતાં. એક દિવસ મને કહે, 'તમે એકલાં રહો છો અને વળી પાછું ઘરમાં કશું સજીવન પણ નથી.'

પહેલાં તો હું કંઈ સમજી નહીં. પછી મેં કહ્યું, 'ધીરુબહેન, મારા ઘરમાં તડકો બરાબર આવતો નથી તેથી હું કોઈ ફૂલછોડ લાવતી નથી અને બહારગામ જાઉં તો એની સંભાળ કોણ લે ?'

પરંતુ આ તો ધીરુબહેન. એમણે નિર્મળાબહેનને કહીને માળી પાસે કાચની બરણીમાં મનીપ્લાન્ટનો છોડ તૈયાર કરાવ્યો અને જ્યારે એમના ઘરે ગઈ ત્યારે ગાડીમાં મુકાવી દીધો. આજે એ મનીપ્લાન્ટ ફૂલ્યોફાલ્યો છે અને ધીરુબહેનની સતત યાદ અપાવે છે. પોતાના જન્મદિવસની ઉજવણી એમને જંગલમાં કરવી ગમે. એક જન્મદિવસે મને કહે કે તમે મને જંગલમાં લઈ જાઓ. મુંબઈમાં તો હું ટૅક્સી કરીને હરિયાળી પ્રકૃતિ વચ્ચે પહોંચી જતી અને જન્મદિવસ મનાવતી, પણ જો ઘરે રહેવાનું હોય તો, ભોજનમાં શીખંડ, પૂરી અને બટાટાનું શાક નક્કી જ હોય.

નાનપણથી જ માતા-પિતા દ્વારા મળેલી સ્વતંત્રતા અને આઝાદીના વાતાવરણનો પ્રભાવ તો ખરો, પરંતુ માતા ગંગાબહેનનું એમને અહર્નિશ સ્મરણ રહેતું. માતૃભૂમિ પર એટલો અનહદ પ્રેમ કે પરદેશ જાય નહીં. ઘણી વ્યક્તિઓના આગ્રહ છતાં એમણે પાસપૉર્ટ નહોતો બનાવડાવ્યો. તેઓ માનતાં કે મારા ભારતદેશમાં ફરવાનું ક્યાં ઓછું

છે ? માતા અને માતૃભૂમિની જેમ જ માતૃભાષા પર અખૂટ પ્રેમ. ખોટી જોડણી ચલાવી ન લે તેમ કોઈ ગુજરાતી ભાષા વિશે ઘસાતું બોલે તો તો બિલકુલ ચલાવી ન લે. પૃથ્વી થિયેટરમાં એક વખત શશી કપૂરની પુત્રી સંજના કપૂરે ગુજરાતી ભાષાનાં નાટકો વિશે ફરિયાદ કરીને કહ્યું કે, 'ગુજરાતીમાં ઉત્તમ નાટકો કેમ બહુ લખાતાં નથી ?' ધીરુબહેનથી આ સહન થાય ? એમણે ઘરે જઈને થોડા દિવસમાં જ 'મમ્મી, તું આવી કેવી ?' નામનું નાટક લખ્યું. અનેક સ્થળોએ નાટક તો ભજવાયું, પરંતુ એના પરથી સફળ ફિલ્મ પણ બની.

નવલકથા, લઘુનવલ, કવિતા, ટૂંકી વાર્તા, નાટક, બાળસાહિત્ય જેવાં અનેક સ્વરૂપોમાં ધીરુબહેનની કલમ સફળતાપૂર્વક વિહરી. સાથે સાથે ફિલ્મ, રેડિયો અને ટેલિવિઝન જેવાં માધ્યમો માટે પણ લખ્યું અને સફળતા મેળવી. સાહિત્ય અને દરેક માધ્યમોની શિસ્ત બહુ જુદી હોય છે અને ભાગ્યે જ કોઈ સર્જક બધાં માધ્યમોમાં સફળ થાય છે. ધીરુબહેન માનતાં કે એકમાંથી બીજા માધ્યમમાં જવાને બદલે તે માધ્યમોની ખૂબીઓ અને મર્યાદાઓ સમજીને લેખન થવું જોઈએ. ધીરુબહેનને કહો કે નાટક લખી આપો, લઘુનવલ લખી આપો, ફિલ્મ માટે ગીત લખી આપો - તો જાણે સંદૂકમાંથી આપણે જાતભાતનો ખજાનો કાઢીએ એમ કાગળ-પેન લઈને બેસી જાય અને એમના મૌલિક વિચારોના ખજાનામાંથી એક એક વિચાર આપતા જાય.

આટલા મોટા ગજાનાં સર્જક, પરંતુ એનો સહેજે અહેસાસ થવા ન દે. વિશ્વકોશથી ગાડીમાં એમના ઘરે જવા નીકળીએ ત્યારે કેટકેટલી વાતો કરે ! ક્યારેક ચંદ્રકાન્તભાઈ શેઠ પણ હોય. અમે ઘણી વખત કહીએ કે, 'ધીરુબહેન, તમે આત્મકથા લખો.' પરંતુ માને તો ધીરુબહેન શાનાં ? 'વિશ્વવિહાર' માટે થોડાંક સ્મરણો લખી આપ્યાં એનો આનંદ. ધીરુબહેનને ઘરે ઉતારવા જાઉં એટલે નિર્મળાબહેન જમવાનો આગ્રહ કરે. નિર્મળાબહેન સરસ રસોઈ બનાવે છે. એક વખત ધીરુબહેન એકલાં હતાં. મને કહે, 'તમે મારાં ફ્રેન્ડ ખરાં કે નહીં ?' મેં કહ્યું, 'હા'. તો કહે, 'આજે મને જમવામાં કંપની આપો. જૈનો સાથે હું રહી છું. મને જૈન રસોઈ આવડે છે.' મને બાજુમાં ઊભી રાખી અને એમણે જાતે જ વડી-ટમેટાંનું સ્વાદિષ્ટ શાક બનાવ્યું અને મને પ્રેમથી જમાડી. આવાં પ્રેમાળ અને ઉંમર જેમને સ્પર્શી નથી એવાં ધીરુબહેનમાં બાળસહજ વિસ્મય અને યુવાનનો ઉત્સાહ કાયમ જોવા મળે. દરેક ઉંમરની વ્યક્તિનાં તેઓ મિત્ર બની જાય. પોતાની જાતને 'તોફાની ધીરુબહેન' તરીકે ઓળખાવે અને મસ્તી કરે. ક્યારેક કોઈ કારણ વગર ફોન કરે અને કવિ હરીન્દ્ર દવેની પંક્તિને યાદ કરીને કહે, 'પાન લીલું નહોતું જોયું તોય તમે યાદ આવ્યા.'

તેમની સાથે આદરણીયશ્રી નાથાભાઈ જોશીના દર્શનાર્થે ગોંડલ જવાનું અને રમણાશ્રમ જવાની તક મળી તેને હું મારા જીવનનું પરમ સદ્ભાગ્ય માનું છું. એક પૂર્ણ અને આનંદથી છલોછલ જીવન જીવતાં જીવતાં તેમજ પોતાની આસપાસના અનેક લોકોને તે આનંદની છોળોમાં ભીંજવીને પોતાની મસ્તીમાં વિદાય લીધી એવાં મારાં વડીલ મિત્રને વંદન.

# ચિરયુવા ધીરુબહેન

– લતા હિરાણી

'તમારે વિશ્વામાં આવવાનું છે.'

બે વર્ષ પહેલાં ધીરુબહેનનો ફોન આવેલો, આ એમનો પ્રેમ હતો. હું આવી અને જોડાઈ. એ પછી મિટિંગોમાં આવવાનું થયેલું અને ધીરુબહેન સાથે વધારે સંકળાવાનું થયું. જોકે કોરોના પછી ધીરુબહેનનું વિશ્વકોશ આવવાનું મર્યાદિત થઈ ગયેલું પણ એ થોડા સમયમાંયે એમની સાથે રહેવાનો, એમને વધારે જાણવાનો લાભ મળેલો.

ધીરુબહેન ચિરયુવા હતાં, જે વિચાર્યું એ કરે જ. ૯૭મે વર્ષે પણ એમનું આ ખમીર જળવાઈ રહેલું.

અમદાવાદમાં આવીને ધીરુબહેને વિશ્વકોશને વહાલું કર્યું. ધીરુબહેનના આઇડિયા એમના વ્યક્તિત્વ જેવા વિશાળ. એમનાં સર્જનો ઘણાં. એમાંનું એક 'વિશ્વા'. ચાળીસીએ પહોંચેલી સ્ત્રીઓ, આટલાં વર્ષોની ગૃહજીવનની જવાબદારીમાંથી અચાનક શૂન્યાવકાશ તરફ ધકેલાતી હોય અને મૂંઝાતી હોય, એ સમયે એમને વિશ્વાસ આપવાનું કામ એટલે વિશ્વકોશમાં ૨૦૧૬માં એમણે શરૂ કરેલું 'વિશ્વા'.

છેલ્લાં ઘણાં વર્ષોથી એમનું ધ્યેય હતું, બહેનો પાસે લખાવવાનું. બહેનો લખે એ માટે તેઓ ખૂબ સમય કાઢી અંગત રસ લેતાં. એમને યોજેલી લાંબી કિશોરકથામાં ૮૫ જેટલી કિશોરકથા આવેલી. આવું જ બાળનાટ્યસ્પર્ધા અને વાર્તાસ્પર્ધાનું. કેટકેટલી સ્પર્ધાઓ કરી એમણે ? કેટલી બધી બહેનો ધીરુબહેનના પ્રોત્સાહનને કારણે લખતી થઈ ! સ્પર્ધાઓ ઉપરાંત બહેનો માટે સર્જનશિબિરો ખરી જ. ત્રણ દિવસ બહેનો કોઈ સરસ આનંદદાયક જગ્યાએ સાથે રહે અને સર્જન કરે. આ અનુભવ અદ્ભુત હતો. છેલ્લાં થોડાં વર્ષોમાં બહેનોને લખતી કરવા માટે એમણે ખૂબ મહેનત કરી. નવ્ય કલમોને પ્રોત્સાહિત કરવામાં એમને આનંદ આવતો. આના બદલે ધીરુબહેન પાંચ-સાત નવલકથાઓ વધુ લખી શક્યાં હોત !

જોકે જીવનભર ધોધમાર સર્જન કરનારાં ધીરુબહેનનું લખવાનું સાવ બંધ નહોતું થયું. એક વાર દિમાગમાં પ્લૉટ ઘડાઈ જાય પછી તેઓ સડસડાટ નવલકથા પૂરી કરતાં. પહેલો ડ્રાફ્ટ એ જ છેલ્લો ડ્રાફ્ટ! આવી પ્રતિભા બહુ જૂજ લોકો પાસે હોય છે અને એનું પરિણામ પણ એવું જ. એમની નવલકથા હાથમાં લીધા પછી એને છોડવી મુશ્કેલ. 'વાંસનો અંકુર' કે 'આગંતુક' અને બીજી લઘુનવલો મેં એકી બેઠકે પૂરી કરેલી. એમની 'વડવાનલ' જેવી ૫૦૦થી વધુ પાનાંની નવલકથા બે દિવસમાં પૂરી કરી હતી. વાર્તાપ્રવાહ અને શૈલી એવાં કે વચ્ચે છોડી જ ન શકાય ! ગજબની પકડ હતી એમનાં લખાણોમાં. માત્ર વાર્તા જ નહીં, એમના 'નિર્બંધ નિબંધો' વાંચો ! મન પ્રસન્ન થઈ જાય.

ધીરુબહેને 'વિશ્વા'ને માત્ર સાહિત્યની સંસ્થા નહોતી રાખી. સાહિત્યમાં રસ ન હોય એવી બહેનોને પોતાનાં રસરુચિ પ્રમાણે મળી રહે એ ધીરુબહેનની ખેવના. આમ અનેક

પ્રવૃત્તિઓ 'વિશ્વા'માં થતી. આ તબક્કે વિચારું છું કે ધીરુબહેન સાથે મારે 'વિશ્વા' પૂરતું જ જોડાણ હતું ? ના. ખાસ કરીને છેલ્લા એક વર્ષમાં એમનો જે સ્નેહ અને વિશ્વાસ પામી છું એનાથી મન સભર છે.

થોડી પાછળ જાઉં. હું સૌથી પહેલાં ક્યારે મળી ધીરુબહેનને ? લગભગ ૨૦૧૬માં. એ પહેલાં એમને કાર્યક્રમોમાં જોયેલાં, સાંભળેલાં, પણ નજીકથી મળવાનું નહીં થયેલું. હું એમને 'વિશ્વકોશ'માં બાળવાર્તાનું મારું પુસ્તક 'બુલબુલ' આપવા આવેલી એ નજીકની પહેલી મુલાકાત. ધીરુબહેન બાળવાર્તાઓ વાંચી ખુશ થઈ ગયેલાં અને મને બાળવાર્તાસ્પર્ધાની નિર્ણાયક તરીકે મોકલી દીધેલી. એક સમયે એમણે 'વિશ્વા' સંભાળવાનુંય મને કહેલું. પણ ત્યારે એ જવાબદારી લેવા હું તૈયાર નહોતી. પછી હું લાંબો સમય એમને મળેલી નહીં !

૨૦૨૧માં હું 'વિશ્વા'માં જોડાઈ, પણ છેલ્લા એક વર્ષમાં મારાં અને ધીરુબહેનનાં સખીપણાં શરૂ થયેલાં. ક્યાં ધીરુબહેન અને ક્યાં હું ? ભલે જૂનું પણ સાચું કે - એમના પગની ધૂળ થવા જેટલીયે મારી હેસિયત નહીં ! તોય એમણે મને સખી બનાવી એ હકીકત છે. એક જ વર્ષ, પણ ભરચક પ્રેમનું એક વર્ષ ! અમારી વાતોના ભંડારનું એક વર્ષ ! છલોછલ વિશ્વાસનું એક વર્ષ ! અંગત વાતોથી માંડીને પરિષદપ્રમુખ તરીકેના એમના અનુભવો, ફોન પર અને રૂબરૂ, ધીરુબહેને કેટલી વાતો મારી સાથે શેર કરી ! હું એમના ઘરે પહોંચું અને ખુશ થઈને મારો હાથ પકડી લેતાં ધીરુબહેન નજરે તરે છે.

ધીરુબહેનના ફોન આવે અને કલાક સુધી વાતો કરે, એવું કેટલી બધી વાર બન્યું છે. ત્રણ-ચાર દિવસ ફોન વગરના જાય તો 'હું રિસાઈ છું' એવું સાંભળવા મળ્યું કેટલી વાર ! અને આહા, મસ્તી-તોફાન વગર તો એમની વાત શરૂ જ ન થાય ! મારા ઘરે એમને લઈ ગઈ'તી ત્યારે નિર્મળાબહેનને મેં કહેલું, 'બહેનની કોઈ દવાઓ હોય તો ખાસ આપજો.' અને ધીરુબહેન આનંદથી બોલી ઊઠેલાં, 'શેની દવા ? હું એકેય ગોળી લેતી નથી.' અને 'એકેય' શબ્દમાં જે ભાર, આનંદ હતા એ હજી મારા કાનમાં ગુંજે છે. તેઓ બીમાર થયાં ત્યાં સુધી જીવનરસથી છલોછલ ! અરે, હૉસ્પિટલથી આવ્યાં પછીયે, 'હું એકદમ બરાબર છું. મને કાંઈ નથી થયું.' આ એમના શબ્દો હતા.

સમયને જાણે ચપટીમાં પકડ્યો'તો - ધીરુબહેનને યાદ કરું છું તો એવું લાગે છે અને ચપટી ઝાઝું ટકતી નથી, ભરાઈ ન ભરાઈ ત્યાં એમાંનું દ્રવ્ય લસરતું ખાલી થવા તરફ દોડે છે. ધીરુબહેનનું વહાલ પામી અને બસ...

હજુ છ-આઠ મહિના પહેલાં, ધીરુબહેન મને 'આગંતુક'નો ઉત્તરાર્ધ બતાવતાં હતાં ત્યારના એમના શબ્દો,

'મારી પાસે કામ કરવાનાં હજી ચાર વરસ છે. મારે અઢી નવલકથા લખવાની છે.'

'અઢી કેમ ?'

'અડધી લખેલી છે અને બે નવી લખીશ.'

ધીરુબહેન, તમારી લખેલી અડધી નવલકથા હવે ક્યારેય પૂરી નહીં થાય ? જીવનમાં તમે ઇચ્છ્યું હોય અને પૂરું ન થયું હોય એવું આ એક જ કામ...

# મૃદુનિ કુસુમાદપિ - ધીરુબહેન પટેલ

**– ગિરિમા ઘારેખાન**

પૂ. ધીરુબહેનને હું પહેલી વાર મળી ત્યારે શ્રી ભવભૂતિરચિત 'ઉત્તરરામચરિત'ના પ્રખ્યાત શ્લોકની પંક્તિઓનો ઉત્તરાર્ધ યાદ આવી ગયો હતો. - મૃદુનિ કુસુમાદપિ. એક ન જોયેલું સપનું ફળીભૂત થવાનો એ અવસર પહેલી વાર ગુજરાતી સાહિત્ય પરિષદમાં મળ્યો હતો.

પરિષદમાં એ દિવસે હું કોઈ મુગ્ધા પોતે અહોભાવ ધરાવતી હોય એવી વ્યક્તિને જેવી રીતે જોઈ રહે એવી રીતે હું એમની સામે જોઈ રહી હતી- ઑફ વ્હાઇટ સાડીમાં વીંટળાયેલી એ નાની લાગતી દેહાકૃતિની ઊંચી બુદ્ધિમત્તા અને હૃદયની સંવેદના એમની આંખો અને શબ્દોમાંથી છલકતી હતી. મૃદુ છતાં મક્કમ અવાજનો એક એક શબ્દ હૃદય સુધી પહોંચતો હતો. બહેનો પોતાના શોખની કંઈક પ્રવૃત્તિ કરે, ઘરની ચાર દીવાલોમાંથી બહાર નીકળીને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ વિકસાવે, લખતી થાય એવી એમની ઉદાત્ત ભાવનાનો પરિચય એ દિવસે જ થઈ ગયો હતો. સ્ત્રીઓ જીવનમાં ખુશ રહે એ જ જાણે એમનું જીવનધ્યેય. વારંવાર કહે, 'woman should be happy, because if woman is happy, family is happy.' [and then society is happy] ધીરુબહેન જેટલી દરકાર અને નિર્મળ સ્નેહ તો માત્ર માતૃભાવ ધરાવતા હૃદયમાંથી જ નીકળે. મારી સુકાઈ ગયેલી કલમની ડાળખી પર બીજી વાર ફૂલ ખિલાવવામાં, મારી લેખિની ચાલુ કરાવવામાં પૂ. ધીરુબહેન જ નિમિત્ત બન્યાં હતાં.

પછી તો ધીરુબહેન મુંબઈ છોડીને અમદાવાદ આવી ગયાં અને અહીંની વિશ્વકોશ સંસ્થામાં વસંત પાંગરી. એમણે એમાં બહેનો માટે 'વિશ્વા' સંસ્થાની સ્થાપના કરી. નિવૃત્ત બહેનોને જાણે પિયર મળ્યું. અહીં ધીરુબહેન લેખનના દરેક સ્વરૂપની સ્પર્ધાઓ યોજતાં - બાળ-સાહિત્ય, કિશોર-સાહિત્ય, નવલિકા, નવલકથા, નાટકો, કાવ્યો, અરે ગરબા પણ! જોકે વિશ્વાનું કાર્યક્ષેત્ર માત્ર લેખિની પૂરતું મર્યાદિત નથી રહ્યું. એમાં તો પેઇન્ટ બ્રશના નીતરતા રંગોથી માંડીને, સંગીતના સૂરો પર સવાર થઈને, રસોડાની કડછી સુધીનું બધું જ આવરી લેવાય છે. ધીરુબહેનનો ઉદ્દેશ એક જ - જેને જેમાં ફાવટ હોય એમાં આગળ વધે. ૮૦ વર્ષથી ઉપરની બહેનોએ પણ 'વિશ્વા'માં જોડાઈને પોતાનું કલાવિશ્વ વિકસાવ્યું છે અને કાર્યક્ષેત્ર વિસ્તાર્યું છે. બે વર્ષના ટૂંકા ગાળામાં તો ધીરુબહેને ચિત્રસ્પર્ધા યોજી - પાછું એ બધાં જ ચિત્રોનું નાનું પ્રદર્શન પણ ભરવામાં આવ્યું હતું. વાનગી હરીફાઈ યોજી, નાટક કરાવ્યાં, બહેનોના કુંઠિત થઈ ગયેલા ગળામાંથી ગરબા રેલાવ્યા અને બધી જ ઉંમરની બહેનોને ગરબામાં ઘૂમતી પણ કરી દીધી. આ ઉપરાંત અલગ અલગ ક્ષેત્રની નિષ્ણાત સ્ત્રીઓને બોલાવીને એમનાં પ્રેરણાદાયક વક્તવ્યોનો લાભ પણ બધાને અપાવ્યો.

બારે મહિના ચાલતી આ બધી પ્રવૃત્તિઓ ઉપરાંત ધીરુબહેન વર્ષે એક વાર વાર્ષિક

કાર્યક્રમ પણ યોજે. જેમાં 'વિશ્વા'ની બહેનો દ્વારા જ ગરબા, રાસ, નાટક, એકોક્તિ, નૃત્ય વગેરે સ્ટેજ ઉપરથી રજૂ કરવામાં આવે. એ દિવસે તો બધાનો ઉત્સાહ જોવા જેવો હોય. ભાગ લેનાર બહેનો તો જાણે પતંગિયાની પાંખો પહેરીને ઊડાઊડ કરતી હોય એવું લાગે. ૯૬ વર્ષનાં ધીરુબહેન પોતે એટલો ઉમંગ બતાવે કે એમની હાજરીથી જ વાતાવરણમાં આનંદનાં સ્પંદનો ઉત્પન્ન થાય, બધાનાં હૃદયમાં ઉમંગની ભરતી આવે અને ઉત્સાહનાં મોજાં ઊછળે. કલાકારો અને પ્રેક્ષકો, બધાં જ પોતાના શાળાકાળના આનંદભર્યા દિવસોમાં પહોંચી જાય. પાછું ધીરુબહેન જેવુંતેવું કશું જ ન ચલાવી લે. શ્રેષ્ઠતાના એમના આગ્રહ સામે બધાએ ઝૂકવું પડે ત્યારે ભવભૂતિના પેલા શ્લોકના આગળના શબ્દો યાદ આવી જાય- 'વજ્રાદપિ કઠોરાણી.' જોકે આમ કરવા પાછળ પણ એમનો હેતુ તો સ્ત્રીઓનું શ્રેય અને પ્રેય જ હોય.

નાની નાની વસ્તુની પણ ધીરુબહેન દરકાર રાખે. એમની પારખુ નજર દરેકમાં છુપાયેલી ટૅલેન્ટને ઓળખે અને પછી પોતાના પ્રોત્સાહનની દોરીથી એને બહાર ખેંચી લાવીને એ વ્યક્તિના આત્મવિશ્વાસની ધૂણીમાં આગ પ્રજ્વલિત કરે. 'you can dO' એ એમના માનીતા શબ્દો. સાંસારિક જવાબદારીઓમાંથી પરવાર્યા પછી અને ક્યારેક બાળકોના દૂર ગયા પછી એ સ્ત્રીઓના સૂના થઈ ગયેલા મનના માળામાં ફરીથી કંઈક ઉત્સાહ, કંઈક ઉન્મેષનો કલરવ ગુંજતો થાય એ જ એમનો આશય. આટલું અધધધ લખ્યા પછી, કીર્તિના શિખરે બિરાજ્યા પછી પણ એ તળેટીમાં બેઠેલી વ્યક્તિને ઉપર ચડવા માટે હાથ આપે એ કેટલી નમ્રતા! એને માટે એમણે કેટલા વાંકા વળવું પડતું હશે એ તો એ જ જાણે.

કોઈની નાનામાં નાની સિદ્ધિને, કલાને બિરદાવવા માટે એમનું હૃદય જેટલું ઉદાર એટલું જ ઉદાર એમનું મન બીજા માટે પૈસા ખર્ચવા માટે. હું નાસ્તો મંગાવું, હું આઈસક્રીમ ખવડાવું, જાઓ, બધા માટે લસ્સી લઈ આવો- એમનું પાકીટ એમના બાળક જેવા ખડખડ હાસ્યની જેમ પળમાં ખૂલી જાય અને પછી કોઈ વીરની તલવારની જેમ કંઈક ખર્ચ્યા પછી જ મ્યાનમાં જાય. એમાં 'વિશ્વા'ની બહેનોએ લખેલી કૃતિઓનાં સંપાદિત પુસ્તકો કરાવવાની વાતનો પણ સમાવેશ થઈ જાય. આત્મીયતા કેવી રીતે વધારવી અને હૃદય કેવી રીતે જીતી લેવાં એ કળા ધીરુબહેન પાસેથી શીખવા મળે.

ધીરુબહેન જ્યારે પણ મળે ત્યારે એક વાત્સલ્યમૂર્તિ જેવાં જ લાગતાં. ૯૬ વર્ષે પણ એમનું, લાડ કરતાં હોય એવું બોલવાનું અને હસવાનું પાંચ વર્ષના બાળક જેવું નિર્દોષ લાગે. એમના નિર્મળ મનનું પ્રતિબિંબ ચહેરા ઉપર છલકાય. 'Age cannot wither her, nor custom stale her infinite variety' એ વાક્ય ક્લિયોપેટ્રાના શારીરિક સૌન્દર્ય માટે જેટલું સાચું હતું એટલું જ સાચું ધીરુબહેનના મનના ઉત્સાહ માટે પણ લાગે. એક વાર એમને 'વિશ્વા'ની બહેનો પાસે એક નાટક કરાવવું હતું. સારી સ્ક્રિપ્ટ મળતી ન હતી એટલે પોતે જ રાતોરાત એક નાટક લખીને આપી દીધું. પાછા એના રિહર્સલ વખતે પોતે હાજર રહ્યાં. પૂરું થયા પછી અમારા બધાની નજર ધીરુબહેન તરફ - એમનો શું પ્રતિભાવ છે? એમને પ્રૅક્ટિસ ઓછી લાગી હતી એ એમણે સ્પષ્ટ રીતે જણાવી દીધું.

કાચું, અધૂરું કશું જ ના ચલાવી લેવાય. સારું ના થાય તો ના કરો, પણ કશું જ નબળું ના ચાલે. ખોટું કે ગોળ ગોળ બોલવું એ એમના સ્વભાવમાં જ નહીં. એ ટકોરના પરિણામે અમે વચ્ચેના બે દિવસ એટલી બધી પ્રૅક્ટિસ કરી કે કાર્યક્રમના દિવસે એ નાટક બધાને જ બહુ ગમ્યું, ધીરુબહેનને પણ. સહુથી અગત્યની વાત.

ધીરે ધીરે સહસ્રદલ કમળની જેમ ધીરુબહેનના સુગંધિત વ્યક્તિત્વની એક પછી એક પાંખડીઓની સુગંધ મેળવવા માટે હું સદ્ભાગી બનવા માંડી. 'વિશ્વા'ની મિટિંગો દરમિયાન તો મુલાકાત થતી જ, પણ એ સિવાય પણ ગમે ત્યારે સવારમાં એમનો ફોન આવી જાય. પછી લાંબી વાત કરે - એમના ભૂતકાળની, અન્ય સાહિત્યકારોની વાતો પણ આત્મીયતાથી કરે. મને લખવા માટે સતત પ્રોત્સાહિત કર્યા કરે. મને મારામાં છે એના કરતાં એમને મારામાં વધારે વિશ્વાસ હતો એમ કહું તો એમાં જરા પણ અતિશયોક્તિ નથી. કોઈ વાર એવું પણ બને કે એ ફોન કરે ત્યારે હું મુંબઈ કે પૂના હોઉં. વાત તો થાય જ તોપણ એમના મોંમાંથી નીકળી જાય - આ છોકરી ફરવા બહુ જતી રહે છે. હું કહું- 'ક્યાં ધીરુબહેન ? ખાલી ઉનાળાના વૅકેશન દરમિયાન જ જઉં છું.' પણ એમને તો સતત હાજરી અને નિયમિત મળવાનું ગમે.

ધીરુબહેનની એ ફરિયાદ છેલ્લે સુધી ચાલુ રહી. 'હવે તમે બહારગામ તો નહીં જતાં રહો ને ?' - એવું પૂછ્યા કરે. વિશ્વાના સામયિકના કામ માટે તો વારંવાર મળવાનું થતું. હું અને લતાબહેન હિરાણી એમને ઘેર જઈએ એટલે સીધા ડાઇનિંગ ટેબલ ઉપર જ લઈ જાય અને પિયરમાં મા કહે એટલા સ્નેહથી એમનું 'આ ખાઓ, આ ખાઓ' એમ કહેવાનું ચાલુ થઈ જાય. પછી બહાર બગીચામાં અમારો સત્સંગ ચાલુ થઈ જાય. એમની વાતોમાં સાહિત્યની નિસબત સિવાય બીજું કંઈ જ ન હોય. એ સાહિત્યને ખાતાં હતાં, પીતાં હતાં, અરે શ્વસતાં હતાં. એટલે જ એમને મળીને એવું લાગતું કે એમના ઉચ્છ્વાસમાંથી નીકળતી હવા પણ કંઈક શિખવાડીને જશે.

આટલી બધી સિદ્ધિઓ મેળવ્યા પછી પણ એમનું હૃદય સાવ બાળક જેવું. ક્યારેક ખોટું રિસાઈને, બાળકની જેમ થોડું મોં ફુલાવીને વાત કરે ત્યારે ખરેખર લાડ કરવાનું મન થઈ જાય. બાકી એ તો હંમેશાં પ્રેરણા અને પ્રોત્સાહનનું પીયૂષ પિવડાવીને સાહિત્યિક લાડ કરતાં જ હોય. ધીરુબહેનની મનની તાજગી ચિરયુવાન અને નવા નવા પ્રકલ્પોથી ઊભરતી. ચાલો શિબિર કરીએ, ચાલો સામયિક ચાલુ કરીએ, નાટક કરાવવું છે, નવલકથાની હરીફાઈ રાખવાની છું- હરિ અનંત, હરિકથા અનંતાની જેમ એમના સાહિત્યના આઇન્સ્ટાઇન જેવા મગજમાં અનંત રીતે નવા નવા વિચારો ઉદ્ભવ્યા જ કરતા અને પછી સંપૂર્ણ નિષ્ઠાથી એનો અમલ પણ કરાવતાં.

એમનું હૃદય અને એમની સર્જકતા ક્યારેય કોઈ વ્હિલચૅરમાં ના બેઠાં. એમના બગીચામાં, એમની આસપાસ ફરતા મોરલાઓની જેમ ધીરુબહેનનું મન અવિરત સર્જકતાની કળા દર્શાવતું જ રહ્યું.

આ ઉત્સાહ છેક છેલ્લે સુધી ધમધમતો રહ્યો. એ હૉસ્પિટલથી ઘેર આવ્યાં કે તરત જ હું અને લતાબહેન એમને મળવા ગયાં હતાં. એ સ્થિતિમાં પણ એમના હૃદયમાંથી

તો માનસપુત્ર બનાવેલા પેલા સામયિકની કોયલ જ સતત ટહુકા કરતી રહી. એ પછી એમને મળવાનું ન થયું. કદાચ એમને પથારીમાં સૂતેલા જોવાની મારી હિંમત જ ન હતી. મારે તો મારા હૃદયમાં પેલાં બાળ-યુવાન ધીરુબહેનની જ મૂર્તિ કાયમ રાખવી હતી. એ કહેતાં- ‘હજી મારી પાસે કામ કરવા માટે ત્રણ વર્ષ છે.’ પણ સ્વર્ગમાં ઈશ્વરને પણ કંઈક ઉત્સાહ અને પ્રેરણાની જરૂર પડી હશે, એટલે એમને બોલાવી લીધાં. આપણા બધાનાં હૃદયમાં એમણે આરોપેલા ઉત્સાહ, ધગશ અને નિષ્ઠાના છોડવાઓને આપણે હમેશાં લીલાછમ રાખી શકીએ તો એમણે આપણામાં મૂકેલો વિશ્વાસ સાર્થક થશે. હું તો મારી જાતને એમ જ આશ્વાસન આપું છું કે ધીરુબહેન ક્યાં કશે ગયાં છે ? આંખ બંધ કરીશ તો અંતરમાં એમના શબ્દોની જ્યોત ઝળહળતી અનુભવાશે અને આંખ ખોલીશ ત્યારે એમનાં પુસ્તકોના શબ્દેશબ્દમાં ધીરુબહેનની આંખોનું તેજ ઝગઝગતું દૃષ્ટિમાં આવશે.

ધીરુબહેનને જ્યારે જ્યારે યાદ કરું ત્યારે મારું મસ્તક આદરથી ઝૂકી જાય છે. સાચું art of living તો એમના જીવન ઉપરથી શીખવા મળે. એમને મળીએ ત્યારે સમજાય કે વ્યક્તિને જીવતાં આવડે તો ઉંમર એક આંકડાથી વધારે કંઈ નથી. એમને માટે હૃદયના ભાવ વ્યક્ત કરવા બેસીએ તો શબ્દો વામણા બનીને નતમસ્તક ઊભા રહી જાય. અનેક બહેનોના મૃતઃપાય ઉત્સાહમાં પ્રાણ પૂરનાર, હૃદયના ઠરી ગયેલા અગ્નિને ફરીથી પ્રજ્વલિત કરનાર, દરેકમાં ધરબાઈને પડેલી શક્તિને બહાર લાવનાર, સાચા અર્થમાં પૂજ્ય ધીરુબહેનને અનેક અનેક વંદન. ☙

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન આકાર લઈ રહ્યું છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે. જેનાથી બાળકોને ગુજરાતી ભાષામાં રસ પડે અને વર્તમાન સમયને અનુલક્ષીને રચાયેલી વાર્તાઓનો આનંદ પ્રાપ્ત થાય.

એપ્રિલ મહિનામાં ૨ એપ્રિલે ‘પરીઓના દેશમાં’, ૯ એપ્રિલે ‘દિલ અને દોસ્તી’, ૧૬ એપ્રિલે ‘એક કબૂતર એવું’, ૨૩ એપ્રિલે ‘વાંદરાએ વાપરી બુદ્ધિ’ અને ૩૦ એપ્રિલે ‘ભલાઈની કમાલ’ એ વાર્તા રજૂ થશે.

૯ અને ૩૦ એપ્રિલે પ્રસ્તુત થનારી વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી અને ૨, ૧૬ અને ૨૩ એપ્રિલે પ્રસ્તુત થનારી વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# સર્જકપ્રતિભાનાં માળી

– અંજના ભગવતી

ધીરુબહેનમાં જુસ્સો અને ઉત્સાહ આશ્ચર્યજનક લાગે. સતત સર્જનાત્મક કાર્યમાં ગૂંથાયેલાં રહીને વૃદ્ધત્વને તેમની પાસે ફરકવા જ ન દેતાં. જીવનના અંત સુધી તેઓ કર્મશીલ રહ્યાં અને બાળક જેવી જિજ્ઞાસા તથા ઉત્સાહ રાખવાની તેમની આગવી લાક્ષણિકતા સદૈવ નજરે પડી. એમને હંમેશાં નવા, મૌલિક વિચારો આવતા અને પછી અથાગ પરિશ્રમ લઈને બીજાઓ પાસે એને અમલમાં પણ મુકાવતાં.

કુમારપાળભાઈની 'પરમનો સ્પર્શ' નામના પુસ્તકના વિમોચન માટે તેમણે એક નવો જ વિચાર અમલમાં મૂક્યો. મૉક કોર્ટરૂમનો તખ્તો ગોઠવી સુંદર નાટકનું સર્જન કર્યું. હાસ્યની છોળો ઉડાડી અને પુસ્તકના વિમોચનની આગવી રીત બતાવી. ઘણી બધી વ્યક્તિઓને વિશ્વકોશમાંથી અને બહારથી પણ નાટકમાં સામેલ કરી.

નવરાત્રિમાં વિશ્વકોશની બધી બહેનોને ગરબે ઘૂમતી કરી દીધી. વિશ્વકોશમાં દર મહિને થતી વર્ષગાંઠની પાર્ટીમાં સૌ સભ્યોને માટે ધીરુબહેનની ઉપસ્થિતિ જીવંતતા બક્ષનારી બની. 'વિશ્વા'ની સ્થાપના કરી જેમાં ઘણી બધી બહેનોની પાસે સર્જનાત્મક લેખન કરાવ્યું.

મારો તેમની સાથેનો નાતો ઘણાં વર્ષો પહેલાંનો. મેં ગુજરાતી ફિલ્મ 'ભવની ભવાઈ' જોઈ ત્યારથી બંધાયો હતો. એ પછી એમણે લખેલું 'ભવની ભવાઈ' પુસ્તક પણ વાંચ્યું. વાર્તામાં બે અલગ અંત હતા તથા તેના સંવાદો સાંભળી વાર્તાની જમાવટથી તેમની સર્જનશક્તિથી હું ખૂબ પ્રભાવિત થઈ ગઈ.

ઘણાં વર્ષો બાદ તેઓની મુલાકાત શ્રી ધીરુભાઈ ઠાકરની વર્ષગાંઠમાં થઈ હતી. એ પછી તેઓ મુંબઈથી અમદાવાદ આવ્યાં અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં જોડાયાં તે બધાની જેમ મારા માટે પણ ખૂબ આનંદની વાત હતી. તે અરસામાં શ્રી ચંદ્રકાન્તભાઈ શેઠની રાહબરી નીચે 'બાળવિશ્વકોશ'નું કામ ચાલતું હતું. આ કામ સાથે મને બાળવાર્તાઓ લખવાનો ચસકો લાગ્યો હતો. સૌપ્રથમ 'કીડી-કુંજર કરે કમાલ' નામનું પુસ્તક ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે પ્રકાશિત કર્યું હતું. જેમાં વૈજ્ઞાનિક અભિગમવાળી પર્યાવરણની ચાહના જાગે તેવી બાળભોગ્ય વાર્તાઓ મેં લખી હતી.

ત્યારબાદ 'વનપરીની મિજબાની' નામનું બીજું પુસ્તક લખ્યું, જેમાં બાળભોગ્ય ચિત્રો પણ જાતે દોર્યાં અને વાર્તાને વધારે આકર્ષક બનાવી. આ સમયે જ્યારે રંગબેરંગી ચિત્રોવાળા પહેલા પ્રૂફના છુટ્ટા કાગળો ધીરુબહેનને બતાવ્યા ત્યારે તેમનો ઉત્સાહ નાના બાળક જેવો હતો. પુસ્તકનું પ્રવેશક એમણે લખી આપ્યું, તે મારા માટે ધન્યતાની ક્ષણ બની. એ પછી જ્યારે મળવાનું થાય, ત્યારે ઉમળકાથી નવી વાર્તાઓની ઉઘરાણી અચૂક કરે.

તેમની છેલ્લી મુલાકાત શ્રી ચંદ્રકાન્તભાઈને ‘સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ’ મળ્યો ત્યારે થઈ હતી. ત્યારે તેઓને મેં પૂછ્યું હતું, ‘પ્રિન્ટ માધ્યમની જગ્યાએ બીજાં કયાં માધ્યમ વાપરવાં જોઈએ ?’ તેમના વિચારો જણાવતાં એમણે કહ્યું, ‘સમય પ્રમાણે આપણે બદલાવું પડે. હવે પ્રિન્ટ માધ્યમને બદલે નવાં માધ્યમોનો ઉપયોગ કરવો જોઈએ.’

કોઈ પણ સભામાં તેઓ ભાગ્યે જ પ્રવચન લખીને લાવે, લખ્યું હોય તોપણ તેનો એક પણ શબ્દ વાંચે નહીં, એને બદલે મૌલિક રીતે જ પોતાની વાત રજૂ કરે. દરેકને લખવા માટે પ્રોત્સાહન આપે અને તે અંગે મદદ કરે. ધીરુબહેન ક્યારેય રિટાયર્ડ થવામાં માનતાં જ ન હતાં.

સ્વર્ગમાં જઈને પણ ધીરુબહેને પરિષદ ભરી હશે અને ત્યાંના બધા લેખકોને કામે લગાડી દીધા હશે તેવી મને ખાતરી છે. **ଔ**

---

અમારી કિશોરાવસ્થાની એક યાદ... મુંબઈમાં ચોમાસાની ઋતુ દરમિયાન બે-ત્રણ વખત તો ગાંડો વરસાદ પડે જ પડે. સૂરજનું શું ગજું કે ડોકિયુંયે કરે ? અંધકારની મેલી ચાદર આખા શહેર પર નાખીને મેઘરાજ પ્રલયનાં દુંદુંભિ વગાડે. વચ્ચે વચ્ચે સનનન કરતી વીજળી આકાશને આ છેડેથી પેલે છેડે નીકળી જાય અને થોડી રાહ જોવડાવ્યા પછી એનો કડાકો સંભળાવે.

અલબત્ત, આવા વખતે બધા ડાહ્યા માણસો ઘરમાં કે ઑફિસમાં સંતાઈને બેઠા હોય અને ઢીલું મોં કરીને એકબીજા તરફ આશ્વાસક નજર ફેંકતા હોય.

બરાબર ત્યારે જ મને શૂર ઉપડે. અભિન્નહૃદયા મૈત્રિણીને ફોન કરવામાં આવે.

‘જવું છે ?’

‘તને શું લાગે છે ?’

‘જઈએ.’

‘તો પંદર મિનિટ પછી કાપેલી નાળિયેરી.’

‘વારુ, ડકબૅક છે ?’

‘ના. ગમબૂટ પણ નથી.’

‘તો તો ઓર મઝા આવશે’

‘ઘરમાંથી નીકળાશે ?’

‘હં... નીકળી જઈશ.’

અને બરાબર પા કલાક પછી જુહુનો તોફાની દરિયો એના નિર્જન વાલુકાપટ પર બે ભેજાંગેપ છોકરીઓના ખડખડાટ હાસ્યથી ચકિત થઈ જાય.

માનવજાતની આટલી હિંમતથી ક્રોધે ભરાઈને મોજાં બાર પંદર ફૂટ ઊંચાં ઊછળે. રેતીમાં ઊગેલાં નાળિયેરીનાં ઝાડ એવાં તો ઝોલે ચડે કે જાણે હમણાં જ પડ્યાં કે પડશે. પણ જીવન કે મૃત્યુ બેમાંથી એકેય વિશે વિચારવાની સમજ કે ફુરસદ કોને હતી ? બસ, વરસાદી કે દરિયાઈ તોફાનની ક્ષણેક્ષણ આત્મસાત્ કરી લેવી એટલું જ ધ્યેય હતું.

**– ધીરુબહેન પટેલ** *(‘વરસાદનો એ સાદ’ નિબંધમાંથી)*

# આશ્ચર્ય તો કેટલું !

**– અલ્પા શાહ**

પાઉટના સ્માર્ટ પોઝથી પરમેશ્વરના સાચા સાક્ષાત્કાર સુધીની સમજણનો વિશાળ વ્યાપ હોય એવાં ધીરુબહેન.

સર્જનહારનું વિશેષ સર્જન એવાં સર્જક ધીરુબહેન.

ક્યારેક બાળકની માફક રિસાઈ પણ જાય અને 'મા'ની માફક તરત માફ કરી દે એવાં ધીરુબહેન.

ભણાવે શેક્સપિયર અને વાંચે સરસ્વતીચંદ્ર એવાં ધીરુબહેન.

બોલે સાચું ઈંગ્લિશ અને ખોટું ગુજરાતી જરા પણ ચલાવી ના લે એવાં ધીરુબહેન.

એમના વિશે કંઈ પણ લખવા કે કહેવા જેવી સજ્જતા પણ શક્ય નથી અને એમને સમજવા જેવી પરિપક્વતા પણ શક્ય નથી. છે, તો માત્ર કુતૂહલ કે કેવું ભવ્ય એ વ્યક્તિત્વ હતું ! જેમને ઓળખો ને તોય એ અજાણ્યું. એમના સાહિત્ય જેવું જ એમનું પ્રભાવક વ્યક્તિત્વ સદાય સતત અચરજ પમાડતું રહ્યું. માતૃભાષાને પ્રેમ કરનાર સર્જક એવાં ધીરુબહેનની કૃતિઓ 'કાદંબરીની મા', 'અતીતરાગ', 'વડવાનલ', 'વમળ', 'વાવંટોળ', 'શીમળાનાં ફૂલ', 'અધૂરો કૉલ'.....અને બધી જ. ધીરુબહેનની કલમથી જન્મેલી આવી કેટલીય કૃતિઓ અને પાત્રો હૃદયને મીઠી ટપલી મારીને ઢંઢોળી દે. ધીરુબહેનની સંવેદનશીલતા, એમનાં સૈદ્ધાંતિક મૂલ્યો, એમની લાગણીઓ-ઊર્મિઓ એ સઘળું સર્જનાત્મકતાથી રૂપાંતર પામીને સીમાચિહ્નરૂપ સાહિત્ય બની ગયું, ભાવકોને માટે મોટી મિરાત બની રહ્યું.

એ ધીરુબહેન પાસે જઈને અંદર ડોકિયું કરો તો એમાં બાળ સહજ તોફાન પણ જોવા મળે તો ક્યાંક મધદરિયે હોય એવું ઊંડું ગાંભીર્ય પણ જોવા મળે. વટવાળો આત્મવિશ્વાસ પણ જોવા મળે અને નિઃસ્વાર્થ પ્રેમ પણ. સામી વ્યક્તિને સાચેસાચું કહી દેતાં ક્ષણનીય વાર ના લગાડે. અને પછી એ વ્યક્તિ કે પ્રસંગ બાબતે મનમાં ક્યાંય કડવાશ નહિ. સુખ કે દુઃખ સાથે ઘડીનો જ નાતો રાખી શકવાની એ કલાને જ કદાચ સાચી આધ્યાત્મિકતા કહેવાતી હશે !

ધીરુબહેનની ૯૬ વર્ષે પણ નવા જમાનાના નવા વિચારોને ખુલ્લા મગજ સાથે સ્વીકારવાની તૈયારી એવી ગજબની કે પૂજ્ય સાથે પ્રિય બની રહ્યાં. આ વ્યક્તિત્વ માટેના અચરજ સાથે એટલા તારણ પર આવી શકાય કે ધીરુબહેન કોઈ પણ સમયે કોઈ પણ યુગમાં પ્રસ્તુત રહે.

એમની વિદાય બાબતે દુઃખી થઈને શોક કરવો એ એમને માટે સાચી શ્રદ્ધાંજલિ ના જ કહેવાય.

આનંદથી નવાં નવાં આયોજનો કરીને સાચા અર્થમાં જીવતા રહેવું એ આપણા સૌનાં ધીરુબહેન પટેલ માટેની એમને ગમે એવી શ્રદ્ધાંજલિ ગણાય.

બાકી તો ...

ગેરહાજરી, ને ધીરુબહેનની ? ચાલે નહીં,

પણ પૃથ્વી પર તો સમય-અવધિ પ્રભુએ પણ પાળી હતી.

# મારાં ધીરુબહેન

**– અમિતાભ મડિયા**

સત્તાણું વરસની ઉંમરે પણ અવનવા નવલકથાસર્જનનો ઉન્મેષ દાખવનાર ધીરુબહેનને સલામી ભરીએ, પણ એમનો અવિરત પ્રેમ આપણા સૌએ ઝીલ્યો છે એ હંમેશાં હૈયામાં ધબકતો રહેશે.

૨૦૧૩ કે '૧૪માં ગુજરાત વિશ્વકોશમાં ધીરુબહેનને હું પહેલી વાર મળ્યો. એ તારીખ કે મિલનની સ્મૃતિ મારા દિમાગમાં આજે સ્પષ્ટ નથી, પરંતુ અમારા બંને માટે એ ક્ષણ 'લવ એટ ફર્સ્ટ સાઈટ' હતી. એમાં ધીરુબહેનનો ચુનીલાલ મડિયા માટેનો અહોભાવ કે મડિયાપ્રેમ પણ થોડેક અંશે કારણરૂપ હોઈ શકે.

દોસ્તી કેવળ દોસ્તી જ હોય છે. એમાં ઉંમર, વડીલશાહી, વિદ્વત્તા, સર્જનાત્મકતા વચ્ચે આવતાં નથી. સહજ સ્ફુરણા જ દોસ્તીનો આધાર છે. અને એ આધારે જ અમારો સંબંધ ગાઢ થયો. ગુજરાતી ભાષાના નવયુવાન વાર્તાકાર જિજ્ઞેશ બ્રહ્મભટ્ટને તેઓ એક લેખક તરીકે જાણતાં, પણ ખાસ ચાહીને રૂબરૂ મળવા માટે તેઓ મને લઈને ૨૦૧૮માં જિજ્ઞેશને ઘેર જઈ ચડ્યાં. મસ્ક્યુલર ડિસ્ટ્રોફીથી પીડાઈ રહેલા જિજ્ઞેશભાઈ પથારીવશ, કૃષકાય હાલતમાં હતા. ચમચીથી કુટુંબીજનો તેમને ખવડાવતા. તેઓ ગળામાંથી જે અવાજ કાઢતા તેનું અર્થઘટન તેમના કુટુંબીજનો કરતા, એ રીતે તેમની સાથે વાતો કરી. જિજ્ઞેશ, તેનાં પત્ની અને પુત્રીઓ પંખી-પરીને મળીને એમને આનંદ થયેલો. જૈફ ઉંમરે પણ ઉમંગ અને ઉત્સાહ ધીરુબહેનમાં છલકાતો, નવયુવાનો સાથે દોસ્તી કરવાની તાલાવેલી છેક સુધી હતી. આ ધીરુબહેનને જૈફ કઈ રીતે કહી શકાય ? એ ચિરયુવાન હતાં !

ચરોતર-વસોના સમૃદ્ધ પટેલ પરિવારમાં એમનો જન્મ, જોકે બાળપણથી એમનો ઉછેર તો બહુરંગી કોસ્મોપોલિટન શહેર મુંબઈમાં. એમનાં દાદા અને માતાપિતા સુધારક વૃત્તિનાં અને જમાનાથી ઘણાં આગળ. બુટ્ટી પહેરાવવા માટે બાળ ધીરુબહેનનો કાન વીંધવાની દાદાએ મનાઈ કરી'તી. તેઓ એ અર્થનું બોલ્યા'તા કે, દીકરીને સમજણી થવા દો, પછી એની મરજી હશે તો વીંધાવીશું ! લગ્ન કરવા માટે પણ વડીલોએ કદી દબાણ કર્યું નહીં. આઠથી બાર વરસની ઉંમર સુધીમાં ધીરુબહેન ઝાડ પર ચઢવામાં, સ્કેટિંગ કરવામાં અને સ્વિમિંગ કરવામાં પાવરધાં થઈ ગયેલાં. માતા ખુલ્લા મનનાં ગાંધીવાદી મહિલા હતાં. મને લાગે છે કે ખાદીના સાડલાનો પહેરવેશ ધીરુબહેનને માતાના સંસ્કાર-વારસામાં મળ્યો. પોતે કદી પાસપૉર્ટ કઢાવ્યો નહીં. મને કહેલું કે, આ વિશાળ ભારત છોડીને ફરવા ખાતર પણ વિદેશોમાં જવાની શી જરૂર ?

ચુનીલાલ મડિયા સાથેનો એક પ્રસંગ ધીરુબહેને મને એકથી વધુ વાર કહેલો. મડિયાના જીવનનાં છેલ્લાં વર્ષોમાં ૧૯૬૫થી ૧૯૬૯ના અરસામાં ધીરુબહેન કોઈ મુદ્દો ચર્ચવા માટે મડિયાને ઘેર ચંદ્રલોક (વીલ્ડરનેસ રોડ - મલબારહિલ) ગયેલાં. ધીરુબહેને એ મુદ્દો છેડ્યો અને મડિયાને કંઈક ગેરસમજ થઈ. મડિયાનો ક્રોધ ભભૂકી ઊઠ્યો.

ધીરુબહેને તેમને ટપાર્યા, 'તમારાં નાનાં બાળકોની હાજરીમાં આમ ઘાંટા પાડતાં તમને શરમ નથી આવતી, મડિયા ?'

૧૯૬૮ની ૨૯મી ડિસેમ્બરની રાતે ચુનીલાલ મડિયાની અંતિમ મુસાફરીમાં ધીરુબહેન સહયાત્રી હતાં. અમદાવાદ ખાતે યોજાયેલી પીઈએન કૉન્ફરન્સ પૂરી થાય તે અગાઉ એક દિવસ છોડીને મડિયા અને ધીરુબહેન પોતાના શહેર મુંબઈ જવા માટે કાલુપુર, અમદાવાદ રેલવે જંકશને રાતે દસ વાગ્યે ગુજરાત મેલમાં ચઢ્યાં. મડિયા અને ધીરુબહેનના ડબા એકમેકથી દૂર, અલગ હતા. ટ્રેન ચાલવી શરૂ થઈ, પરંતુ પછીના સ્ટૉપ મણિનગર રેલવેસ્ટેશને નિર્ધારિત બે મિનિટનું રોકાણ (સ્ટૉપેજ) આશરે વીસેક મિનિટ સુધી લંબાયું. સ્વાભાવિક રીતે તમામ મુસાફરો વ્યાકુળ બન્યા. ધીરુબહેને પણ બીજા મુસાફરોને પૂછપરછ કરી, જાણવા મળ્યું કે અમદાવાદ-કાળુપુરથી ચઢેલા કોઈ એક મુસાફરની તબિયત લથડવાથી તેને અહીં મણિનગર સ્ટેશને ઉતાર્યો છે અને રેલવે-પોલીસ તેની સારવારની વ્યવસ્થા કરી રહી છે. ધીરુબહેનને એ વેળા સ્વપ્નેય એ વિચાર આવેલો નહીં કે એ મુસાફર ચુનીલાલ મડિયા હતા ! ખરેખર શું બન્યું હતું, તે હકીકત ધીરુબહેનને બીજા દિવસે સવારે મુંબઈ પહોંચીને છાપું વાંચ્યું ત્યારે જાણી ! ધીરુબહેન બેબાકળાં બની ગયાં !

એક વાર ગુજરાતી મહાનવલકથા 'સરસ્વતીચંદ્ર' વિશે વાત નીકળતાં ધીરુબહેન સહેજ ખિન્ન સ્વરે બોલ્યાં હતાં કે, 'લેખક ત્રિપાઠીસાહેબ આ નવલકથામાં છેક છેડે આવીને શા માટે પાણીમાં બેસી ગયા ? શા માટે કુસુમનો વિધવાવિવાહ કરવાની હિંમત દાખવી નહીં ?'

ધીરુબહેન અંગ્રેજી સાહિત્યનાં અધ્યાપક. હજી ૨૦૨૩ના જાન્યુઆરીમાં જ મેં તેમને પૂછ્યું, 'અંગ્રેજી સાહિત્યમાં તમારા પ્રિય ફિકશન રાઇટર કોણ ?' મેં ધાર્યું હતું કે કોઈ ભવ્ય ક્લાસિક નવલકથાકાર કે નવલિકાકારનું નામ એ બોલશે ! એમણે તરત જવાબ આપ્યો, 'પી. જી. વૂડહાઉસ ! વેદના, દર્દ અને યાતના ઘૂંટ્યા કરતા લેખકો મને પસંદ નથી !' ☙

---

આવી પકડી કાન વઢીને કેમ ના લઈ જતી ઘરે  
આટલો શું રો, તુજને શોભતો જનની અરે ?  
લેખણ અને કાગળ તણી આ રમત લંબાઈ ઘણી  
તોય મન માને નહીં એ અવકૃપા છે હરિતણી

*

સંતનાં નયનો થકી ઝરતી કરુણા ઝીલવી  
કે વળવું ફરી નિજ પંથ એના એ જ આ સંસારમાં  
પ્રારબ્ધ શું એ પૂર્વનું કે ખેલ મનમર્કટતણા ?  
સમજાય ના એ કરી કૃપા સમજાવજો હે શ્રીહરિ.

— **ધીરુબહેન પટેલ** *('છોળ અને છાલક'માંથી)*

# હૃદયસ્થ ધીરુબહેન

**– નલિની દેસાઈ**

ધીરુબહેન પટેલ મોટા ગજાનાં સાહિત્યકાર. સાહિત્યના દરેક સ્વરૂપમાં તેમની કલમે વિહાર કરાવ્યો છે. જન્મથી જ એમને ગાંધી સંસ્કાર મળ્યા. ધીરુબહેનને જાણે કે ગળથૂથીમાંથી જ સાહિત્યનો વારસો સાંપડ્યો હતો. તેમનાં માતુશ્રી ગંગાબહેને પણ સાહિત્યમાં પદાર્પણ કરેલું.

ધીરુબહેનને નજીકથી જોવાનો, સાંભળવાનો અને તેમની સાથે થોડો સમય કામ કરવાનો લહાવો મને મળેલો. તેમણે બહેનો માટેની લેખનશિબિર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ઑફિસમાં રાખેલી. તે સમયે તેમની સાથે થોડું કામ કરવાનું થયું. કામની ચીવટ, ચોકસાઈ વગેરે તેમની સાથે કામ કરતાં શીખવાનું મળ્યું.

ધીરુબહેનને સાંભળવા એ પણ એક લહાવો. વાત લહેકાથી કરે. વક્તવ્ય આપે તેમાં પણ ભારેખમ શબ્દો નહીં. તેમણે ‘જિંદગીની સફર’ એ વિશે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં વક્તવ્ય આપેલું. તેમાં તેમણે કહેલું : ‘પાંચ-છ વર્ષની ઉંમરથી લખું, ડાયરી લખું, મારી ને મારી જાતને પત્રો લખું. મને ખબર હતી કે હું મોટી થઈને લેખિકા થવાની જ છું.’ આમ બાળપણમાં જે વિચારેલું તે તેમણે જાણે કે કરી બતાવ્યું. એમનામાં આત્મવિશ્વાસ કેવો હતો તે આના ઉપરથી દેખાઈ આવે છે. આવો જ આત્મવિશ્વાસ તેમનામાં છેક સુધી ટકેલો.

વિશ્વકોશમાં દર મહિને વર્ષગાંઠની પાર્ટીનું આયોજન થાય. બધાને શુભેચ્છા અપાય. નવી વ્યક્તિ વિશ્વકોશમાં જોડાય તેનો પરિચય અપાય અને વિશ્વકોશની પ્રવૃત્તિ અંગે વાત થાય. પછી બધા જ મૌન. ધીરુબહેન કહે, ‘આ તે કંઈ પાર્ટી કહેવાય ? પાર્ટીમાં તો ગપસપ ચાલે, વાતો થાય’ અને એમણે નક્કી કર્યું કે પાર્ટીમાં કોઈક એક વ્યક્તિ પોતાને ગમતી વાત કરે. આમ કાર્યક્રમમાં તેઓ જીવંતતા લાવતાં.

ધીરુબહેનનું વ્યક્તિત્વ જ એવું કે એક પ્રકારની તાજગીનો અનુભવ થાય. તેઓ દરેક વ્યક્તિને પોતાનાં પ્રિયજન બનાવી દેતાં હતાં.

ધીરુબહેનનું વ્યક્તિત્વ પણ કેટલા પ્રકારનું. અધ્યાપિકા, પ્રકાશન સંસ્થાનાં સંચાલક, સાપ્તાહિકનાં તંત્રી, પરિષદનાં મંત્રી અને પ્રમુખ - આ દરેક જગ્યાએ તેમણે અલગ અલગ ભૂમિકા ભજવી છે, પણ બધામાં તેમનું ઉત્તમ વ્યક્તિત્વ એક સ્નેહાળ, પ્રેમાળ હૃદય ધરાવતું વ્યક્તિત્વ. મારાં માતુશ્રીના ખબર કાયમ પૂછતાં. તેમનું અવસાન થયું પછી તેમણે મને આશ્વાસન આપ્યું. મારાં માતુશ્રીના અવસાનના થોડા દિવસો પછી એક સવારે એમનો ફોન આવ્યો, ‘નલિનીબહેન, તમારે માટે એક પિક્ચરનો પ્રીમિયર શો થવાનો છે એમાં મેં ટિકિટ લીધી છે. ના નથી પાડવાની. તમારાં માતુશ્રીના અવસાનના દુ:ખમાંથી તમે થોડાં ફ્રેશ થાવ એના માટે છે.’ આટલું ધ્યાન રાખનાર ધીરુબહેનમાં હું હંમેશાં મારી માતાને શોધતી.

તેઓ ખાવાનાં પણ શોખીન. એક વખત કહે, 'મને શ્રીખંડ બહુ ભાવે. આપણે ક્યારેક સાથે જમવા જઈશું.' પછી કહે, 'ઘરનો શ્રીખંડ વધારે ભાવે.' એમણે ગુજરાત વિશ્વકોશ પરિવારને 'ગોપી' ડાઈનિંગ હૉલમાં ખૂબ પ્રેમથી ભોજન કરાવેલું.

તેઓ ઘણી વાર સવારમાં ફોન કરે. પછી કહે, 'તમને ડિસ્ટર્બ કર્યાને ?' હું કહું, 'ના.' પછી કહે, 'તમે યાદ આવ્યાં ને એટલે મારાથી ફોન થઈ ગયો.' આટલાં મોટાં સાહિત્યકાર યાદ કરે અને ફોન કરે તેનાથી જ હું તો ધન્ય થઈ ગઈ હતી.

ગુજરાત યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં ધીરુબહેનની 'કાદંબરીની મા' નવલકથા અભ્યાસક્રમમાં ભણાવવાની. મને એમ કે ધીરુબહેન સાથે વિદ્યાર્થીઓનો વાર્તાલાપ થાય. તેમને વાત કરી. તેઓ કહે, 'મને સવારમાં થોડું બહાર નીકળવાનું ઓછું ફાવે. પણ વિશ્વકોશમાં વિદ્યાર્થીઓ આવે તો આવી શકું.' મેં, પ્રીતિબહેને અને પછી બીજા બે-ત્રણ કૉલેજના અધ્યાપકોએ નક્કી કર્યું કે આપણા વિદ્યાર્થીઓ સવારે વિશ્વકોશના હૉલમાં આવે અને પછી ધીરુબહેન સાથે વાત થઈ. તેમને ઘણી મુશ્કેલી હોવા છતાં સવારે આવ્યાં અને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો. પછી તો તે દિવસે આખો દિવસ વિશ્વકોશમાં જ રોકાયાં. પાછાં કહે, 'હવે મારી વિશ્વકોશની નોકરી કરીશ.' તેમણે 'કિચન પોએમ્સ' નામે એક કાવ્યસંગ્રહ પણ આપ્યો.

ધીરુબહેનમાં એક શક્તિ એવી કે સામેવાળી વ્યક્તિમાં જે પ્રકારની શક્તિ પડી છે, તેને બહાર લાવવાનું કામ તેમણે કર્યું છે. તેમણે ઘણી વ્યક્તિઓને લખતી કરી છે. આજેય તેઓ મારે માટે તો હૃદયમાં બિરાજમાન છે. તેમને ભાવપૂર્ણ અંજલિ. ☙

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઈલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# દોડીને આવીશ......

**– જસુભાઈ કવિ**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં પૂજ્ય ધીરુબહેન પટેલ સાથેની થયેલી પહેલી મુલાકાત અને ગત ૧૦મી માર્ચ, ૨૦૨૩ ને શુક્રવારના રોજ સવારે તેમણે ૯૭મા વર્ષે પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો - એ બે સ્થિત્યંતરો વચ્ચેનો ટૂંકો, છતાં અનેક અર્થોમાં સમૃદ્ધ કહી શકાય તેવા પરિચય દરમિયાન તેમના દ્વારા ધોધમાર વરસતા વાત્સલ્યના વરસાદની થોડીક વાછંટની શીતળતામાં ભીંજાવાનું સદ્‌ભાગ્ય અને તેમના ચાલ્યા જવાથી માતૃભાષાની શબ્દસૃષ્ટિમાં સર્જાયેલો કદી પણ ન ભરાય તેવો ખાલીપો શબ્દોમાં મૂકવાનો આ અધૂરો પ્રયાસ છે.

લગભગ આખી કારકિર્દી મુંબઈમાં ગાળ્યા પછી તેઓ અમદાવાદમાં આવ્યાં હતાં. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ અમદાવાદની તેમની સક્રિય નિવૃત્તિને વધારે સક્રિય બનાવવા અને તેમની અનુભવસમૃદ્ધિનો - સર્જકતાનો સહુને લાભ મળતો રહે તેવા ઉદ્દેશ્યો અને પૂજ્ય ધીરુબહેન તરફના તેમના પ્રેમાદરને કારણે તેમને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની જ્ઞાનયાત્રામાં એક પ્રભાવી ચાલકબળ તરીકે જોડાઈ જવા મનાવી લીધેલાં.

આમ તો વિદ્યાર્થીકાળથી જ પૂજ્ય ધીરુબહેનના લગભગ બધા જ સર્જક ઉન્મેષોને વાંચેલા. એમણે લખેલી કથા ઉપરથી બનેલી ફિલ્મ ‘ભવની ભવાઈ’ અને બીજી ફિલ્મો પણ જોયેલી, વળી એના કરતાંય મહત્ત્વનું કહી શકાય તેવું કારણ તો એ ગણાય કે એમની પાઠ્યપુસ્તકમાંની ઘણીબધી કૃતિઓ મારા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ સાથે વહેંચવાનો આનંદ પણ લીધેલો, પણ ક્યારેય તેમને રૂબરૂ થવાનો અવસર મળ્યો નહોતો. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું અમારું ભવન એ પવિત્ર અવસરનું આંગણું બન્યું.

પ્રથમ જ મુલાકાતમાં એમની બાળસહજ નિખાલસતા, છલોછલ પ્રેમ, અસાધારણ વિદ્વત્તા, આંખોમાંથી વરસતું અમી, મોટા ગજાના સર્જક હોવા છતાં અને મોટી કહી શકાય તેવી વયે પણ હસતાં હસાવતાં રહેવાનું તેમનું મૌલિક કૌશલ્ય, કોઈ પણ મુદ્દા ઉપર પોતાના મૌલિક વિચારો બેધડક રજૂ કરવાની તેમની હામ, સામા માણસને પોતાની વિદ્વત્તા કે વયનો સહેજ પણ અહેસાસ ન થાય તેવી વાણી અને તેવું જ વર્તન... વગેરે આગવાં ગુણ-લક્ષણોએ મને પણ તેમનો ચાહક, ભાવક અને ભક્ત બનાવી દીધેલો.

હું પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો સાથેની શૈક્ષણિક કારકિર્દી પૂરી કરીને અહીં જોડાયો છું તેવું જાણ્યા પછી ખબર નહિ કેમ તેમનો મારા તરફનો એક વિશેષ અનુરાગનો ભાવ હું અહેસાસ કરી શક્યો હતો. પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનોની આંખ વગરની દુનિયાના અનુભવો સાંભળવામાં તેમને અદ્‌ભુત રસ પડતો. ક્યારેક ક્યારેક તો તેમની ફુરસદે

તેઓ મને બોલાવતાં અને પછી લાંબા સમય સુધી પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનોના સંદર્ભો સાથેની મારી સાથે વાતો કરતાં રહેતાં. મને બરાબર યાદ છે કે આ વિષય ઉપરની જ્યારે જ્યારે ચર્ચા થતી ત્યારે ત્યારે તેઓ પોતાની આંખો બંધ કરીને સંપૂર્ણ એક ધ્યાન થઈને મારી વાતોમાં ડૂબી જતાં. ક્યારેક ક્યારેક તો એવી વાતો સાંભળતાં સાંભળતાં એમની આંખોના ખૂણા સંવેદનાનાં ઝળઝળિયાંથી ભીના થઈ જતા પણ જોયા છે.

એમનું હૃદય ખૂબ સંવેદનશીલ હતું એ તો સૌ કોઈ જાણે છે પણ મને આશ્ચર્ય અને આનંદ એ વાતનો થતો કે પ્રજ્ઞાચક્ષુઓ સાથે કામ કરવાનો મારો અનુભવ આમ જુઓ તો વધારે હતો પણ પૂજ્ય ધીરુબહેન સીધા અનુભવ વગર પણ પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનોની ચેતનાને પામવામાં મારા કરતાં પણ ઘણાં આગળ જણાતાં - ક્યારેક ક્યારેક તો આ વિષયમાંનાં તેમનાં સૂઝ, સંવેદના અને સામર્થ્યથી હું સાનંદ આશ્ચર્યચકિત થઈ જતો.

એ પછી તો પૂજ્ય દેસાઈસાહેબના નેતૃત્વમાં અને શ્રદ્ધેય ધીરુબહેનની હૂંફ અને સથવારાથી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં પહેલી વાર અમે અખિલ ગુજરાત કક્ષાની સંમિલિત એકાંકી નાટકોની પ્રસ્તુતિનો ત્રિદિવસીય કાર્યક્રમ કરી શકેલા જેમાં આશ્ચર્યકારક રીતે સૂરતની અંધજન શાળાનું એકાંકી ‘જળમાં ઊગ્યું ઝાડ’ દ્વિતીય ક્રમે વિજેતા થતાં ધીરુબહેન, પૂજ્ય કુમારપાળભાઈ, હું અને અમે સહુ પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનોની સામાન્ય પ્રવાહમાં મેળવેલી આ નાનકડી સિદ્ધિથી રોમાંચિત અને આનંદિત થઈ ઊઠેલાં. એ પછી તો પ્રજ્ઞાચક્ષુઓ માટેની અખિલ ગુજરાત કક્ષાની નવલિકાસર્જનની હરીફાઈ પણ કરેલી અને આવી બીજી અનેક પ્રવૃત્તિઓનો સિલસિલો ચાલુ રહ્યો.

પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો માટે કશુંક અસાધારણ કરવાની તેમની ઝંખના તેમની આંખોમાં મેં ઝળહળતી જોઈ છે. વિશ્વકોશની અન્ય અનેક પ્રવૃત્તિઓમાં પણ એમની સાથે રહેવાની જે તક મળી છે તેને હું ઈશ્વરના આશીર્વાદ ગણું છું.

તેમના દેહાવસાનના બારેક દિવસ પહેલાં જ તેમના ઘરે તેમને મળવાનું અને તેમના ચરણોમાં બેસવાનું થયેલું. ગત ૧૮ માર્ચના મારા પુસ્તક-વિમોચન કાર્યક્રમમાં આશીર્વાદ આપવા માટે ઉપસ્થિત રહેવા જ્યારે મેં તેમને વિનંતી કરીને પૂછ્યું : ‘ધીરુબહેન, આપ આવશો ને ?’ વ્હિલચૅરમાં બેઠેલાં ૯૭ વર્ષનાં ધીરુબહેન બાળક જેવું ખિલખિલાટ હસીને બોલેલાં : ‘અરે! આ શું બોલ્યા જસુભાઈ, તમારા પુસ્તકનું વિમોચન હોય અને હું ન આવું એવું બને ખરું ? - હું તો દોડીને આવીશ.’

ખબર નહોતી કે પૂજ્ય ધીરુબહેન ‘દોડીને આવીશ’ એવું કહીને સાત તાળીનો દાવ રમતાં હોય એમ દોડીને આ રીતે જતાં રહેશે.

પ્રત્યેક ગુજરાતીભાષીની, શબ્દપ્રેમીની તેમના ચાલ્યા જવાથી સર્જાયેલી ખાલીપાના વિષાદની અનુભૂતિ અને તેમના આત્માની ચિર શાંતિ માટેની પ્રાર્થનામાં મારાં બધાં જ પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનો વતી મારો સૂર પુરાવી તેમના માતૃવત્સલ ભવ્ય અને દિવ્ય પુણ્યસ્મરણને ચરણ-વંદન કરું છું. ❧

# માતૃભાષા માટેનો લગાવ

**– પિંકી પંડ્યા**

એ દિવસે વિશ્વકોશ ખાતે હું એમને પહેલી વાર મળી. મેં એમને મળ્યાના ઉમળકા સાથે જણાવ્યું કે મને એમની 'વાંસનો અંકુર' લઘુનવલ ખૂબ ગમી હતી. મેં એના ભાષાકર્મ વિશે લેખ પણ કર્યો છે. સાંભળીને એમના ચહેરા પર રાજીપો આવ્યો. મને કહે કે, 'તને ખબર છે શું થયું હતું ?' એટલી સહજતાથી આ પ્રશ્ન આવ્યો હતો, જાણે એક બહેનપણીએ બીજી બહેનપણીને પૂછ્યું. મેં પૂછ્યું, 'શું થયું હતું ?' મને કહે કે, ''એ વખતે લઘુનવલના સ્વરૂપ વિશે કોઈ સ્પષ્ટતા નહોતી. એમણે (સર્જકનું નામ હું ભૂલી ગઈ છું) મને લઘુનવલના સ્વરૂપ વિશે પૂછ્યું. મેં મારી રીતે કહ્યું. એમણે મને કહ્યું કે, 'તમે મને લખી આપો.' મેં હા પાડી. પણ હું તો ભૂલી ગઈ. પછી એક કૉલેજના પ્રસંગમાં અમારે ભેગાં થવાનું થયું. એમણે મને ફરીથી પૂછ્યું કે, 'ક્યારે લખી આપો છો ?' મેં કહ્યું કે, 'હું સ્વરૂપ વિશે નહીં, લઘુનવલ જ લખી આપું છું.' અને ગઈ પ્રિન્સિપાલની ઑફિસમાં. એમને કહ્યું, 'થોડા કાગળ અને એક પેન આપો' અને ત્યાં જ લખવા બેસી ગઈ. પાંચ દિવસમાં લખાઈ ગઈ. હું આશ્ચર્યચકિત. જેની ભાષાએ મને આટલી આકર્ષી, જેનાં વિરામચિહ્નો ભાષાઘટક તરીકે વિશેષ પ્રત્યાયન સાધી શકે છે - એ કૃતિ - સાવ આમ જ, 'લખાઈ ગઈ' !''

અને એથીયે વધુ આશ્ચર્ય એ કે આટલા દિગ્ગજ સર્જક અને સાવ સરળ, સહજ ભાષામાં, સખ્ય ભાવે વાત કરે ! અને એ દિવસે અમારે ખૂબ વાતો થઈ. તેમની કલમે મારામાં જગાવેલા આકર્ષણની, એમના ભાષાસામર્થ્ય વિશે હું કહેતી હતી ત્યારે મને કહે કે, 'છોડ એ બધી વાત. એ તો પતી ગયું. તું મને કહે, તું ભાષા વિશે શું કરી શકે તેમ છે ?' મેં એમને યાદ કરાવ્યું કે ગુજરાતી સાહિત્ય પરિષદમાં માતૃભાષાકૌશલના વર્ગોનું આયોજન કર્યું હતું. એમને યાદ આવ્યું. રાજી થયાં. પછી મને કહે કે, 'અત્યારે હું એવી સ્ત્રીઓ સાથે કામ કરું છું, જેઓ પોતાના ઘરની જવાબદારીમાં પોતાને ભૂલી ગઈ છે, આવી ચાળીસેક વર્ષ વિતાવી ચૂકેલી સ્ત્રીઓને તેમને ગમતી પ્રવૃત્તિ માટે પ્રેરું છું, લખવા માટે પ્રેરું છું. તું એમને ભાષા શીખવામાં, પ્રૂફ શીખવામાં મદદ કરે ?' મેં કહ્યું, 'મને ચોક્કસ ગમશે.' ત્યાર બાદ વિશ્વકોશ ખાતે અમે પ્રૂફવાચનના અભ્યાસક્રમનું આયોજન કર્યું, વિશેષ રીતે બહેનો માટે.

ત્યાર બાદ ઘણા લાંબા સમયે ફરીથી મળવાનું થયું. હું એમને ઉમળકાભેર મળી. એમના ચહેરા પર અવઢવના ભાવ આવ્યા. મને કહે કે, 'આપણે મળ્યાં છીએ. પણ મને અત્યારે કંઈ યાદ નથી આવતું. હવે હું ઘણું ભૂલી જાઉં છું.' મેં એમને યાદ કરાવ્યું કે તમારી પ્રેરણાથી બહેનો માટે પ્રૂફવાચનના અભ્યાસક્રમનું આયોજન કર્યું હતું. એમને યાદ આવ્યું. પછી તરત પ્રશ્ન પુછાયો - 'હવે આગળ શું ?'

સતત કાર્યશીલ રહેવું - એ જાણે એમની પ્રકૃતિ અને અન્યને કાર્યશીલ કરવા -

એ જાણે એમની ચેતનવંતી ઊર્જાનો પ્રભાવ. સહજ, સરળ વ્યક્તિત્વ; આંખોમાં ભોળપણ અને વિસ્મય; વાતચીતમાં અધિકાર સાથેનો સખ્યભાવ; ચહેરા પરનું વાત્સલ્યસભર સ્મિત અને મગજ એટલે નવા આઈડિયાનો ભંડાર. સતત કાંઈક સૂઝ્યા જ કરે.

અમને જોડનારી બાબત હતી, એમનો માતૃભાષા માટેનો લગાવ. વિદ્યાર્થીઓમાં, લોકોમાં માતૃભાષા માટે જાગૃતિ લાવવા શું કરી શકાય ? ભાષાશુદ્ધિ વધારવા શું કરી શકાય ? - એ વિશે બહેન સતત ચિંતન કરતાં રહેતાં. જે માર્ગ સૂઝે - નાટકનો, લેખનનો, સૈદ્ધાંતિક શિક્ષણનો - દરેક માર્ગે કોઈને સાથે લઈને ચાલતાં, કોઈને પ્રેરતાં. વિશ્વકોશ ખાતે ભાષાવર્ગો માટેનાં મુખ્ય બે પ્રેરકબળો : એક ધીરુબહેન અને બીજા બોરીસાગરસાહેબ.

ધીરુબહેને ક્ષરદેહે  વિદાય લીધી છે, પરંતુ અક્ષરદેહે તેમની પ્રેરણા હંમેશાં સાથે જ રહેશે. માતૃભાષા  વિશે સજાગ એવાં ધીરુબહેનની કૃતિમાં તેમના સર્જકત્વને આકારનારી ભાષાને આસ્વાદીએ : ('વાંસનો અંકુર' ભાષાકીય પૃથક્કરણ, 'શબ્દસૃષ્ટિ' વર્ષ :૨૯, અંક : ૪ એપ્રિલ, ૨૦૧૨)

*'ના, મને નથી ફાવતું. મને - હું માનું છું કે હવે મારે... મને નથી ભણવું.'*

*પછી તો એ ઓરડામાં શાંતિ છવાઈ ગઈ. સન્નાટો નહીં - નરી એકધારી મોળી મોળી  શાંતિ.*

*થોડીક વારે એમાં એક ધીમો પરપોટો ઊપસી આવ્યો. ફૂટ્યો.*

*'તેં દાદાને વાત કરી છે ?'*

પિતા-પુત્રના આ એક નાનકડા સંવાદમાં લેખિકાથી કેટલી ભાષાપ્રયુક્તિઓ પ્રયોજાઈ ગઈ છે ! કેશવ - જેણે પિતાને ક્યારેય કશું કહ્યું નથી તે - પોતાના એક મહત્ત્વના નિર્ણય માટે પિતા સાથે વાત કરવા મથી રહ્યો છે. તેના એક જ વાક્યમાં આ મથામણ સૂચવાય છે, તેના દ્વારા વપરાયેલાં સર્વનામોથી 'મને, હું, મારે..' તેને નથી સમજાતું કે આ નિર્ણયમાં પોતાનું કોઈ કર્તૃત્વ કે પોતાની કોઈ ઇચ્છા હોઈ શકે કે કેમ ? અને જે પિતાએ માત્ર દીકરાને જોઈને જ ખુશ થવાનું નક્કી કર્યું છે, તેની બધી જવાબદારી સસરાને લેવા દીધી છે, ખરેખર તો ગરીબડા પિતા પાસેથી જ આ જવાબદારી ખૂંચવી લેવામાં આવી છે એ સંજોગોમાં પિતા નિર્ણય માટે શું કહે ? શું કરે ? આ છવાયેલી 'શાંતિ' માટે લેખિકા દ્વારા પ્રયોજાયેલું વિશેષણ છે : 'મોળી મોળી'. એમાં પિતા-પુત્રના સ્નેહનું માધુર્ય નથી, પુત્રની જીદનું ખટમીઠાપણું નથી, પિતાના ગુસ્સાની તીખાશ નથી... શું કરવું તે સમજાતું નથી તેની 'મોળાશ' છે. અને પાણીમાંની હવા આકાર ધારણ કરે અને પરપોટો બને તેવી જ રીતે  પિતાના મનની વાત બહાર આવે છે - પરપોટા રૂપે. પરપોટો પણ ફૂટે અને બૉમ્બ પણ. અહીં પણ કશુંક ફૂટે છે. *'ફૂટ્યો'*. એક નાનકડા વાક્ય દ્વારા વાત ભલે પેલા નાનકડા પરપોટાની હોય, પણ બંનેને દઝાડનારી તો છે જ - દાદાને ખબર છે કે નહીં - તેની.

આવી સમર્થ ભાષાની સ્વામિનીએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે, પરંતુ તેમની પ્રેરણા હંમેશાં આપણી સાથે રહેશે. ❧

# ગુજરાતી લેક્સિકનનું પ્રેરણાબળ

**– મૈત્રી શાહ**

‘સારું થયું તું આવી ગઈ’ એમ જ્યારે તમને એક નવી જગ્યાએ નવા માહોલમાં અને નવા લોકો વચ્ચે સ્નેહાળ ભાવે કોઈ કહે ત્યારે એ નવી જગ્યા કે માહોલ કે લોકો અજાણ્યા નહીં રહેતાં ચિરપરિચિત બની જાય છે. અને આવું કહેનાર જ્યારે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં વડીલ મુરબ્બી સુશ્રી ધીરુબહેન પટેલ હોય ત્યારે વાત જ કંઈ વિશિષ્ટ બની જાય છે.

સદાય મરક મરક હસતો ચહેરો અને જૈફ વયે પણ ગુજરાતી ભાષા-સાહિત્ય અને ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકો માટેના સાહિત્યસર્જન માટે સતત કાર્યરત એવાં ઉચ્ચ દરજ્જાનાં એક સ્ત્રીસાહિત્યકાર એટલે સુશ્રી ધીરુબહેન પટેલ. એમની આંખો હંમેશાં કંઈક તમને કહેતી હોય તેવું લાગ્યા કરે. દરેક વાતમાં તેઓ હાસ્યનો રણકો શોધી કાઢી શકે અને વાતાવરણ એકદમ હળવું બનાવવાની એક અજબ લાક્ષણિકતા તેઓ ધરાવતાં હતાં.

ગુજરાતી લૅક્સિકન વેબસાઇટનું લોકાર્પણ ૧૩ જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ મુંબઈ મુકામે સુશ્રી ધીરુબહેન પટેલના વરદ હસ્તે થયું હતું. ધીરુબહેને આ પ્રકલ્પને અનેક કલાકો આપ્યા છે. વળી તે સમયે ધીરુબહેન ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’માં પ્રમુખ હતાં. વળી ધીરુબહેને વિનોદ અધ્વર્યુ, કુલીનચંદ્ર યાજ્ઞિક, રસેન્દ્ર પંડ્યા, બાબુલાલ મ. શાહ તેમ જ ચંદુભાઈ એમ. શાહ સરીખા વિદ્વાન તજ્જ્ઞોનો અનુભવ આ પ્રકલ્પના ખરાપણાની ચકાસણી કરવા મેળવી આપ્યો હતો. રતિકાકા જ્યારે પણ કોઈને મળે કે ધીરુબહેનની વાત નીકળે ત્યારે હંમેશાં તેમનો હૃદયથી આભાર માનવાનું ચૂકતા નહીં.

ગુજરાતી લૅક્સિકન પ્રકલ્પ સંદર્ભે એક-બે પ્રસંગે મારે જ્યારે મુંબઈ જવાનું થયું ત્યારે રતિકાકાએ ધીરુબહેનને મળવાનું અને તેમનું મંતવ્ય જાણવા જણાવ્યું. આ અંગે જ્યારે ધીરુબહેનને ફોન કર્યો તો મીઠો ઠપકો આપી કહે, ‘અરે એ માટે પૂછવાનું ના હોય, આવી જવાનું હોય’ અને જ્યારે એમના ઘરે પહોંચ્યા ત્યારે કામ સિવાયની અઢળક વાતો અને રસદાર ભોજનના સથવારે તેમણે કરી. વળી કહે, ‘જમ્યા વિના જવાનું જ નથી’ અને આગ્રહપૂર્વક પ્રેમથી અમને જમાડ્યા.

તેઓ જ્યારે અમદાવાદ આવ્યાં ત્યારે પણ એક-બે વાર તેમના ઘરે મળવાનું થયું. જ્યારે પણ મળીએ ત્યારે કાયમ પૂછે, ‘કામ કેવું ચાલે છે ? લોકો ગુજરાતી લૅક્સિકન વાપરે છે ? નવું શું ઉમેર્યું ?’ જાણે રતિકાકાનો આત્મા તેમનામાં આવી ગયો હોય તે રીતે એટલા હકથી અને એટલી સહજતાથી તેઓ પ્રકલ્પ સંદર્ભની રજેરજની માહિતી મેળવતાં. ગુજરાતી લૅક્સિકન અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના જોડાણ પાછળ પણ ધીરુબહેન અને કુમારપાળભાઈનો સૌથી વધુ સહયોગ રહ્યો છે. અને આ સાથના કારણે જ આજે શબ્દકોશ અને જ્ઞાનકોશ આપને એક જ સરનામે ઉપલબ્ધ બન્યા છે.

ધીરુબહેન આજે સદેહે તો હયાત નથી પણ અમારી યાદોમાં અને ગુજરાતી લૅક્સિકન પ્રકલ્પમાં તેમણે આપેલા સાથ-સહયોગને કારણે તેઓ હંમેશાં જીવંત રહેશે. ☙

# બૅન્કિંગ ક્ષેત્રે કટોકટી

વર્તમાન યુગમાં બૅંકો અને નાણાકીય સંસ્થાનું આગવું મહત્ત્વ છે. લોકોની બચત ડિપૉઝિટ તરીકે સ્વીકારી તેના ધિરાણ થકી નફો કરતી બૅંકો કે નાણાકીય સંસ્થાઓની આર્થિક તાકાત અકલ્પ્ય છે. વિશ્વના અર્થતંત્રમાં જે ૧૦૦ મહાકાય આંતરરાષ્ટ્રીય કંપનીઓ કાર્યરત છે તેમાં સૌથી મહત્ત્વની ભૂમિકા નાણાક્ષેત્રની છે. નાણાં થકી જ અન્ય ક્ષેત્રોની પ્રવૃત્તિ શરૂ થાય છે અને વિકસે છે. વિશ્વના કૉર્પોરેટ ક્ષેત્રને ધબકતું રાખવામાં નાણાકીય વ્યવહારોનું પ્રદાન નોંધપાત્ર છે. વર્ષ ૨૦૦૮માં અમેરિકાની નાણાકીય સંસ્થાઓ અને બૅંકોએ ખૂબ મોટા પાયે ધિરાણ લેનારની ક્ષમતા નજરઅંદાજ કરી આવાસો ખરીદવા માટે જંગી રકમોની લોનો આપી હતી. ધિરાણ લેનાર પાસે બચત અપૂરતી અને લોનના કિસ્સામાં ચુકવણીમાં વિલંબ અને નિષ્ફળતાની ઘટનાઓ થવા લાગી. આના કારણે બૅંકોને નુકસાન ભોગવવાનું આવતાં સૌથી મોટી એવી નાણાકીય કંપની 'લેહમન' નાદારીના આરે આવી ગઈ હતી. તત્કાલીન અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ અબજો ડૉલરની સહાય બાદ આ જોખમમાં મુકાયેલી બૅંકો અને નાણાકીય સંસ્થાઓને બચાવી. ૨૦૦૮માં બૅંકોની નિષ્ફળતા રોકી શકાય તે પહેલાં તો તમામ ક્ષેત્રે ઘેરી મંદી આવી. લાખો એકમો બંધ પડ્યા, અનેક લોકોએ રોજગારી ગુમાવી. સદ્નસીબે છથી આઠ માસના ગાળામાં સૌના સહિયારા પુરુષાર્થ થકી વિશ્વનું અર્થતંત્ર પુનઃ ચેતનવંતું બન્યું. જોકે મંદીની માઠી અસરો લાંબા ગાળા માટે ચાલુ રહી.

બૅંકોની સધ્ધરતા અને તેમની વિશ્વસનીયતા એ બે મુખ્ય આધારસ્તંભો છે. ડિજિટલ યુગના તીર્થસ્થાન સમી અમેરિકાની સિલિકોન વૅલીમાં કાર્યરત સિલિકોન વૅલી બૅંક તેની ચુકવણીની જવાબદારી અદા કરવામાં ઢીલી પડી અને સમગ્ર વિશ્વમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આ સાથે જ ન્યૂયૉર્કની સિગ્નેચર બૅંક પણ કટોકટીમાં સપડાતાં સૌને ચિંતા થઈ છે કે શું આપણે ફરી વર્ષ ૨૦૦૮ની તીવ્ર મંદીનો અનુભવ કરીશું ? સિલિકોન વૅલી બૅંક SVBના ટૂંકા નામે જાણીતી છે. જો બંધ પડશે તો તેના એક લાખથી વધારે કર્મચારીઓ નોકરી ગુમાવશે. સિગ્નેચર બૅંક સિવાયની બીજી છ અમેરિકી બૅંકોની હાલત હાલકડોલક છે. આ નિષ્ફળતાની આંધી વિશ્વના અર્થતંત્ર માટે ખૂબ મોટું નુકસાન કરશે તેમાં શંકા નથી. અમેરિકાના પ્રમુખ જો બાઈડેને પત્રકારના બૅંકિંગક્ષેત્રની સ્થિતિના પ્રશ્નનો જવાબ આપવાના બદલે મોઢું ફેરવી ચાલતી પકડી તે વર્તન લાખો શબ્દો કરતાં વધારે સબળ સંદેશ આપે છે; 'ચિંતા કરવા જેવી સ્થિતિ છે.'

બૅંકો જ્યારે ડિપૉઝિટો સ્વીકારે છે ત્યારે તેમની પરત ચુકવણીની જવાબદારી નક્કી હોય છે. આ ડિપૉઝિટનું વ્યાજ આપવા અને ખર્ચ કરતાં વધારે આવક થાય તે માટે ધિરાણ લેનાર પાસેથી વ્યાજ સાથે મુદ્દલ વસૂલવાનું જરૂરી છે. લોન લેનાર વ્યક્તિ કે કંપની આ લોનની ચુકવણી નથી કરી શકતી ત્યારે બૅંકોના કામકાજ પર જ નહીં પણ તેના અસ્તિત્વ પર જોખમ ઊભું થાય છે.

બૅંકોની કામગીરી નિશ્ચિત ધારાધોરણો મુજબ થાય, ડિપૉઝિટ મૂકનારને તેની મૂડી માટે સલામતી મળે અને બૅંકો નફો કરી જરૂરી અનામત ભંડોળ ઊભું કરે તે માટે 'નિયમનતંત્ર' સરકારો દ્વારા સ્થાપિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત નાણાકીય સ્થિતિના વિશ્લેષણમાં જાણકારી ધરાવતી કંપનીઓ બૅંકો, વીમા કંપનીઓ, શૅરબજારમાં નોંધાયેલી કંપનીઓની નાણાકીય સધ્ધરતા અંગે ગ્રેડિંગ આપે છે. દરેક બૅંકો અને નાણાકીય સંસ્થાએ નિયમનકારો નક્કી કરેલા માપદંડોનો ભંગ કરતા હોય તેવાં લ્હેણાંને શંકાસ્પદ ગણી તે માંડી વાળવા માટે જરૂરી નાણાકીય જોગવાઈઓ દર વર્ષે સરવૈયામાં કરવાની હોય છે. આમ જોઈએ તો આટલું વ્યવસ્થિત દેખાતું તકેદારી તંત્ર હોય, બૅંક પાસે ડિપૉઝિટથી વધારે અનામત ભંડોળ હોય છતાં સાવ અચાનક તેની હાલત કફોડી થાય ત્યારે સામાન્ય માણસના મનમાં પ્રશ્ન થાય છે, 'શું આ તકેદારી તંત્રમાં ખામી છે ?' તકેદારીના માપદંડોનો ભંગ થયાના સેંકડો કિસ્સામાં નિયમનતંત્ર સફાળું જાગીને કાર્યવાહી કરે ત્યારે સૌને ખબર પડે છે કે આ તો ઘોડાઓ નાસી ગયા બાદ તબેલે તાળાં મારવાનો પ્રયોગ છે. સુદૃઢ બૅંકિંગ વ્યવસ્થા એ દેશના અર્થતંત્રનું બૅરોમીટર છે. સામાન્ય નાગરિકોની આર્થિક સુરક્ષા અને સુખ માટે તેમની મૂડીની સલામતી, વળતર અને ભરોસો જરૂરી છે.

પોતાના પરસેવાની કમાણીમાંથી બચત કરી બૅંકોમાં જમા કરાવતા કરોડો પરિવાર માટે આ રકમ જીવન જીવવા માટે એકમાત્ર આધાર હોય છે. તેની મૂડીનું અવમૂલ્યન થાય કે બૅંક તે ચૂકવવામાં નિષ્ફળ જાય ત્યારે ડિપૉઝિટરો માટે આભ તૂટી પડે છે. થોડાં વર્ષો પહેલાં ગુજરાતમાં ૧૯૯૯માં માધવપુરા નાગરિક સહકારી બૅંક અને તેને પગલે અન્ય ૩૦ નાગરિક સહકારી બૅંકો નાદાર થઈ હતી ત્યારે રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાએ ડિપૉઝિટની વીમા યોજના હેઠળ એક લાખ રૂપિયા સુધીની રકમ વધારીને તેની મર્યાદા પાંચ લાખ રૂપિયા કરી. અમેરિકાના કાયદા પ્રમાણે વ્યક્તિગત ડિપૉઝિટરની અઢી લાખ(યુ.એસ. ડૉલર)ની રકમ વીમા થકી સુરક્ષિત છે. બૅંકોની સ્થિતિ ગંભીર થાય છે ત્યારે તેનાં દૂરોગામી પરિણામો આવે છે. નાના નાના બચતકારોની મૂડી અને ગરીબોની અનામતોમાંથી મોટા વેપારી-ઉદ્યોગકારોને અપાયેલી જંગી લોનની રકમમાં નાદારી નોંધાય ત્યારે સમાજમાં આર્થિક અસલામતી, અસંતુલન અને અરાજકતા સર્જે છે. સામ્યવાદી વિચારધારાના પ્રેરક કાર્લ માર્ક્સના મતે તો મૂડીવાદમાં આ વિરોધાભાસ અનિવાર્ય છે. બૅંકો મૂડીપતિઓના એજન્ટ બનીને ગરીબ અને મધ્યમવર્ગનું શોષણ કરે છે.

વર્તમાન યુગમાં વિવિધ દેશોની સરકારો આંખ મીંચીને અઢળક રકમ દેવા તરીકે લઈને તેનો દુર્વ્યય કરે છે. આનાથી સાર્વભૌમત્વ સત્તા ધરાવતી સરકારો પોતાનું દેવું ન ચૂકવી શકવાના કારણે નાદારી નોંધાવે છે. ચલણનું ખૂબ મોટું અવમૂલ્યન થાય છે. ચીજ-વસ્તુઓની તંગી સર્જાય છે. મોંઘવારી માઝા મૂકે છે. કાયદો-વ્યવસ્થા ભાંગી પડે છે. અગાઉ ગ્રીસ, વેનેઝુએલા, હૈતી જેવા દેશોએ આવો કડવો અનુભવ કર્યો હતો. તાજેતરમાં ચીનના દેવાની જાળમાં ફસાયેલા શ્રીલંકાએ આવો અનુભવ કર્યો છે. પાકિસ્તાન સમગ્ર વિશ્વમાં સહાય માટે હાથ ફેલાવી નાદારીમાંથી બચવા માટે હવાતિયાં

મારે છે. બૅંકો નબળી પડે ત્યારે કાર્યકારી મૂડીના અભાવે ઉદ્યોગ-ધંધામાં મંદી આવે છે. સ્ટૉકના મૂલ્યમાં ઘટાડો થતાં બૅંકો વધારાના ‘માર્જિન મની’ ધિરાણ લેનારાનો હિસ્સો જમા કરાવવા તાકીદ કરે છે, માંગ અને પુરવઠાવ્યવસ્થા ખોરવાઈ જાય છે. અનેક લોકોની છટણી કરી દેવાતાં બેરોજગારી વધે છે. બૅંકોની બેદરકારી દેશના અર્થતંત્રનાં મૂળિયાં હચમચાવી નાખે છે. બૅંકોની નિષ્ફળતા એક દેશના અર્થતંત્રને નહીં, પણ સંબંધિત વિસ્તારો કે સમગ્ર વિશ્વ માટે સમસ્યાઓ પેદા કરી શકે છે. ખાસ કરીને વિશ્વમાં સર્વમાન્ય ચલણ યુ.એસ. ડૉલરના મહત્ત્વની ભૂમિકાને કારણે અમેરિકન બૅંકોની મુશ્કેલીનાં વમળો દુનિયાભરમાં ફેલાય છે. આજે જ્યારે આઠ જેટલી અમેરિકન બૅંકો ભીંસમાં આવી છે ત્યારે વિશ્વનાં અર્થતંત્રો પર ગંભીર પડકારોનાં કાળાં ડિબાંગ વાદળો ઘેરાયાં છે.

અમેરિકાની બૅંકો ઉપરાંત યુરોપની અનેક બૅંકોની હાલત કથળી છે – ખાસ કરીને વિશ્વની વીમા કંપનીઓનો પુનઃ વીમો (રિ-ઇન્સ્યૉરન્સ) લઈને સ્થિરતા પૂરી પાડતી, સૌથી સજ્જ અને સક્ષમ એવી ક્રેડિટ સ્યુઝ (Credit Suisse) સ્વિટ્ઝર્લૅન્ડની નાણાકીય સંસ્થાએ અબજો ડૉલરનું નુકસાન નોંધાવ્યું છે. ક્રેડિટ સ્યુઝ નિષ્ફળ જવાની શક્યતા જાહેર થતાં જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે. બૅંકોની નિષ્ફળતા માટે ધિરાણ માંગનારાની અવાસ્તવિક આશાઓ અને આગાહીઓ અને સારું એવું વ્યાજ કમાઈ લેવાની બૅંકોની લાલચ જવાબદાર છે. અનેક લોકો બૅંકોમાં ચાલતા ભ્રષ્ટાચારને પણ જવાબદાર ગણે છે.

વર્તમાન યુગમાં વિકાસની ભૂખ સંતોષવા માટે આપણે ચાવી ન શકીએ કે પચાવી ન શકીએ તેટલું ભોજન કરવાનો દુરાગ્રહ રાખીએ છીએ. વિકાસ ક્રમશઃ અને ધીમી ગતિએ થાય તેમાં કશું નુકસાન નથી. ઝડપની મજા એક મોટી સજા ન બની જાય તેની આપણે સૌએ કાળજી રાખવાની છે. સદ્નસીબે ત્રણ-ચાર વર્ષ પહેલાં ભારતીય બૅંકોમાં વસૂલી ન શકાય તેવી રકમો ખૂબ મોટી હતી. બૅંકોએ વસૂલાત દ્વારા, સરકારી સહાય દ્વારા અને કરકસરથી કટોકટીને ખૂબ સફળ રીતે પાર કરી છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ બૅંકોની નાણાકીય કટોકટી અને ઘેરી મંદીની શક્યતાને કારણે ભારતના આર્થિક જગત માટે અભૂતપૂર્વ પડકારો ઊભા થયા છે. આજે સૌથી ચેતનવંતું આપણું અર્થતંત્ર આ સંકટમાંથી ઊગરી જશે તેવી શ્રદ્ધા અસ્થાને નથી.

**– પ્રવીણ ક. લહેરી**

---

**(૪૨મા પાનાનું ચાલુ)**

મનનો ઊભરો ઠાલવીને રાહત મળી હોય તેમ લાગતું હતું. જેની નોંધ પ્રભુદાસ ગાંધીએ કરી છે. ગુજરાતી સાહિત્યમાં અર્વાચીન યુગના ઉદયકાળે (૧૭૮૫માં તેમનો જન્મ) ભોજલરામનો શબ્દ પ્રગટ થયો છે અને શાશ્વતીને વર્યો છે. મોટા મોટા બંધોનાં પાણી નહેરો વાટે ખેતર-વાડી સુધી પહોંચે છે. આ રીતે જ સંતોની વાણીમાંથી શાસ્ત્રોનો પ્રવાહ લોકજીવન સુધી પહોંચી શક્યો છે. સંતોની વાણી થકી સમાજજીવન ઉત્પન્ન થયું છે.

**– વસંત ગઢવી**

# ભોજા ભગતની અમરવાણી

આચાર્યશ્રી મનસુખલાલ સાવલિયાલિખિત ‘ભોજા ભગતની વાણી’ પુસ્તક(પ્રવીણ પ્રકાશન-રાજકોટ)નો આસ્વાદ કરવાથી એક અનોખા ભક્તકવિનો માણવા યોગ્ય પરિચય થાય છે. સંતો અને ભક્તકવિઓએ આપણા દેશની સંસ્કૃતિ તથા સંસ્કારિતા ટકાવી રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. નાથ સંપ્રદાયના ઉદય સાથે દેશના જુદા જુદા ભાગોમાં  અધ્યાત્મમાર્ગના અનેક ઉપાસકો જોવામાં આવે છે. આ સંતોનું મહત્ત્વનું પ્રદાન એ તેમની સામાન્યજન સુધીની પહોંચ હતી. શાસ્ત્રોની વાણી સામાન્ય લોકોને સમજવી મુશ્કેલ હતી. આથી આ સંત-કવિઓની સરળ ભાષા સામાન્ય જનસમુદાયને સમજવી સહેલી હતી. તેઓનું નિરંતર ભ્રમણ પણ તેમને સામાન્ય જનની નિકટ રાખતું હતું. શ્લોક તથા લોક વચ્ચેનું અનુસંધાન સંતકવિઓની વાણીના માધ્યમથી થયું છે. સમાજના શ્રમજીવી વર્ગોમાંથી મોટાભાગના ભક્તકવિઓ થયા. આ કારણસર તેમની વાણી વિશેષ પ્રતીતિજનક તેમજ સામાન્ય જનને આકર્ષણ થાય તેવી હતી, વાસ્તવિક હતી. દંભ કે ભ્રષ્ટાચાર સામેનો સ્પષ્ટ અણગમો આ સંતકવિઓનાં કાવ્યોમાં છે. બાહ્ય આડંબર કે વિધિવિધાનમાં માનનારા આ સંતો નથી. ભજન કરવું અને ભોજન કરાવવું તે વાતમાં તેમની અતૂટ શ્રદ્ધા છે. ‘ટુકડો ત્યાં હરિ ઢૂકડો’ એ તેમની સીધી-સાદી સમજ છે.

ભોજા ભગત સૌરાષ્ટ્રમાં રાજકોટ જિલ્લાના જેતપુર પાસેના દેવકી ગાલોલ ગામના હતા તેમ નોંધાયું છે. તેમની કર્મભૂમિ એ અમરેલી જિલ્લાનું ફતેપુર ગામ હતું. એક નિરક્ષર ખેડૂતની અનુભૂતિમાંથી અમૃતતુલ્ય વાણીનું સર્જન થયું છે. મોટા ભાગના સુપ્રસિદ્ધ થયેલા સંતકવિઓનાં જીવન સાથે ચમત્કારની કેટલીક ઘટનાઓ જોડવામાં આવે છે, પરંતુ તેના ખરા-ખોટાની ચકાસણીમાં પડ્યા સિવાય પણ આ સંતોની બળૂકી તથા સત્ત્વપૂર્ણ વાણીને જ એક ચમત્કાર ગણવો જોઈએ.

ભોજા ભગતની અનેક રચનાઓ પરંપરાગત ઢાળમાં રચાયેલી જોવા મળે છે. તેમની વાણીમાં પણ અખાની વાણીનું જ તેજ જોવા મળે છે. સંતો-ભક્તોની આ સમગ્ર પરંપરામાં ગુરુમહિમાનો પ્રતાપ ઘણો મોટો છે. પોતાની વાણીનો આ પ્રવાહ સદ્‌ગુરુની કૃપાના પરિણામે જ વહેતો હોય તેવી તેમની દૃઢ શ્રદ્ધા છે. ભોજા ભગત લખે છે :

આજ મારે હૈયે હરખ ન માય,
મારે ઘેર આવ્યા ગોકુળિયાના રામ.

ગોકુળના નાથ આવ્યા તેનો અતિ આનંદ છે. સાથે સાથે એ વાતનો પણ નમ્રતાપૂર્વક સ્વીકાર છે કે ગુરુપ્રતાપે જ ગોવિંદદર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

સખી! ગુરુએ સામા બતાવ્યા છે શામ,
એમ કાંઈ બોલ્યા છે ભોજલરામ.

ભોજા ભગત ઉપર સરસ્વતીની અસીમ કૃપા હતી તે તેમની કાવ્યગંગોત્રીનું દર્શન કરતાં સમજાય છે. તેમની વાણીમાં અનેક સ્થળોએ પારંપરિક રૂઢપ્રયોગો જોવા મળે છે. ભક્તકવિઓ એક અર્થમાં સમાજસુધારકો હતા. તેમની વાણીમાં કે વર્તનમાં કોઈ જાતિ કે જ્ઞાતિ આધારિત પૂર્વગ્રહ ન હતા. તેઓ અનેક અન્યાયી સામાજિક વ્યવસ્થાઓ સામે બગાવત કરનારા પણ હતા.

ભોજા ભગતનો દેહવિલય ૧૮૫૦માં થયો. ગુજરાતના લોકસમુદાયમાં ભોજા ભગત પ્રસિદ્ધિ તથા પ્રીતિને પામ્યા હતા. અખાના છપ્પાની જેમ ભોજા ભગતના ‘ચાબખા’ સુપ્રસિદ્ધ છે. આ બાબતમાં એક દોહો કહેવાયો છે :

પ્રીતમપદ, ગરબી, દયા, કાફી ધારા મુખ,
પ્રભાતિયાં નરસી તણાં તિમી ભોજલ ચાબૂખ.

હૈયા સોંસરવા ઊતરી જાય તેવા ભોજા ભગતના ચાબખા છે. પોતાને જેવું લાગે તેવું જ સીધેસીધું કહેવાની આ બિનઆડંબરી પ્રથા છે.

મૂરખ! મતિ ફરી તારી રે!
મેલ્યા વિઠ્ઠલ વિસારી રે.
દોલત ભાળી જીવ થયો દીવાનો
બોલે અવળું અહંકારી રે,
પુણ્ય કર્યા વિના પછી તો થઈશ
ભવોભવનો ભિખારી રે.

ભોજા ભગતની મર્મી વાણીની મહાત્મા ગાંધી ઉપરની અસર વિશે મહત્ત્વની ઘટના પ્રભુદાસ ગાંધીએ ‘જીવનનું પરોઢ’ પુસ્તકમાં લખી છે. ગાંધીજીના ભાઈ કરશનદાસના અવસાનના સમાચાર બાપુને આફ્રિકામાં મળ્યા. જે દિવસે આ માઠા સમાચાર આવ્યા તે દિવસની સાંજની પ્રાર્થનામાં સૌએ જોયું કે બાપુના મુખ પર રોજ જોવા મળતી હતી તેવી પ્રસન્નતા ન હતી. થોડા સમય પછી તેમની ગમગીની વધતાં આંખમાંથી આંસુ પણ ખરવા લાગ્યાં. પ્રાર્થના પૂરી થયા પછી આજે બાપુએ ભોજા ભગતનાં બે ભજનો સૌને ગવરાવ્યાં. પહેલા ભજનના શબ્દો હતા :

પ્રાણિયા! ભજી લે ને કિરતાર,
આ તો સપનું છે સંસાર.

ભોજા ભગતના બીજા ભજનમાં એક જુદો પણ પ્રાસંગિક ભાવ જોવા મળે છે.

જીવને શ્વાસ તણી સગાઈ,
ઘરમાં ઘડી ન રાખે ભાઈ.

ભજનનો પાઠ પૂરો થયા પછી બાપુએ ભોજા ભગતના શબ્દોનું વિવેચન કરતાં કહ્યું કે :

‘શરીરની સગાઈ શ્વાસ રહે ત્યાં સુધીની જ છે. શ્વાસ છૂટ્યા પછી શરીરની સગાઈ પણ ફોક થાય છે. બાપુએ કહ્યું કે ભોજા ભગતના આ શબ્દો સમજીને તેને જીવનમાં ઉતારવા જોઈએ. ઈશ્વર જે કરે તેનું માઠું કેમ લાગે!’ બાપુને આ શબ્દો બોલ્યા પછી

**(અનુસંધાન ૪૦મા પાને)**

## પ્રકલ્પ

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા
# અસ્મિતા વિશેષ સંવાદ



**(૧) શ્રી ગુલામ મોહમ્મદ શેખ :**

એક અનેરું વ્યક્તિત્વ, જેની અંગુલીઓ ઉત્તમ સાહિત્ય સર્જે છે અને ક્લાસિક ચિત્રો પણ દોરે છે !! બંને કલાઓમાં એ શીર્ષસ્થ છે. મૂળ સુરેન્દ્રનગરના વતની અને વડોદરાની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના પારંગત શ્રી ગુલામ મોહમ્મદ શેખને મળવાનું અને ગોષ્ઠી કરવાનું ગમે તેવું વિશેષ વ્યક્તિત્વ. તેઓની સિદ્ધિને સાચા અર્થમાં પહેચાનવા માટે તેઓની વડોદરાસ્થિત વૃક્ષોથી આચ્છાદિત હવેલીની નિરાંત જીવે મુલાકાત લેવી રહે. પતિ અને પત્ની બંને ચિત્રસર્જન માટે લગભગ આખો દિવસ પોતે શોખથી બનાવેલા સ્ટુડિયોમાં જ ગુજારે છે. કોરોનાકાળ હળવો થયો કે તરત અમે તેઓના નિવાસે પહોંચ્યા અને તેઓ સાથે રસપ્રદ સંવાદ કર્યો.

શ્રી ગુલામ મોહમ્મદ શેખસાહેબ પોતાના જીવનની ચડતીની વાત કરે છે :

જુઓ, મારા મનમાં બીજું કશું ન હતું. એમ. એફ. હુસૈનને અમે લોકો ભણતા હતા ત્યારે મહેન્દ્રસાહેબે બોલાવ્યા. એમણે આવીને અમારી સામે ચિત્ર બનાવીને દેખાડેલું. બહુ મોટા ગજાના કલાસર્જક, મહેન્દ્રના મિત્ર હતા એટલે આવ્યા અને એમણે ઘોડાનું એક ચિત્ર દોરી દેખાડ્યું. એ સમયે એમની સાથે ઓળખાણ થઈ અને એમને મેં મારાં ચિત્રો બતાવ્યાં. ત્રીજા-ચોથા વર્ષમાં હું કેવું કરતો હોઈશ ? પણ એમણે જોયું અને પછી હું જ્યારે પાંચમા વર્ષમાં આવ્યો ત્યારે મને થયું કે મારા શિક્ષકો તો બહુ મોટા ગજાના કલાકારો છે પણ મારે એમના પડછાયામાંથી બહાર નીકળવું છે. મારે મારી મેળે મારું પોતાનું કશુંક કરવું છે, એટલે કે હું કરું, પણ કેવી રીતે કરું ? મેં પણ ઘોડા દોરવાનું શરૂ કર્યું. હુસૈન તો ઘોડા માટે બહુ જાણીતા છે. પણ એમના ઘોડા એ પ્રકારના કે જે સમયને પાર શું કહેવાય એવા. જેમાં પુષ્કળ ઊર્જા, સ્ફૂર્તિ અને આવેગ ને એ બધું જ છે, એટલે એ કોઈ સમયમાં બંધાયેલા નથી. એ ઘોડા એ માત્ર ઘોડા છે એટલે કે ઊર્જાનાં પ્રતીકો છે. મારો ઘોડો તો જાણે ઘોડાગાડીનો ઘોડો હતો. બિચારું ટાયડું ઘોડું... તેણે ગાડી ખેંચવાની. એટલે મારો ઘોડો તો જાણે હજુ ફરે છે અને શોધ્યા કરે છે કંઈક અને એનું મોઢું ખુલ્લું છે. જે અર્થમાં કહો તે અર્થમાં. અમુક રીતે કહીએ

તો જાણે કે મારું પોતાનું જ પ્રતિબિંબ ! હું દુનિયામાંથી કશુંક શોધવા માંગતો હતો અને એ શોધવા માટે મારી પાસે કશું નહોતું તો ઘોડો હાથમાં આવ્યો અને ઘોડા દ્વારા મેં આખી દુનિયા જોઈ. એ અરસામાં મેં લગભગ ૧૦૦ - ૨૦૦ ચિત્રો કર્યાં. ખૂબ કામ કરતો. સૌથી મોટી ફાઇન આર્ટ્સ કૉલેજની એ ખૂબી કે ચોવીસ કલાક આખી સંસ્થા ખુલ્લી રહે. તમારે આખો દિવસ ગમે ત્યારે ત્યાં કામ કરવું હોય તો કરી શકો. અને પછી ચિત્ર માટેની સામગ્રી તો આમતેમ ઠેબાં મારીને પણ અમે શોધી લેતા, મળી જતું બધું... પચાસ રૂપિયાની સ્કૉલરશિપ મળી કે ન મળી, ઘણી વાર મળે, ઘણી વાર ક્લાર્ક ખાઈ જાય તોપણ મેં ગમે તેમ કરીને મારું કામ ચલાવ્યું અને ચિત્રો કરતો રહ્યો. એટલાં બધાં ચિત્રો કર્યાં કે પછી મને એમ થયું કે મારે મારાં ચિત્રોનું પ્રદર્શન કરવું જોઈએ અને મેં મુંબઈમાં જહાંગીર આર્ટ ગૅલરી બુક કરાવી. પછી એમ. એફ. હુસૈનને લખ્યું કે મારે મારાં ચિત્રોનું પ્રદર્શન કરવું છે. તમને નવાઈ લાગશે પણ ૧૯૬૧નું મારું પહેલું પ્રદર્શન જહાંગીર આર્ટ ગૅલરીમાં થયું. એનું ઉદ્‌ઘાટન એમ. એફ. હુસૈને કરેલું. તેઓ આવ્યા, કવિતા વાંચી. મને તો કલ્પના નહીં કે કવિતા એવું બધું એ પોતાની મેળે લખતા હતા.

મારું પહેલું પ્રદર્શન થયું એમાંય મારાં બે ચિત્રો વેચાયેલાં. વકીલ ઍન્ડ સન્સે મારાં ચિત્રોનું પોસ્ટકાર્ડ પણ છાપેલું. પિક્ચર પોસ્ટકાર્ડ છાપેલું. મેં માન્યું કે કંઈ નહોતું છતાં પણ આટલું તો હતું ને..!! અને હું જ્યારે મુંબઈ ગયો ને આર્ટ ગૅલરીમાં પ્રદર્શન ખોલ્યું ત્યારે કેટલા બધા લોકો હતા ! તમને નવાઈ લાગશે કે ઇબ્રાહીમ અલ્કાઝી, અલ્કાઝી જે NSDના ડિરેક્ટર, એ તે વખતે ભોળાભાઈ મેમોરિયલ ઇન્સ્ટિટ્યૂટમાં બેસતા અને વ્યાખ્યાનો આપતા અને ઘણું બધું કરતા અને એમનું થિયેટર પણ ચાલતું હતું. તેઓ મારું પ્રદર્શન જોવા આવ્યા હતા ને પ્રદર્શનનાં શીર્ષકો વાંચીને એટલા બધા ખુશ થયા અને મને પૂછેલું કે, 'તું વાંચે છે ?' અને મેં એમને થોમસની વાત કરી તો એટલા બધા ખુશ થઈ ગયા કે આટલી બધી તને ખબર છે ? મેં કીધું, 'આ મારા ગુરુ તો સુરેશ જોશીએ તો મલ્હારમેં, રિલ્કે, પાબ્લો મેરુદા, પાશ આ બધાની કવિતાઓ એમણે અમારા સુધી પહોંચાડી છે અને એમનાં સામયિકોમાં તો મેં લખ્યું છે.' મને ઘરે બોલાવ્યો રાતે. મારી ઉંમર કેટલી એ તમે ગણો ૨૪ વર્ષ અને આ બધાનો પરિચય મને થયો એટલે મોટા ગજાના કલાકારોનો પરિચય થયો.

મને હવે તો પાકું થયું કે મારે કલાકાર જ થવું છે પૈસો મળે કે ન મળે એ જુદી વાત છે. ક્યાંક તો તમારે ગાંઠ બાંધવી જ પડે ને ! ક્યાંક તો તમારે નક્કી કરવું પડે ને કે શું કરશો તમે ?

**(૨) શ્રી ડૉ. પંકજ જોશી :**

ખગોળશાસ્ત્રને ધરમૂળથી આત્મસાત્ કરનાર ડૉ. પંકજ જોશી, એવા આંતરરાષ્ટ્રીય વિજ્ઞાની છે કે તેઓ વાત કરે ત્યારે કોઈ પ્રકાંડ શાસ્ત્રી વાત કરતા હોય તેવો ભાવ પ્રગટે. પંકજભાઈ વિજ્ઞાની ખરા, પણ તેઓ અધ્યાત્મને પણ વિજ્ઞાનની મદદથી એવી



રીતે સમજાવે કે બાળકથી લઈને સિનિયર સિટીઝન સુધીની પ્રત્યેક વ્યક્તિને જટિલ બાબત પણ ગળે ઊતરે. મુંબઈના TIFRના સાયન્ટિસ્ટ પંકજભાઈએ ખગોળવિજ્ઞાનમાં ઑથૉરિટી ગણાય તેવું સંશોધનાત્મક પ્રદાન કર્યું અને વિશ્વસ્તરે તેઓને માન અને સન્માન મળ્યાં. આમ છતાં તેઓ એકદમ down to earth વ્યક્તિ. પૂરી સહજતાથી એ કોઈની પણ સાથે સંવાદ કરી શકે. અસ્મિતા વિશેષ સંવાદ દરમિયાન પણ તેઓની સાદગી અને નિખાલસતા સ્પર્શી ગઈ. તેઓ અમેરિકાનો એક અનુભવ વર્ણવે છે તે માણીએ :

એક વખત હું ધીરજરામ શાસ્ત્રીજીની સાથે વાત કરતો હતો. જ્યારે M.Sc. પૂરું કર્યું ને ત્યારે મેં એમને કહ્યું કે, 'હવે મારે આ બધું મૂકી દેવું છે. વિજ્ઞાન અને ગણિતનું સંશોધન નથી કરવું અને આપણાં જે શાસ્ત્રો છે એના અધ્યયનમાં મારે લાગી જવું છે.' મારા મનમાં તો એમ હતું કે પોતે જ્યોતિષના વિદ્વાન, આયુર્વેદના વિદ્વાન અને શાસ્ત્રીજીની ડિગ્રી ધરાવે છે તો એ મને કહેશે કે, હા હા બહુ સારું.. (એક નવો ચેલો મળ્યો એમ) એ મને કહે કે, 'શું ફેર પડે છે ? અત્યાર સુધી વ્યવહારમાં આ ગણિતનો પરિચય છે તે ચાલુ રહેવા દે, તો મેં કીધું, 'પણ શાસ્ત્રોનું અધ્યયન...' તો મને કહે, 'એ અંદરથી સૂક્ષ્મ રીતે થઈ જશે.' આ શાસ્ત્રીજીએ આવું કહ્યું એટલે ટૂંકમાં એણે મને હા ન પાડી. બીજી બાજુ મકરંદભાઈ (સાંઈ મકરંદ) સાથે એક વાર વાત કરી. 'મકરંદભાઈ આટલી બધી ચર્ચાઓ અને આપણે મળીએ અને આ બધી જાતજાતની આ બધી વાતો ને હું આ વિજ્ઞાનમાં ક્યાંથી ઘૂસી ગયો? ત્યારે મકરંદભાઈ મને કહે છે કે, 'કેમ પંકજ, તને એ ખબર નથી કે ઈશ્વર પોતે મોટો વિજ્ઞાની છે !' હમણાં જ્યારે છેલ્લી વાર માધવપ્રિયદાસજી આવ્યા હતા અને વિશ્વકોશનું કશુંક ઉદ્‌ઘાટન હતું એ સમયે કુમારપાળભાઈ કહે કે, 'તમે વિજ્ઞાનના માણસ છો.' પણ ત્યારે આ જ વાત અમારે થયેલી કે આ જે સમન્વય છે એ આજની પરિસ્થિતિમાં, વધારે તો આપણાં બાળકોને અને આપણા યંગ પીપલને આપણે કેવી રીતે સમજાવીશું ? આજે એમને કહીશું કે પાંચ માળા કરી લો, પૂજામાં જઈને બેસો તો એમ કશું નહીં થાય. એમને તમારે વિજ્ઞાન દ્વારા ધર્મ આપવો પડશે ને એમાં કોઈ વિરોધ નથી. એમાં કોઈ પરંપરાને કોઈ નુકસાન નથી, ઊલટું એ પરંપરાને સાચી રીતે સમજતાં શીખશે. તમે એવું કહો કે, અમે શું કામ વિજ્ઞાન દ્વારા અધ્યાત્મને આપીએ ?? તો એમાં કોઈ નીચા નથી થતા. તમે એક જુદી પદ્ધતિ શીખવો છો. અને આપણે ત્યાં જુદી જુદી પદ્ધતિ તો હંમેશાં સ્વીકારાઈ છે. આપણાં ઉપનિષદોમાં તો હંમેશાં પ્રશ્નોત્તરની પરંપરા રહી છે. એટલે આ વસ્તુ જે છે એ બહુ જરૂરી છે.

**— સંકલન ભદ્રાયુ વછરાજાની**

# બિગ ડેટા
# વપરાશકર્તાનું ડિજિટલ પગેરું !

ડેટા સુરક્ષિત હોવાના ગમે એટલા દાવા થતા હોય, પરંતુ હકીકત એ છે કે કરોડો યુઝર્સનો ડેટા જગતની કોઈ તિજોરીમાં સલામત નથી. દિવસે દિવસે બિગ ડેટાની તફડંચીનો મામલો ખતરનાક અને બિહામણો બનતો જાય છે...

'ડેટા એવી મૂલ્યવાન વસ્તુ છે, જે ટૅક્નૉલૉજી અને સિસ્ટમ કરતાં પણ વધારે સમય રાજ કરશે.'

વર્લ્ડ વાઈડ વેબના શોધક ટીમ બર્નર્સ-લીનું આ વિખ્યાત વાક્ય દિવસે દિવસે પ્રસ્તુત બનતું જાય છે. 'યુઝર્સનો ડેટા સલામત છે' - એ આશ્વાસન દુનિયાભરની ટૅક્નૉલૉજી-સોશિયલ મીડિયા કંપનીઓ, સરકારો ભલે આપતી હોય, પરંતુ એ ભ્રમથી વિશેષ કશું નથી. ડેટા સલામત રાખી શકે એ વ્યક્તિ ટૅક્નૉલૉજી સાથે તાલ મિલાવી શકે તેમ નથી, ટૅક્નૉલૉજી સાથે તાલ મિલાવી શકનારાનો ડેટા સલામત રહી શકે તેમ નથી. આજની તારીખે બંને બાબતો એકસાથે શક્ય નથી. વર્લ્ડ વાઈડ વેબ- (ડબલ્યુડબલ્યુડબલ્યુ)ની ક્રાંતિ થઈ ત્યારે કલ્પના પણ નહોતી કે બે-અઢી દશકામાં યુઝર્સના ડેટાનો મુદ્દો આટલો સંવેદનશીલ અને આટલો મહત્ત્વનો બની જશે. ડેટા અને ડિજિટલાઈઝેશન એકબીજાના પર્યાય બની ગયા છે. કોઈ યુઝર ઈચ્છે તોપણ એને અલગ પાડી શકે તેમ નથી.

જેમ પરમાણુ હથિયાર બનાવતી વખતે એની વિનાશકતાનો સંપૂર્ણ અંદાજ લગાવી શકાયો ન હતો, લગભગ એવું જ ટૅક્નૉલૉજીની ક્રાંતિ અને યુઝર્સના ડેટા બાબતે થયું છે. શરૂઆતમાં કમ્પ્યૂટર સાયન્ટિસ્ટ્સને એવો અંદાજ નહોતો આવ્યો કે કમ્પ્યૂટર્સ, લૅપટૉપ, મોબાઈલફોન, સ્માર્ટફોન, ટેબ, સ્માર્ટવૉચ, સોશિયલ મીડિયા, મૅસેજિંગ એપ્સના તબક્કાવાર વિકાસ સાથે વ્યક્તિની અંગત માહિતી અભિન્ન રીતે જોડાઈ જશે અને તેને અલગ કરવાનું અશક્ય બની જશે.

એક ડિવાઈસમાં એક માહિતી, તેની સાથે બીજી માહિતી, તેની સાથે ત્રીજી માહિતી અને એમ યુઝર્સના ડેટાનાં એટલાં પડ રચાઈ ગયાં કે એમાંથી એક નવી વ્યાખ્યા બની, જેને નામ મળ્યું બિગ ડેટા.

***

'ડેટા' એટલે કોઈ વ્યક્તિ, કંપની કે સંસ્થાને લગતી મૂળભૂત-મર્યાદિત માહિતી. નામ, સરનામું, સંપર્ક નંબર, કંપનીનું નામ, આઈડી કાર્ડની વિગતો વગેરે 'ડેટા'ની વ્યાખ્યામાં આવે છે.

'બિગ-ડેટા' એટલે આ બધી જ માહિતી, પરંતુ જથ્થાબંધ. એને તારવવી મુશ્કેલ પડે એટલી માહિતીનો વિશાળ જથ્થો. બિગ ડેટા શબ્દ ૧૯૯૦ના દશકા પછી પહેલી

વખત વપરાયો હતો. આ શબ્દને કોઈન કરવાનો જશ અમેરિકન કમ્પ્યૂટર સાયન્ટિસ્ટ જ્હોન મેશીને આપવામાં આવે છે. ડેટા ઍનાલિસિસ કરતાં સૉફ્ટવૅરની ક્ષમતાથી વધુ પ્રમાણમાં ડેટા એકઠો થાય એને કમ્પ્યૂટર સાયન્સની




પરિભાષામાં ‘બિગ ડેટા’ કહેવામાં આવે છે.

માની લો કે ‘ડેટા’ એ છૂટક અનાજ-કરિયાણાની દુકાન છે, તો ‘બિગ ડેટા’ એ મૉલ છે! ડેટાની વ્યાખ્યામાં બિગ ડેટાનો સમાવેશ થતો નથી, પરંતુ બિગ ડેટામાં ડેટાની વ્યાખ્યા આવી જાય છે. બિગ ડેટા એટલે એકથી વધુ યુઝર્સની એકથી વધુ પ્રકારની માહિતીનો ભંડાર. બિગ ડેટામાં તમે ફેસબુકમાં શું કર્યું એની ડિજિટલ ફૂટપ્રિન્ટ હોય છે ને ગૂગલમાં શું સર્ચ કર્યું એનીય માહિતી હોય છે. એમેઝોન-ફ્લિપકાર્ટમાંથી શું ઑર્ડર કર્યું એની માહિતી સાથે સ્વિગી-ઝોમાટોમાંથી કઈ વાનગી ઘરે મંગાવીને આરોગી એ વિગતોય મળે છે. યુપીઆઈથી કયા શહેરની કઈ દવાની દુકાને કેટલું પેમેન્ટ કર્યું એ પણ એમાંથી મળી શકે છે ને મહિના દરમિયાન શહેરનાં કેટલાં સ્થળોની મુલાકાત કરી એની જાણકારી પણ મળે છે.

ટેક્સ્ટ મૅસેજથી લઈને, મોબાઈલ નંબર, ફોટા, વીડિયો, ઓડિયો, ડૉક્યુમેન્ટ્સ સુધી બધું જ બિગ ડેટા કહેવાય છે. આ એવો ડેટા છે કે એનું પ્રોસેસ કરવાનું કામ અઘરું છે, તેને અલગ પાડવાનું કામ કપરું છે અને તેને સમજવાનું કામ અતિશય મુશ્કેલ છે. આ પ્રક્રિયા સમય માંગી લેતું કામ છે, પણ આ ડેટાથી યુઝર્સની મોટાભાગની ઍક્ટિવિટી જાણી શકાય છે. કોઈ એક વપરાશકર્તા કે વપરાશકર્તાનું જૂથ શું વિચારે છે, તેની પસંદ-નાપસંદ શું છે, એ સમજી શકાય છે અને દુનિયામાં બદલાતા ટ્રેન્ડ્સથી માહિતગાર રહી શકાય છે. ફેસબુક, વૉટ્સએપ, ટ્વિટર, ઈન્સ્ટાગ્રામ વગેરેમાં જે સતત અપલૉડ/ફોરવર્ડ થાય છે તે બિગ ડેટાની મદદથી જાણી શકાય છે, તેના પરિણામે જ કયા ટ્રેન્ડ હેઠળ કેટલા વીડિયો બન્યા, રીલ્સ બની તેની માહિતી ગણતરીની પળોમાં મળી જાય છે.

દુનિયામાં અલગ અલગ પ્લૅટફૉર્મ્સમાં દરરોજ ૪૭૦ કરોડ ઍક્ટિવ યુઝર્સ છે. ગૂગલમાં જ વર્ષે બે ટ્રિલિયન સર્ચ થાય છે. એ સિવાયના બ્રાઉઝર્સમાં ૩૬૫ દિવસમાં ૬૦૦ કરોડ કરતાં વધુ ઈન્ટરનેટ સર્ચ થાય છે. આ યુઝર્સ સતત તેમની ડિજિટલ ફૂટપ્રિન્ટ જનરેટ કરે છે અને તેના કારણે બિગ ડેટાનો વિશાળ જથ્થો સર્જાતો રહે છે. એક અંદાજ પ્રમાણે દરરોજ ૧.૧૫ ટ્રિલિયન એમબી બિગ ડેટાનું સર્જન થાય છે.

ફેસબુકના ઍક્ટિવ યુઝર્સ દરરોજ એવરેજ ૪૫ મિનિટ પ્લૅટફૉર્મમાં સક્રિય રહે છે

અને તેના કારણે મહિને ૨ જીબીનો ડેટા બને છે. યુઝર્સના આંકડાની રીતે ઇન્સ્ટાગ્રામ ફેસબુકથી ભલે પાછળ હોય છતાં ઇન્સ્ટા યુઝર્સ મહિને ત્રણ જીબી ડેટા સર્જે છે. આ ડેટામાં શું સર્ચ કર્યું, કેટલી વાર સુધી કોઈ પ્રોફાઇલમાં વીડિયો-ફોટો જોયા એ બધી જ વિગતોનો સમાવેશ થાય છે. વૉટ્સએપમાં દરરોજ ૪.૧ કરોડ મૅસેજની આપ-લે થાય છે અને તેના કારણેય મહિને સેંકડો યુઝર્સનો અસંખ્ય જીબી બિગ ડેટા બને છે. એક ઉદાહરણ જોઈએ, ન્યૂયૉર્ક સ્ટૉક એક્સચેન્જ રોજ એક ટેરાબાઇટ ડેટા જનરેટ કરે છે. તેના પરથી અંદાજ લગાવી શકાય છે કે દરરોજ કેટલી ઝડપે બિગ ડેટાનું સર્જન થાય છે. દુનિયાનો ૭૦ ટકા બિગ ડેટા માત્ર છેલ્લાં સાત વર્ષમાં જનરેટ થયો છે.

***

ટૅક્નૉલૉજીની ક્રાંતિ ઝડપભેર થતી હતી ત્યારે બિગ ડેટા આડપેદાશ હતી. તે વખતે કમ્પ્યૂટર સાયન્ટિસ્ટ્સને એવો વિચાર નહોતો આવ્યો કે બિગ ડેટાથી મોટા સમૂહની પસંદ-નાપસંદ જાણવા ઉપરાંત તેમનો ઓપિનિયન પ્રભાવિત કરી શકાય છે અને ચોક્કસ હેતુથી આ ડેટાનો ઉપયોગ કરીને મોટું નેટવર્ક બનાવી શકાય છે. તે વખતે આડપેદાશ સ્વરૂપે મળતો ડેટા આજે સેંકડો ટૅક્નૉલૉજી કંપનીઓ માટે મુખ્ય પેદાશ છે! આજે હજારો-લાખો એપ્સ બને છે અને એની પાછળનો મુખ્ય હેતુ બિગ ડેટા મેળવવાનો હોય છે. એ ડેટા માર્કેટિંગના હેતુથી કંપનીઓને વેચીને કે પછી એનો બિઝનેસ મૉડલમાં ઉપયોગ કરીને અબજોની કમાણી થાય છે.

દુનિયાભરની સરકારો પણ બિગ ડેટા બાબતે ઊંઘતી ઝડપાઈ છે. કરોડો યુઝર્સના ડેટા પર ટૅક્નૉલૉજી કંપનીઓએ મોટું સામ્રાજ્ય ખડું કરી દીધું પછી રહી રહીને સાઇબર એજન્સીઓને આ પેચીદો મામલો સમજમાં આવ્યો હોવાથી વારંવાર મોટી કંપનીઓ પર ડેટા પ્રાઇવસી મુદ્દે સકંજો કસવાના બનાવો વધ્યા છે. નાગરિકોના ડેટા બાબતે હવે સરકારી પૉલિસી બનવા લાગી છે, કાયદા બન્યા છે ને લોકો ખુદ જાગૃત થયા છે છતાં મોડું થઈ ચૂક્યું છે એ હકીકત તો સ્વીકારવી જ રહી.

બિગ ડેટાનું ઍનાલિસિસ કરીને યુઝર્સની પસંદ પ્રમાણે જાહેરાત મૅનેજ કરી શકાય છે. તેને શું બતાવવું, શું ન બતાવવું તે નક્કી કરી શકાય છે. ઑર્ગેનાઇઝેશન ઈમ્પ્રૂવમેન્ટના નામે સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ બિગ ડેટા મેળવે છે અને પછી એ ડેટાનું ઍનાલિસિસ કરીને યુઝર્સનો ઓપિનિયન પ્રભાવિત કરે છે. ૨૦૧૦ પછી દુનિયાની કેટલી ચૂંટણીપ્રક્રિયામાં બિગ ડેટાએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

સરળ શબ્દોમાં કહીએ તો બિગ ડેટા એટલે દરેક યુઝર્સનું ડિજિટલ પગેરું, ડિજિટલ ફૂટપ્રિન્ટ. તેનો ઉપયોગ આપણી ધારણા કરતાં પણ વધારે ખતરનાક રીતે થઈ રહ્યો છે. બિગ ડેટાને યુઝર્સની પ્રાઇવસી સાથે સીધો સંબંધ છે. યુઝર્સે પોતાનો ડેટા જાતે મૅનેજ કરતાં શીખવું પડશે. ૨૧મી સદી ટૅક્નૉલૉજીની સદી છે એટલે આગામી સમયમાં ડિજિટલ સાક્ષરતા પણ અનિવાર્ય થઈ પડશે.

**– હર્ષ મેસવાણિયા**

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા ‘અસ્મિતા વિશેષ સંવાદ’માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૧૨ એપ્રિલ, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી ગુલામ મોહમ્મદ શેખ (સમયમર્યાદા : ૧ કલાક, ૩૭ મિનિટ)

◈ **૨૬ એપ્રિલ, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી પંકજ જોશી (સમયમર્યાદા : ૧ કલાક, ૩૫ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

### શ્રી ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિ

◈ **૬ એપ્રિલ, ૨૦૨૩, ગુરુવાર : સાંજના ૫-૩૦**
શ્રી ચંદ્રવદન મહેતાની જન્મજયંતી નિમિત્તે આયોજિત વ્યાખ્યાન.
વિષય : ચંદ્રવદન એક ચીજ
વક્તા : શ્રી શૈલેશ ટેવાણી

### શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ

◈ **૮ એપ્રિલ, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

શિક્ષણ, ઉદ્યોગ તથા વહીવટીક્ષેત્રે તથા સમાજોપયોગી સંસ્થાઓમાં મહત્ત્વનું પ્રદાન કરનાર શ્રી ચીનુભાઈ આર. શાહની પુણ્યસ્મૃતિમાં અપાતો ‘શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ’ પ્રાકૃતિક ખેતીમાં આગવું પ્રદાન કરવા માટે શ્રી ગોપાલભાઈ સૂતરિયાને અર્પણ કરવામાં આવશે.

### શ્રી કંચનભાઈ પરીખ વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૯ એપ્રિલ, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : ઈસરો : સિદ્ધિ અને સંકલ્પના
વક્તા : શ્રી ચિંતનભાઈ ભટ્ટ

### વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

◈ **૨૯ એપ્રિલ, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

ગુજરાતના જાણીતા ચિત્રકાર અને લોકકલાવિદ શ્રી હકુ શાહની અંતરંગ કથા ‘માનુષ’(આલેખન : પીયૂષ દઈયા અને અનુવાદ : મોહન દાંડીકર)નો લોકાર્પણ સમારોહ. આ પ્રસંગ અમિત અંબાલાલ, માધવ રામાનુજ, અનિલ રેલિયા, પારુલ દાંડીકર અને ભદ્રાબહેન સવાઈની ઉપસ્થિતિમાં યોજાશે.

## આસ્વાદ

◈ ૧૬ એપ્રિલ, ૨૦૨૩, રવિવાર : સવારના ૧૦-૦૦

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'સાહિત્ય, કલા અને ટૅક્નૉલૉજી' વિશે કમ્પ્યૂટર વિજ્ઞાની અને અમદાવાદ યુનિવર્સિટીના સ્કૂલ ઑફ એન્જિનિયરિંગના ડીન ડૉ. સંજય ચૌધરીનું વક્તવ્ય.

---

## સ્મૃતિપારિતોષિક અને પ્રવચન



**પોપટલાલ હેમચંદ શેઠ**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતના સંસ્કારપુરુષ શેઠ શ્રી પોપટલાલ હેમચંદ સ્મૃતિપારિતોષિક તથા સંસ્કારલક્ષી પ્રવચનનું પ્રતિવર્ષ આયોજન કરવામાં આવશે. શેઠશ્રી પોપટલાલ હેમચંદે પોતાના ૭૪ વર્ષના જીવનકાળ દરમિયાન વ્યાપાર-ઉદ્યોગમાં અસાધારણ સફળતા મેળવી હતી, પરંતુ જીવનમાં માત્ર અર્થોપાર્જન કરવા ઉપરાંત વારસામાં મળેલી સમાજ માટેની નિસબતને કારણે અમદાવાદમાં જૈનસમાજ અને અન્ય સમાજને ઉપયોગી થાય એવાં સેવાકાર્યો કર્યાં હતાં. એમનો વિદ્યાપ્રેમ એવો હતો કે કોઈ વિદ્યાભ્યાસુને માત્ર આર્થિક સહાય જ નહીં, પરંતુ ભોજન અને નિવાસની સુવિધા આપીને પ્રોત્સાહિત કરતા હતા. એમણે ભો. જે. વિદ્યાભવનમાં 'પોપટલાલ હેમચંદ જૈન વ્યાખ્યાનમાળા' માટે તેમજ શિષ્યવૃત્તિ અર્થે સારી એવી રકમ આપી હતી.

પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી, ગટુભાઈ ગોપીલાલ ધ્રુવ, કે. કા. શાસ્ત્રી, પ્રો. ફિરોઝ દાવર વગેરે સાથે એમનો ઘરોબો હતો અને એમની સાથે વખતોવખત વિચારવિમર્શ કરતા હતા. અમેરિકાની બર્કલે યુનિવર્સિટીના અધ્યાપક એવા જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના વિદ્વાન ડૉ. પદ્મનાભ જૈનીને વધુ અભ્યાસ અર્થે નિવાસની અને ભોજનની સઘળી સગવડ આપી હતી. જેને પરિણામે પદ્મનાભ જૈનીએ નચિંત થઈને એમ.એ., પીએચ.ડી. કર્યું. બનારસ, લંડન અને છેલ્લે અમેરિકામાં અધ્યાપક અને સંશોધક તરીકેની એમની વિદ્વત્તા પોંખાઈ હતી. આવા શ્રી પોપટલાલ હેમચંદ શાહ વિદ્યાવ્યાસંગી, ધર્માનુરાગી અને સમાજ પ્રત્યેના ઉત્તરદાયિત્વ વિશે જાગૃત સંસ્કારપુરુષ હતા અને એમની સ્મૃતિમાં શ્રી હેમંતભાઈ રાણા પરિવાર તરફથી મળેલા સહયોગ દ્વારા વિશ્વકોશ સંસ્થા તરફથી પુરસ્કાર આપવામાં તેમજ વ્યાખ્યાન યોજવામાં આવશે.




કવિ શ્રી ઉદયન ઠક્કરનાં કાવ્યોની નાટ્યાત્મક પ્રસ્તુતિ : અમર ભટ્ટ,
અર્ચન ત્રિવેદી, ઉત્કર્ષ મઝુમદાર અને ઉદયન ઠક્કર




અમદાવાદના સ્થાપનાદિવસ નિમિત્તે
'નોખું-અનોખું અમદાવાદ'
વિશે ડૉ. માણેક પટેલ 'સેતુ' દ્વારા વક્તવ્ય



'પ્રદૂષણની અર્થતંત્ર પર અસર'
વિશે મહેશ પંડ્યા

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. Posted at Ahd PSO On 5th every month.





## વિશ્વકોશ અને ધીરુબહેન





આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.